# સંકલન

3

: સંપાદક :

**વિનિયોગ પરિવાર**

૧૩,ગોપાલ સદન, ૧લે માળે,

શ્રી સંભવનાથ જૈન દેરાસર લેન,

બોરીવલી (પશ્ચિમ), મુંબઈ- ૪૦૦ ૦૯૨

ફોન: ૮૦૭ ૭૭ ૮૧, ૮૦૭ ૭૬ ૧૬

# વિનિયોગ પરિવાર

## સંકલનની સાંકળ


| | ક્રમાંક |
|---|---|
| ૧. ગુજરાતમાં ગોવંશની કતલ ઉપર પ્રતિબંધ...... | ૧-૨ |
| ૨. પશુવધ-પશુશક્તિ સંબંધી વિશેષ જાણકારી...... | ૩થી૭ |
| ૩. માણસના ખોરાક તરીકે કૂતરાની નિકાસ......... | ૮. |
| ૪. તમામ જીવોનો વેપાર કરતો માનવી......... | ૯. |
| ૫. ઉમદા પશુધનને નાશ કરનારું ષડ્યંત્ર..... | ૧૦-૧૧ |
| ૬. આપણે આપણો લીમડો પણ બચાવવો પડશે...... | ૧૨-૧૩ |
| ૭. પર્યાવરણ સુરક્ષા સંબંધી............. | ૧૪-૧૫ |
| ૮. દૈનિક ખોરાકમાં ઝેરનું પ્રમાણ........... | ૧૬. |
| ૯. આધુનિક દર્દ, દવા, દર્દી તથા ડૉક્ટર અંગે.......... | ૧૭. |
| ૧૦. ફાસ્ટફૂડ કેટલું સલામત ?.......... | ૧૮. |
| ૧૧. હવે રોટલીનું કારખાનું ............ | ૧૯. |
| ૧૨. શિક્ષણ અંગે.................... | ૨૦-૨૧ |
| ૧૩. ગાંધીવાદી વિચારધારા અંગે......... | ૨૨. |
| ૧૪. ભૂકંપ અને વિશ્વબેંક.............. | ૨૩. |

વિનિયોગ પરિવાર

3

સંકલનની સાંકળ


| | ક્રમાંક |
|---|---|
| ૧૫. દાનનો પ્રવાહ બદલો.......... | ૨૪-૨૫ |
| ૧૬. પુસ્તક સમીક્ષા.......... | |
| અ) "વિશ્વમંગલ ગ્રંથમાળા" અંગે પ્રખ્યાત-સર્જક, ચિત્રકાર અને કાર્ટૂનિસ્ટ – શ્રી આબિદ સુરતીનો અભિપ્રાય.......... | ૨૬-૨૭-૨૮ |
| બ) "સ્વદેશી" પુસ્તક અંગે વિરેન્દ્ર પરીખનો અભિપ્રાય.......... | ૨૯-30 |


તારીખ : 30-૧૧-૯3.

**સંકલન ખર્ચ : રૂા. ૧૧=૦૦**

(૧)

VINIYOG

# ગુજરાતમાં ગાય, બળદ અને વાછરડા એ તમામની કતલ ઉપર પ્રતિબંધ આવે છે

સમકાલીન
૨૩/૯/૯૩
ગુરૂવાર
પાનાનં. ૧

ગાંધીનગર, તા. ૨૨ (યુ. એન. આઇ.) : હિંસા નિવારણ સમિતિ અને પશુ હકના કાર્યકરોના સતત દબાણને વશ થઇને ગુજરાત કેબિનેટે આજે ગાય તથા વાછરડાં, આખલા તથા બળદો જેવાં તેના વંશ કતલ પર પ્રતિબંધ મૂકતો વટહુકમ પસાર કર્યો છે. અહીં આ અંગે માહિતી આપતાં મુખ્ય પ્રધાન ચીમનભાઇ પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે રાજ્યપાલ ડૉ. સરૂપ સિંહ આ વટહુકમ પર સહી કરશે તેની સાથે જ આવતી કાલથી આ વટહુકમ ધારો બની જશે. તેમણે કહ્યું હતું કે હાલ પાટનગર દિલ્હીમાં તબીબી સારવાર લઇ રહેલા ડૉ. સિંહની વટહુકમ પર સહી લેવા એક ખાસ કુરિયર મોકલવામાં આવી રહ્યો છે. આ પહેલાં રાજ્ય સરકારે રાષ્ટ્રપતિ ડૉ. શંકર દયાળ શર્માના હસ્તાક્ષર મેળવ્યા હતા. મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે ૧૯૫૪ના બૉમ્બે એનિમલ પ્રિવેન્શન એક્ટ હેઠળ બળદ સોળ વર્ષની ઉંમર વટાવે ત્યાર બાદ તેની કતલને મંજૂરી અપાઇ હતી.

નવા વટહુકમ હેઠળ તેની પર પ્રતિબંધ મુકાઇ ગયો છે. એક પ્રશ્નના જવાબમાં ચીમનભાઇ પટેલે જણાવ્યું હતું કે મુસ્લિમોના એક પ્રતિનિધિમંડળે વટહુકમનો જોરદાર વિરોધ કર્યો હતો. અલબત્ત, મેં તેમને સરકારનો વિચાર સમજાવ્યો હતો અને જણાવ્યું હતું કે અન્ય પશુઓના વંશની કતલ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી.પશુહક માટેનાં કાર્યકર ગીતાબહેન શાહની શહેરમાં ગયે મહિને ધોળે દિવસે થયેલી હત્યાને પગલે આ વટહુકમ બહાર પાડવાનું રાજ્ય સરકાર પર દબાણ થયું હતું. ગીતાબહેનની હત્યા કસાઇઓએ કરી હોવાનું કહેવાય છે. આને કારણે રાજ્યભરમાં કોમી તંગદિલી સર્જાઇ હતી અને ભારતીય જનતા પક્ષે રાજકીય લાભ લેવાના ઇરાદા સાથે હિંસા નિવારણ સમિતિએ આપેલી બંધની હાકલને ટેકો આપ્યો હતો. ગીતાબહેનની હત્યાના વિરોધમાં બંધની હાકલ અપાઇ હતી.

રાજ્ય સરકારે જૈનોની લાગણીનો વિચાર કરીને પર્યુષણ દરમિયાન નવ દિવસ સુધી રાજ્યનાં કતલખાનાં બંધ કર્યાં હતાં. કતલખાનાં નવ દિવસ બંધ કરાતાં મટન અને ચિકન ઍસોસિયેશનો તેના વિરોધમાં ૨૦મી સપ્ટેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યાં હતાં.

૨

(મુંબઈ સમાચાર - ૨૫.૨.૯૩)

મુંબઈ સમાચાર, અમદાવાદ

# એ લોકલાગણીનો વિજય છે

આખરે ગુજરાતમાં લોકલાગણીનો વિજય થયો છે. ગુજરાતમાં ગૌવંશ વધ ઉપર પ્રતિબંધ મુકતો વટહુકમ બહાર પાડવામાં આવ્યો છે. આ માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે ખાસ રસ લઈને જે કામગીરી કરી હતી તે પ્રશંસાને પાત્ર છે. વટહુકમ તાત્કાલીક રીતે અમલમાં આવ્યો છે અને તેના ભંગ બદલ છ મહિનાની કેદ અથવા રૂા. એક હજારના દંડની સજા થશે.

રાષ્ટ્રપતિએ વટહુકમને મંજુર કર્યા બાદ ગુજરાતની કેબીનેટમાં તેને બહાલ રાખવામાં આવ્યો હતો. વટહુકમ પર ગુજરાતના રાજ્યપાલ સહીસિક્કા કરે એટલે એ અમલમાં આવે તેવી જોગવાઈ છે. પરંતુ ગુજરાતના રાજ્યપાલ ડો. સરૂપસિંહ સારવાર માટે નવી દિલ્હી ગયા હોવાથી રાજ્ય સરકારે એક ખાસ અધિકારીને નવી દિલ્હી મોકલીને આ જોગવાઈ પૂર્ણ કરાવી હતી. આવી મહત્વની કાળજી લેવામાં આવે છે તે સંતોષની બાબત છે.

ગૌવંશના - ગાય - બળદ - વાછરડા - સાંઢ વગેરેની કતલ એ ગુજરાતમાં અપરાધને પાત્ર ગણાશે. કાયદાની જોગવાઈ અગાઉ એવી હતી કે ૧૬ વર્ષથી ઓછી વયના ગાય - બળદની કતલ થઈ શકતી નહોતી. પરંતુ તે મોટી વયના છે અને બીનઉપયોગી છે તેવું પ્રમાણપત્ર મેળવીને ધોળે દિવસે કતલ કરવામાં આવતી હતી. આ સામે સમાજના એક વર્ગમાંથી વ્યાપક વિરોધ અવારનવાર થતો હતો.

જો કે ગૌવંશના પશુઓની કતલ અપરાધ ગણાશે પરંતુ તે સિવાયના ઘેટા - બકરા અને ડુક્કરની કતલ ચાલુ રહેશે તેમ કાયદાના અર્થઘટન પરથી જણાય છે એટલે જીવદયાના પ્રેમીઓની ૧૦૦ ટકા માગણી સંતોષવામાં આવી નથી. વિશ્વમાં જ્યારે શાકાહાર તરફ વળવામાં આવી રહ્યુ છે તેવે વખતે માંસાહાર તરફ પ્રજાને વાળવામાં કોને રસ છે તે સમજવું મુશ્કેલ નથી. ખુદ સરકારી કક્ષાએથી આંખ આડા કાન થઈ રહ્યા છે.

પશુ અર્થશાસ્ત્રનું મહત્વ ઓછું આંકવામાં આવતા રાષ્ટ્રની આર્થિક - સામાજીક સમસ્યા વકરી રહી છે. ગૌવંશ પરનો પ્રતિબંધ એ માત્ર ગુજરાતમાં જ અમલી બન્યો છે. અગાઉ મધ્યપ્રદેશ દ્વારા તે માટે કાનુન અમલી બની ચુક્યો છે. હવે ટ્રકો ભરાઈને કચ્છ - રાજસ્થાન અને ઉત્તર - ગુજરાતના પશુઓ દેવનાર કતલખાને લાઈનમાં ઉભા રહેશે. મહારાષ્ટ્ર સરકાર ઉપર પણ આવું જ પ્રચંડ દબાણ લાવવાની જરૂરત છે.

પશુઓની કતલ પરનો પ્રતિબંધ એ માત્ર લાગણી કે ધર્મ સાથે સંકળાયેલી બાબત નથી. જેવી રીતે યુરોપ - અમેરિકાની સંસ્કૃતિ ભૌતિકવાદ પર આધારિત હોવાથી ભૌતિકશાસ્ત્ર - રસાયણશાસ્ત્ર તેમજ ટેકનોલોજીની વિવિધ બ્રાન્ચ વિકસી છે તેમ ભારતમાં ગૌવિજ્ઞાન વિકસ્યું છે. ભારતને ગૌવંશના લાલન - પાલનનો ૧ લાખ વર્ષનો અનુભવ છે. ગાય એ ભારતની સંસ્કૃતિ - ધર્મ અને રીતરીવાજ સાથે જોડાયેલી છે.

જમીનને મળતા કુદરતી ખાતરનો પૂરવઠો પશુઓના ગોબર મારફતે પૂરો પડે છે. ભારતનું પર્યાવરણ જાળવવામાં અને માલ બોજો વહન કરવામાં આ પશુઓ જે ફાળો આપે છે તેનું આર્થિક મૂલ્ય એટલું છે કે ભારત વિશ્વબેન્ક કે આંતરરાષ્ટ્રીય નાણાભંડોળની મદદ વગર જ સ્વાવલંબી બની શકે તેમ છે. તેમજ અબજો રૂપિયાની ભૌતિક સમૃદ્ધિ અને સમાજની સુખાકારી અને તંદુરસ્તી માટેના વાતાવરણનું નિર્માણ કરી શકે તેમ છે.

હવે જ્યારે ગૌવંશના પશુઓ કતલખાને જતા બંધ થાય છે તે વખતે તેમની જાળવણી અને આરોગ્ય ઉપરાંત ઘાસ - ચારાની વ્યવસ્થા માટે પણ સમાજે તૈયારી કરવી પડશે. ગૌશાળાઓની આર્થિક હાલત અંગે ઘણી ચર્ચા થઈ છે. ગૌશાળાઓના વિકાસમાં શહેરી પ્રજા રસ લે તો આજે ડેરી ઉદ્યોગ જે "કમીશન" ખાઈ જાય છે અને મોંઘાભાવના ઘી - દુધ ખરીદવા પડે છે તે કદી દૂર થઈ શકે તેમ છે.

ગૌવંશ કતલ પરનો પ્રતિબંધ એ જીવહિંસા નીવારવાના સંઘર્ષમાં ૫૦ ટકા વિજય ગણાય. હજુ નાના પશુઓને બાકાત રાખવાની ભૂલ થઈ છે તે પણ દૂર કરવાની જરૂર હતી. એક પશુ કપાઈ જાય તો કસાઈને ૩ થી ૪ દિવસ રોજગારી મળે - પરંતુ તે જીવતું રહે તો ૧૫ થી ૨૦ વર્ષ સમગ્ર માનવજાતની સેવા કરીને અનેક રીતે ઉપયોગી થાય તેમ છે. આવી તો અનેક બાબતો છે કે જે આર્થિક છણાવટ માગી લે છે.


બંધારણમાં માર્ગદર્શક સુચનામાં ગૌવંશ કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ માટે આવશ્યક કાનુન ઘડવાની સત્તા રાજ્યોને આપવામાં આવી છે. પરંતુ બહુ ઓછા રાજ્યો તૈયાર થાય છે. ૧૯૫૦ની સુચનાનો અમલ ૧૯૯૩માં થાય છે અને તે પણ ખોડંગાતી રીતે - હજુ તો મહારાષ્ટ્ર બાકી છે. તે સિવાય આજુબાજુના ઘણા રાજ્યોમાં આવા કાનુન માટે પ્રચંડ લોકમત ઘડતરની જરૂર છે.

દુધ - ઘીના પૂરવઠામાં વધારો કરતાં ગાય - બળદની સુખાકારી - આરોગ્ય અને જાળવણી માટે નાણાકીય સહાય સહીતના વિકલ્પો માટેની ચર્ચા આગળ વધવી જોઈએ. તેમજ દાન માટેના અગ્રતાક્રમ પણ નકકી થવા જોઈએ. આ બાબતને માત્ર લાગણીની બાબત નહીં સમજતાં સમાજના વિશાળ હિતમાં તેની જરૂરીઆત અને ગંભીરતા સમજીને જ કામગીરી થવી જોઈએ.

ગુજરાત સરકારે જે રીતે ઝડપભેર કાનુન લાવવાની કામગીરી કરી અને અમદાવાદમાં જીવ હિંસા નિવારણ સંઘના કાર્યકર્તાબહેન ગીતાબેહન દ્વારા જે બલીદાન અપાયું છે તે આ કાનુનની પશ્ચાદભૂમાં છે. કસાઈઓએ પણ સમજવું રહ્યુ કે હિંસા વગર રોજગારી મેળવી શકાય અને ખુમારીથી જીવી શકાય તેવા અનેક વ્યવસાય સમાજમાં છે. પ્રજાની લાગણી સમજીને અન્ય વિકલ્પ શોધી લેવામાં તેમનું હિત અને શ્રેય છે.

(3)

VINIYOG



# મુંબઈના દેવનાર કતલખાનામાં દરરોજ સાડા પાંચ હજાર જીવોની કતલ થાય છે

મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત દેવનાર કતલખાનું ૧૨૬ એકરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલું છે. આ કતલખાનામાં દરરોજ અંદાજે સાડા પાંચ હજાર જીવોની કતલ કરવામાં આવે છે.

આ કતલખાનામાં કતલ થયેલા ઢોરોનું માંસ સમગ્ર શહેરમાં પૂરૂં પાડવામાં આવે છે, તેમજ નિકાસ પણ કરવામાં આવે છે.

દેવનાર કતલખાનામાં મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી પ્રાણીઓ કતલ માટે લાવવામાં આવે છે. પ્રાણીઓની કરવામાં આવતી કતલથી સુધરાઈને વાર્ષિક રૂ.૬,૬૪,૫૦,૦૦૦ની આવક થાય છે. જ્યારે કર્મચારીઓના પગાર, જાળવણી વગેરે પાછળ કુલ રૂ.૧૧,૪૭,૫૫,૦૫૦નો ખર્ચો થાય સે. આમ મુંબઈ મહાનગરપાલિકાને દેવનાર કતલખાનું ચલાવવામાં વાર્ષિક ૪,૮૩૦૫૦૫૦ રૂ.ની ખોટ જાય છે. આ કતલખાનાના ખોટ કરતાં એકમોનું ખાનગીકરણ કરવાનું પણ સુધરાઈ વિચારી રહી છે.

દેવનાર કતલખાનામાં પ્રાણીઓની કતલ કરવા (૧) ઢોર (૨) ઘેટાં-બકરાં (૩) ઝટકા (૪) જયુઈશ (૫) મરઘાં એમ પાંચ એકમો છે.

પ્રથમ ઢોર એકમમાં હલાલ પધ્ધતિથી દરરોજ ૫૦૦થી ૬૦૦ બળદ અને ભેંસોને મોતને ઘાટ ઉતારવામાં આવે છે. ઢોર એકમ આઠ કલાકમાં ૩૦૦ ઢોરોની કતલ કરી શકે છે.

ઘેટાં અને બકરાં એકમમાં દરરોજ ૩૦૦૦થી ૪,૫૦૦ ઘેટાં- બકરાંને હલાલ પધ્ધતિથી હણી નાંખવામાં આવે છે. આ એકમ ૮ કલાકમાં હલાલ પધ્ધતિથી ૬,૦૦૦ ઘેટાં-બકરાંની કતલ કરી શકવાની ક્ષમતા ધરાવે છે.

ત્રીજા ઝમટા એકમમાં માત્ર ઘેટાં અને બકરાંઓને જ વીજળીનો ઝટકો આપી મારવામાં આવે છે. વીજળીના ઝટકા આપીને મારવામાં આવેલા ઘેટાં-બકરાંનું માંસ લોકોને ભાવતું ન હોવાથી આ એકમથી દરરોજ ૫૦થી ૬૦ ઘેટાં-બકરાં જ મારવામાં આવે છે.

જયુઈશ એકમથી આઠ કલાકમાં ૨૦૦ ઘેટાં અને બકરાં મારવામાં આવે છે.

હલાલ પધ્ધતિથી ઢોરોને મારવા માટે દેવનાર કતલખાનામાં અત્યારે ૭૫૦ ખાટકીઓ કામ કરે છે, જે તમામ મુસલમાનો છે જ્યારે ઝટકા પધ્ધતિથી કરાતી કતલમાં ૩૦ ટકા હિન્દુ કર્મચારીઓ કામ કરે છે.

કતલખાનાની ખાધ ઓછી કરવા ગત સપ્ટેમ્બરમાં ઘેટાં-બકરાંઓની કતલ ખાનગી પરવાનાધારકોને કરવા દેવા ૩૫ લાખના ખર્ચે અલગ એકમ પણ તૈયાર કરવામાં આવ્યું છે. શહેરમાં વધી રહેલા અનધિકૃત કતલખાનાંઓને કારણે સુધરાઈની આવકમાં થઈ રહેલાં ઘટાડાથી આ પગલું ભરવામાં આવ્યું છે.

શહેરમાં અનધિકૃત કતલખાનાંઓની સંખ્યા વધતાં દેવનાર કતલખાનામાં કતલ માટે આવતાં પશુઓની સંખ્યામાં પણ ઘટાડો થયો છે, તેથી પશ્ચિમ અને પૂર્વના પરાંઓમાં મિની કતલખાનાં સુધરાઈએ શરૂ કર્યા છે, જેમાં પશુઓની ચકાસણી કરવામાં આવે છે, પરંતુ આ સુવિધા તળ મુંબઈમાં ઉપલબ્ધ થઈ શકે એમ ન હોવાથી આખી રાત દેવનાર કતલખાનામાં ઘેટાં-બકરાંની કતલ કરવાની પરવાનગી આપવામાં આવી છે.

હજારોની સંખ્યામાં કતલ માટે લાવવામાં આવતાં પશુઓની શારીરિક તપાસ માટે દવાખાનું પણ દેવનાર કતલખાનામાં છે અને નિયમ મુજબ ખપમાં આવી શકે તેવા પશુઓની કતલ કરવાની પરવાનગી અપાતી નથી, પરંતુ પૈસાને જોરે અશક્ત પશુઓની કતલ કરવાનો ધંધો પણ પૂરજોશમાં ચાલે છે.

ગાયોની કતલ કરવા બાબતે ગયા વર્ષે દેવનાર કતલખાનું ચર્ચાના ચકડોળે ચઢયું હતું પરંતુ કતલખાનાના જનરલ મેનેજર ડી. એ. પરાડકરે 'ગુજરાત સમાચાર'ને જણાવ્યું હતું કે દેવનાર કતલખાનામાં ગાયો કતલ માટે લાવવામાં આવતી જ નથી, માત્ર બળદ અને ભેંસોની જ કતલ થાય છે.

ગુજરાત સમાચાર
તા. ૧.૯.૯૩

VINIYOG

(૪)

# ગોવંશ હત્યા: ધર્મની ભેળસેળ, અર્થકારણની ઉપેક્ષા

'મને ગોરક્ષાનો પ્રશ્ન સ્વરાજના મુદ્દાથી જરાય ઓછા મહત્ત્વનો લાગતો નથી. કેટલીક દૃષ્ટિએ તો હું એને સ્વરાજ કરતાંય મોટો પ્રશ્ન ગણું છું. જ્યાં સુધી આપણે ગાયને બચાવવાનો ઉપાય નહીં શોધી કાઢીએ ત્યાં સુધી સ્વરાજ પણ નિરર્થક ગણાશે'.

– ગાંધીજી

અંગ્રેજ શાસકો પાસેથી ૧૯૪૭માં ભારતને આઝાદી મળી અને સાહજિક હતું કે ગોહત્યાબંધીનો તત્કાળ અમલ કરવામાં આવે. સ્વરાજ મળ્યા પછી સાવ વિપરીત ચિત્ર ઊઠયું. ગોપ્રેમીઓનાં ગોહત્યા રોકવા આંદોલનો થતાં રહ્યાં પછી હજુ આજે દાયકાઓ પછી પણ ગોહત્યા થાય છે. ગોહત્યા રોકવા કેરળ અને પશ્ચિમ બંગાળ સિવાયનાં રાજ્યોમાં થયેલા કાયદાઓ એટલી બધી છટકબારીની મોકળાશ આપે છે કે ગાયો અને ગોવંશની હત્યા કરવા કેરળ કે બંગાળ જવાની જરૂર પડતી નથી, પ્રત્યેક રાજ્યમાં સત્તાવાળાઓની નજર સામે મૂંગા જીવોની કતલ કરવામાં આવે છે. પ્રાણી કતલ કરવા યોગ્ય છે કે કેમ એનાં પ્રમાણપત્ર આપતા સરકાર કે પાલિકાઓ દ્વારા નિયુક્ત તબીબો પૈસા સાટે પ્રમાણપત્ર આપે છે. પોલીસવાળાઓ સત્યાગ્રહીઓને પકડી જાય છે અને ગોવંશની હત્યાની સવલત કરી આપે છે.

પ્રશ્ન અર્થકારણનો હતો એને ધર્મકારણના વાઘા પહેરાવાયા છે. સામ્યવાદીઓ અને મુસ્લિમો જ નહીં, કૉંગ્રેસીશાસકો પણ ધર્મનિરપેક્ષતાને ટકાવવા ગોવંશહત્યાને સંપૂર્ણ બંધ કરવાના કાયદા કરતાં ખચકાય છે. કાયદા કરે છે તો અમલ થતો નથી. કોઈ ગોવંશપ્રેમી ગીનાબહેનની હત્યા થાય ત્યારે જનમત જાગે અને ગુજરાત સરકાર વટહુકમ બહાર પાડે. પણ પછી શું ? આવા વટહુકમ સામે જંગે ચડનારાઓને બી.બી.સી. સુધીના મંચ મળે. ગાંધીજી કે વિનોબા માત્ર હિન્દુ ધર્મભાવનાથી પ્રેરાઈને આવી ચળવળમાં સામેલ થાય એવું કોઈ કહે તો મોટો અનર્થ ગણાય. ભાજપવાળા કે સંઘપરિવાર આ મુદ્દો ઉઠાવે તો એને ધાર્મિક ગણી લેવાય, પણ સર્વોદયથી માંડીને સંઘપરિવાર સુધીના તમામ જીવદયાપ્રેમીઓ એની તરફેણ કરે તોય એ ધાર્મિક ?

ગાય કે ગોવંશની લેવાવી જોઈતી કાળજી આપણા ખેતીપ્રધાન દેશમાં લેવાઈ નથી એ વાત સાચી. પાંજરાપોળોને સ્થાને બહુમાળી ઈમારતો બંધાવીને કરોડો કમાઈ લેવામાં પાંજરાપોળ સંચાલક ટ્રસ્ટોના 'જીવદયાપ્રેમી' ટ્રસ્ટીઓની સામેલગીરીય ખરી. ગૌશાળાની જમીનો પર

**હરિ દેસાઈ**

બહુમાળી ઈમારતો બાંધીને ગૌસેવાને બદલે સ્વસેવા કરવાની વૃત્તિનું જ આ પરિણામ છે. આપણે બેદરકારી સેવી છે. ગૌમાતા અને એના વંશને બચાવવા પાછળના અર્થકારણનો વિચાર કર્યો નથી. નવાઈ તો એ વાતની છે કે અખાતી દેશોમાંના કેટલાંક ઈસ્લામી રાષ્ટ્રોમાં ગાયની હત્યા કે એનું માંસ રેસ્તોરાંમાં પીરસવા પર પ્રતિબંધ છે ત્યારે આપણે ત્યાં બેરોકટોક ગાય કે ગોવંશ કપાય છે. એનું મટન નિકાસ કરાય છે. બાળકો માટે બજારમાં મળતી નેસ્લેની આયાત કરાયેલી 'પોલો' પિપરમેન્ટમાં ગાયની ચરબીમાંથી બનાવાયેલાં તત્ત્વો આપણે વિનાસંકોચે ગળીએ છીએ. આ એ જ દેશની આજ છે, જ્યાં હજુ માંડ દોઢેક સદી પહેલા ગાય અને સુવરની ચરબી લગાડેલાં કારતૂસ સામેનો વિરોધ બ્રિટિશ લશ્કરમાંના ભારતીય હિન્દુ-મુસ્લિમોને ખભેખભા મિલાવીને ૧૮૫૭નો 'બળવો' કરવા પ્રેરતો હતો.

બંધારણસભામાં હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, ઈસાઈ વગેરે સભ્યોએ સાથે મળીને ગોહત્યાબંધીને બંધારણના નિર્દેશક સિદ્ધાંત તરીકે સ્વીકાર્યો હતો. ૧૯૫૫-'૫૮માં સર્વોચ્ચ અદાલતે ગોરક્ષા અને ગોસંવર્ધનને માન્યતા બક્ષી હતી અને વિનોબાજી તો આજીવન ગોવંશહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ માટે લડતા રહ્યા છતાં શાસકોએ એમને ઊઠાં ભણાવ્યે રાખ્યાં. આજ સુધી એ પરંપરા ચાલુ જ છે.

નામાંકિત આર્કિયોલૉજિસ્ટ ડૉ. એચ. ડી. સાંકળિયાએ લખ્યું છે કે ઈ.સ. પૂર્વે ૩૦૦૦-૭૦૦ દરમિયાન વ્યક્તિની સંપત્તિ તેની પાસે કેટલી ગાયો કે પશુ છે એને આધારે ગણવામાં આવતી. આર્યો કે હિન્દુઓ ગોમાંસ નહોતા ખાતા એવું નહોતું છતાં 'મનુસ્મૃતિ' દર્શાવે છે તેમ ગોમાંસનો આહાર ટાળવો એ ઉચિત લેખાતું હતું. સમયાંતરે ગાયને માતાનું સ્થાન પ્રાપ્ત થતું ગયું. દૂધ, ખાતર, વાછરડાં, બળદ.... ખેતીપ્રધાન સમાજમાં એ દાતા રહી છે. મોગલ બાદશાહ બાબરે પોતાના પુત્ર હુમાયુંને 'આ દેશની પ્રજાનાં દિલ જીતવાં હોય તો ગોહત્યા ટાળવાનો' ઉપદેશ કર્યો હતો. મોગલ બાદશાહ અકબરે ગોહત્યાબંધીનો આદેશ આપ્યો હતો પણ ઔરંગઝેબના સમયમાં મંદિરોમાં ગોહત્યા કરાવીને તેમને અપવિત્ર કરવાની પ્રવૃત્તિને શાસકોનો સહકાર સાંપડયો એટલે પ્રશ્ને ધાર્મિક સ્વરૂપ લીધું. બ્રિટિશ શાસનકાળમાં ગોહત્યાના મુદ્દે હિન્દુ-મુસ્લિમ રમખાણો થતાં રહ્યાં અને એમાં બ્રિટિશ શાસકોએ બે લડતી બિલાડીનો ન્યાય તોળતા વાંદરાની ભૂમિકા અદા કરી. ૧૮મી સદીમાં સ્વામી દયાનંદ સરસ્વતીએ ગોહત્યાબંધીની તરફેણમાં ઝુંબેશ ચલાવી હતી.

ગાંધીજી અને વિનોબાજીના વિચારોને અનુસરીને દેશભરમાં અનેક ગોપ્રેમીઓએ સ્થાપેલાં સંગઠનો ગોહત્યા અને ગોવંશ હત્યાના વિરોધમાં સક્રિય રહી છે. ૧૯૬૬-'૬૭ દરમિયાન જે ગોહત્યાબંધી ઝુંબેશ ચાલી તેને કારણે દેશમાં ઘણી રાજકીય ઊથલપાથલો મચી. '૧૯૬૬માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ભારતીય જનમતની પ્રભાવી અભિવ્યક્તિના કાર્યક્રમના ભાગરૂપે ગોહત્યાબંધી માટે હસ્તાક્ષર આંદોલન ચલાવ્યું. એમાં દેશભરમાંથી પોણા બે કરોડ લોકોની સહીઓ સાથેનાં આવેદનપત્ર સરકારને સુપરત કરાયાં. ૧૯૬૭માં આંદોલન વધુ આક્રમક બન્યું. પુરીના શંકરાચાર્ય સ્વામી નિરંજનદેવ તીર્થ, શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારી તથા સ્વામી શ્રી કરપાત્રીજી મહારાજે ગોહત્યાબંધી માટે આમરણ ઉપવાસ કર્યા. એ પ્રત્યે વિનોબાજીએ પૂર્ણ સહાનુભૂતિ વ્યક્ત કરી હતી'. ('ગોરક્ષા સત્યાગ્રહ કી પૃષ્ઠભૂમિ' : અચ્યુત દેશપાંડે).

સાતમી નવેમ્બર '૬૬ના રોજ સંસદભવન સામે હજારો સાધુ-સંત ગોપ્રેમીઓ ઊમટયા અને સરકારે ગોળીબાર કર્યા. કેન્દ્રના ગૃહપ્રધાન અને ગોરક્ષા અભિયાન સમિતિના વડા ગુલઝારીલાલ નંદાએ એના વિરોધમાં પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું હતું. પુરીના શંકરાચાર્ય અને બ્રહ્મચારીએ અનુક્રમે ૭૩ અને ૭૨ દિવસે ઉપવાસ છોડયા. સરકારે સંપૂર્ણ ગોહત્યાબંધીને માન્ય રાખતાં તેના અમલ માટે નીમેલી ન્યાયમૂર્તિ એ. કે. સરકાર સમિતિમાં સર્વપક્ષી ગોરક્ષા મહાભિયાન સમિતિના સભ્યો અને બીજા મહાનુભાવોને લીધા હતા. જગદ્‌ગુરુ શંકરાચાર્ય, સંઘના વડા શ્રી ગુરુજી ગોલવલકર તેમ જ માર્ક્સવાદી નેતા ડૉ. અશોક મિત્ર આ સમિતિના સભ્ય હતા. આ સમિતિ અગાઉની સમિતિઓ (દાતારસિંહ સમિતિ અને એચ. પી. નંદા સમિતિ)ની જેમ જ નિરર્થક રહી એટલે શંકરાચાર્યે તેની બેઠકોનો બહિષ્કાર કર્યો. ૧૯૬૯માં ફરી પુરીના શંકરાચાર્યે આંદોલન હાથ ધર્યું, તેમની ધરપકડ થતાં જેલમાં આમરણ ઉપવાસ શરૂ કર્યા. કેન્દ્ર સરકારે છ મહિનામાં સંપૂર્ણ ગોહત્યાબંધીનો ધારો કરવાનું વચન આપ્યું. એટલે ઉપવાસ છોડયા. પણ સરકાર વચન આપીને ફરી જવાની વૃત્તિ છોડી શકી નહીં.. આજે સ્થિતિ જુદી નથી.

જન્મભૂમિ, ગુરુ. તા. ૩૦-૯-'૯૩ ટપાલની આવૃત્તિ શુક્ર. તા. ૧-૧૦-'૯૩

Contd - 2

'કટોકટી'ના દિવસોમાં વિનોબાજીએ સંપૂર્ણ ગોહત્યાબંધીના ટેકામાં આમરણ ઉપવાસ શરૂ કરવાની જાહેરાત કરી પણ ઈન્દિરાજીએ એમને મનાવી લીધા અને સંપૂર્ણ ગોહત્યાબંધીનો અમલ કરવાની ખાતરી આપી. એટલે વિનોબાએ ઉપવાસ મોકૂફ રાખ્યા. એમણે આપેલી મુદતમાં ઈન્દિરા ગાંધી સત્તામાંથી ગયાં અને મોરારજી દેસાઈના વડપણ હેઠળની જનતા સરકાર આવી. વિનોબાજીએ ઉપવાસ શરૂ કર્યા એના ટેકામાં ઈન્દિરા ગાંધીએ હાકલ કરી કે તમામ કૉંગ્રેસી કાર્યકર એક દિવસના ઉપવાસ કરે. પાંચમા દિવસે મોરારજી દેસાઈએ જાહેર કર્યું કે ગોહત્યાના મુદ્દાને રાજ્ય સરકારના પરિશિષ્ટમાંથી કેન્દ્રની 'કન્કરન્ટ' યાદીમાં મૂકી અને ગોહત્યાબંધી દેશભરમાં સમાનધોરણે લાગુ કરવા બંધારણસુધારો કરાશે. વડા પ્રધાન દેસાઈની આ જાહેરાત સામે સામ્યવાદી પક્ષ, માર્ક્સવાદી પક્ષ અને ડી.એમ.કે.એ 'આ તો રાજ્યોની સ્વાયત્તતામાં કેન્દ્રની દખલ સમાન છે' કહીને વિરોધ કર્યો. જનતા પક્ષના નેતાઓ મધુ લિમયે અને લાડલી મોહન નિગમ પણ વિરોધ કરવામાં પાછળ રહ્યા નહીં. વિનોબાના ઉપવાસને ટેકો આપનાર કૉંગ્રેસી નેતા ઈન્દિરા ગાંધીએ પણ મુસ્લિમ સભ્યોના મૂડને પિછાણીને જુદો મત વ્યક્ત કરતાં કહ્યું : 'બંધારણસુધારા માટે જનતા સરકારને કૉંગ્રેસ-ઈનો ટેકો મળશે જ એવું રખે માનતા'. મોરારજી સરકારમાં કૃષિપ્રધાનનો હોદ્દો ધરાવતા સુરજિતસિંહ બરનાલાએ રજૂ કરેલું આ સંદર્ભનું વિધેયક બંને ગૃહોમાં મંજૂર થઈને રાષ્ટ્રપતિ પાસે સંમતિ-હસ્તાક્ષર માટે જાય એ પહેલાં તો જનતા સરકારનું પતન થઈ ચૂકયું હતું !

એ પછી ઑગસ્ટ '૯૦માં વિશ્વનાથ પ્રતાપસિંહની રાષ્ટ્રીય મોરચાની સરકાર વખતે લોકસભામાં થોડું જ અવનવું થયું : ભાજપના ગુમાનમલ લોઢાએ ગોહત્યા પ્રતિબંધને લગતું ખાનગી સભ્યનું વિધેયક રજૂ કર્યું. ભાજપે એના પર મતદાનનો આગ્રહ રાખ્યો અને કેન્દ્રના કૃષિ રાજ્યપ્રધાન (અત્યારે જનતા દળના નાયબ નેતા) નીતિશકુમારે આ વિધેયક પાછું ખેંચવા ખૂબ આગ્રહ કર્યો પણ ભાજપના વલણમાં ફરક પડયો નહીં. આખરે મતદાન થયું અને વિધેયકના ટેકામાં ૩૭ અને વિરોધમાં ૩૫ મત પડયા એટલે સરકારની બેઈજ્જતી થઈ. સરકાર પક્ષે માથાં ગણવાનો આગ્રહ રાખ્યો ત્યારે માંડ હાર ખાળી શકાઈ : ૫૦ જણ વિધેયકના વિરોધમાં અને ૪૨ તેના ટેકામાં હતા.

વધુ નોંધપાત્ર વાત તો એ હતી કે કૉંગ્રેસના વરિષ્ઠ નેતા વસંત સાઠે સહિતના કેટલાક કૉંગ્રેસી સભ્યોએ આ વિધેયકના ટેકામાં મત આપ્યો હતો. સંતોષ મોહન દેવ ગૃહ છોડી ગયા હતા. ડાબેરી પક્ષોએ કૉંગ્રેસના આ વલણને 'ધર્મનિરપેક્ષતા સાથે છેડો ફાડવા સમાન' ગણાવ્યું હતું !

કેટલાંક રાજ્યોમાં ગોહત્યાપ્રતિબંધ ધારા છે. ગુજરાતે પણ હમણાં એને અમલી કર્યો. ભાજપની ચાર રાજ્ય સરકારોએ સત્તા હાથમાં લેવાની સાથે સંપૂર્ણ ગોહત્યાબંધીનો કાનૂન બનાવીને તેનો અમલ કર્યો તો ખરો, પણ ખરી જરૂર આ મુદ્દા પાછળના અર્થકારણને સમજવાની અને ગોવંશને સાચવવાની છે : કમનસીબે આ મુદ્દો ધર્મ અને ધર્મનિરપેક્ષ વચ્ચે જ ફંગોળાયા કરે છે.

ગાયને હિન્દુ-મુસ્લિમ વિવાદના ચશ્મે જોનારાઓ હજરત મહમ્મદ પયગમ્બર સાહેબના આ શબ્દો વીસરી જતા લાગે છે :

"અલ્લાહને નહીં ઉતારી કોઈ બીમારી જિસકી ઉસને દવા નહીં ઉતારી સિવાય બુઢાપા ઔર મૌતકે. તુમ ગાયકા દૂધ પીનેકા પાબન્દ હો જાઓ. ગાય કે દૂધ કે અન્દર સભી તરફકે પૌધોંકા સત્વ હૈ. ગાયકા દૂધ હમેશા પીયો, વહ દવા હૈ. ઉસકા ઘી બીમારી દૂર કરતા હૈ. ઉસકે ગોશ્તસે બચો, ક્યુંકિ ઉસકા ગોશ્ત બીમારી હૈ"

VINIYOG

જન્મભૂમિ
તા. ૩૦-૯-૯૩

મુંબઈ સમાચાર

# પશુ-શકિતનું મહત્વ ઘણું છે

**ઈલેક્ટ્રીસીટીની** તંગી - આછત અને મર્યાદિત સાધનો અંગે યોગ્ય વિચારણા કરવાનો સમય આવી ગયો છે. આજથી ૨૫-૩૦ વર્ષ અગાઉ મહારાષ્ટ્ર અને ગુજરાતના નાના કે મધ્યમકક્ષાના રેલવે સ્ટેશનો પર ઘોડાગાડી જેવા કે બહુ નાના ગામડા હોય તો બળદગાડા મારફતે જ માલ અને મુસાફરોની હેરફેર થતી હતી. એટલું જ નહીં તે સલામત વાહન હતું.

આજે અકસ્માતો વધ્યા છે તેના કારણમાં પેટ્રોલ - ડીઝલથી ચાલનારા ઝડપના વાહનો વધુ જવાબદાર છે. કોઈએ ક્યાંય સાંભળ્યુ હતું કે બે બળદગાડા સામસામા અથડાયા અને પછી કોઈનું મરણ થયું ? ત્યારે આજે તો સવારે અખબાર વાંચવાનું શરૂ કરીએ ત્યાં જ હાઈવે પર અકસ્માત અને શહેરના સાંકડા રસ્તા પર અકસ્માતને કારણે ઈજાની જ વાત જાણવા મળે છે.

પશુઓ દ્વારા ચાલતા વાહનોનું મહત્વ ઘટાડી નાખીને અને કવચિત નાબુદ કરી નાખીને સમાજે શું મેળવ્યું છે ? પર્યાવરણના પ્રશ્નો આજે ઉભા થયા છે તેનું કારણ ઠેરઠેર વધી ગયેલી રીક્ષા - ટેમ્પો અને ટ્રક છે. આ બધા જ ધુમાડો ઓકતા વાહનો પર્યાવરણને તો બગાડે છે તેની સાથે દેશ પર દેવાના ડુંગર વધારે છે. કારણ કે પેટ્રોલ - ડીઝલ આરબ રાષ્ટ્રોમાંથી આયાત થાય છે.

સમગ્ર રાષ્ટ્રમાં આજે ૬૬,૩૦૦ મે. વો. વિદ્યુત શકિતનું ઉત્પાદન થાય છે. આજે તો ખેતીવાડી પણ વિદ્યુત શકિતનો ઉપયોગ કરે છે. પરંતુ નવા પ્લાન્ટ સ્થાપવા માટે કરોડો રૂપીયા જોઈએ છે - તે ક્યાંથી લાવીશું ? વિશ્વબેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાભંડોળની લોન કંઈ મફતમાં મળતી નથી. તેનું વ્યાજ અને મુદ્દલ ક્યારે ભરપાઈ કરી શકીશું ?

૧૯૮૨ના વર્ષમાં ભારતમાં ૭ કરોડ ૮૦ લાખ બળદો હતા. તેમની કતલમાં ઉપરોકત વર્ષ બાદ તો વેગ આવ્યો છે. એટલે આજે આ સંખ્યા કેટલી હશે તેનો અંદાજ આવી શકતો નથી. શ્રી લક્ષ્મીનારાયણ - મોદી દ્વારા હિન્દીમાં લખાયેલા એક લેખમાં એવી માહિતી આપવામાં આવી છે કે આપણે ત્યાં દોઢ કરોડ બળદગાડી છે. તેમાંથી ૧ કરોડ ૨૦ લાખ ગ્રામ્ય વિસ્તારમાં છે.

ગ્રામ્ય વિસ્તારમાં આ બળદગાડા દ્વારા ૨૫ અબજ ટન માલની હેરફેર કરે છે. આ બળદ મૂંગા મોઢે આટલું વજન ઉંચકે છે તેની કતલ દેવનારના કતલખાનામાં થાય છે - ત્યારે પશુઓ "બીનઆર્થિક" છે. તેવી દલીલ કરનારાના મોઢે તમાચો લગાવવાનું મન થાય છે. પશુ શકિતનું અર્થશાસ્ત્ર પ્રજાએ સમજવાની જરૂર છે.

૨૫ અબજ ટન માલની હેરફેર કરવા માટે કેટલી રેલવે લાઈન જોઈએ ? કેટલા માનવીને તેની વ્યવસ્થા માટે કામે લગાડવા પડે - તેની સરખામણીમાં બળદગાડા દ્વારા સાવ સસ્તી રીતે સમાજની કેટલી સેવા કરવામાં આવે છે તેનું મૂલ્યાંકન વ્યવસ્થિત રીતે સામાન્ય પ્રજા સમક્ષ રજુ થવું જોઈએ. બળદ એ તો ભારતની સમૃધ્ધી પાછી લાવી શકે તેમ છે.

બળદગાડાનું મહત્વ સમજાયું નથી તેના મુખ્ય કારણ આ પ્રમાણે છે. (૧) બળદગાડીઓ અસંગઠીત ક્ષેત્રમાં કામ કરે છે. (૨) લગભગ બધા જ ગાડા માલીક પોતાના રોજગારમાં લાગેલા છે. (૩) પશુઓનું લાલનપાલન ખેડુત કરે છે - પરંતુ તેમનું સાચું મૂલ્યાંકન જ કરવામાં આવ્યું નથી. (૪) ઘણી જગ્યાએ ગાડીઓનું નિર્માણ ખેતરોમાં ઉભેલા વૃક્ષોની લાકડીથી કરવામાં આવે છે. તેથી ખેડુત બળદગાડાનું મહત્વ અને મૂલ્ય સમજતો નથી.

આજે રાષ્ટ્ર પેટ્રોલ અને ડીઝલ આયાત કરી કરીને આરબ રાષ્ટ્રોનું ગુલામ બની ગયું છે તેવે વખતે પશુશકિત કેટલી ઉપયોગી છે તેનો વિચાર કરીને ગ્રામ્ય વિસ્તારને જીવંત રાખવા બળદોની કતલ પર તાત્કાલીક પ્રતિબંધ મુકવાની જરૂર છે. આ બાબત કોઈ કોમ કે વર્ગને જ માટે નથી. સમગ્ર સમાજના આર્થિક - સામાજીક લાભમાં છે.

ટ્રેકટરની કિંમત આભને આંબી ગઈ છે. વળી ટ્રેકટર કંઈ મફતમાં મળતું નથી. ખેડુત પોતાની જમીન સહકારી બેન્કમાં ગીરવે મુકે છે ત્યારે બેન્ક લોન આપે છે. વળી વ્યાજ અને હપ્તાના ચક્કરમાં એકવાર ખેડુત ફસાઈ જાય છે. પછી જિંદગીભર બહાર નીકળી શકતો નથી. બળદનું આર્થિક મહત્વ શું છે તેનું આર્થિક મૂલ્યાંકન આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને થવું જોઈએ.

સમગ્ર ચર્ચાને જાગ્રત નાગરિકોએ સમાજમાં આગળ ધપાવવાની જરૂર છે. આ મુદ્દાઓનો સારાંશ એ છે કે (૧) પશુ શકિત સસ્તી છે - વિદેશી હુંડિયામણ બચાવવા માટે પણ બળદોની કતલ બંધ થવી જોઈએ. (૨) પશુ શકિત ગ્રામ્ય

## ઉઘાડે છોગે

જેહાંન દારૂવાલા

વિસ્તારમાં બેરોજગારી નાબુદ કરી શકે તેમ છે. (૩) પશુ શકિત જ વિકેન્દ્રીત આર્થિક વ્યવસ્થાના કેન્દ્રમાં છે. (૪) પશુઓ દ્વારા જ ગ્રામ્ય અર્થ પ્રવાહને શહેરમાં જતો ખાળી શકાય તેમ છે.

(૫) પશુ ખેતીની જમીનથી બનાર ઉત્પાદનને સ્થિર બનાવી મજબુત માળખુ ઉભુ કરી શકે તેમ છે. (૬) જ્યારે ખેતી નિષ્ફળ થાય કે દુષ્કાળ થાય તે વખતે પણ આ ગાય - બળદ સહીતના પશુઓ માનવીને માટેનો આર્થિક આધાર બની રહે છે. (૭) પશુઓની કતલ બંધ થવી જોઈએ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના કાન આમળવાની હવે જરૂર છે.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં તો ૨૫ કે ૫૦ કિ. મી.ની મર્યાદામાં માલની હેરફેર માટે બળદગાડાઓને પ્રોત્સાહન આપવાનો કાનુન બનાવવો રહ્યો. યુવાનો અને સમાજના જાગ્રત નાગરિકોને ભાવિ પેઢીની સુરક્ષા કાજે પણ જે કતલખાના "બીન - આર્થિક" પશુઓની થીઅરીને કારણે શરૂ થયા છે તેમને અટકાવવા સંગઠીત પ્રયાસો કરવા રહ્યા.

# ઉમદા પશુધનની કતલ પગ પર કુહાડા સમાન

ગુજરાત સરકારે પર્યુષણના પવિત્ર મહાપર્વ દરમિયાન જીવદયાના ઉમદા સિધ્ધાંતને વળગીને સંપૂર્ણ પર્વમાં રાજ્યભરમાં કતલખાના બંધ રાખવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય હિંદુ ધર્મના ઉંડા સિધ્ધાંતો અને ઉંચા આદર્શો સાથે સુસંગત છે. એ માત્ર એક રાજકીય સ્ટન્ટ નથી બલકે પ્રજાની માંગનો સ્વીકાર છે, માનવીના સાદનો પ્રતિસાદ છે. મહારાષ્ટ્રમાં પણ એ જ રીતે પર્યુષણના મહાપર્વ દરમિયાન કતલખાનાઓ બંધ રાખવાની માંગણી ઉઠી હતી.

કતલખાનાઓ બંધ કરવા પાછળનો આશય લઘુમતી કોમો પર બહુમતી કોમનું દબાણ કે અણઘટતું વર્ચસ્વ નથી. આરોગ્ય, આર્થિક પરિસ્થિતિ, દેશની ખેતીની પ્રથા તે સઘળા સાથે પશુધન વધ ઉપર નિષેધ મુકવાની વાત રહેલી છે.

ધર્મની દ્રષ્ટીએ ગૌમાતા અને પશુધન પવિત્ર ગણાય છે. આચાર્ય શ્રી. વિનોબાજીએ કટોકટીના સમય દરમિયાન ગૌવધ ઉપર નિષેધ મુકવાની માંગણી કરી હતી અને જો તેમ ન કરાય તો આમરણ ઉપવાસ ઉપર જવાનો નિર્ણય જાહેર કર્યો હતો. સરકારે એમની માંગ મંજૂર રાખી હતી. પરંતુ રાજકીય રમત રમી જઈને માત્ર ગાયોની કતલ ઉપર જ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. પરિણામ એ આવ્યું કે હજારોની સંખ્યામાં ભેંસો, બળદો અને વાછરડાની કતલ ચાલુ જ રહી. જીવદયાના હિમાયતીઓ લઘુમતીઓના આહારની આદતો બળજબરીથી બદલાવવા માંગતા નથી. તેમનો વિરોધ એ છે કે માંસાહારીઓને ખોરાક માટે જોઈએ તેના કરતાં અનેક પ્રમાણમાં વધુ પશુધનની કતલ થાય છે. આ માંસની નિકાસ દરરોજના હજારો ટનના હિસાબે કરવામાં આવે છે.

પશુ હત્યાના વિરોધીઓ વાજબી રીતે દલીલ કરે છે કે આ પિશાચી નિકાસ બિનજરૂરી છે એટલું જ નહીં પરંતુ આર્થિક દ્રષ્ટિએ અને ખેતીવાડી માટે એક ભયસ્થાન સમાન છે. ભારતનું ગ્રામીણ અર્થતંત્ર આપણા પશુધન સાથે નિકટનો સંબંધ ધરાવે છે. પ્રત્યેક બે ભારતવાસીઓ માટે એક ગાય - ભેંસ કે બળદ હોય છે જે તેની ખાધ - ખોરાકી - ખેતી - ખાતર વગેરે ચીજો પૂરી પાડે છે. મહાત્મા ગાંધીએ આ બાબત ઉપર ઘણો ભાર મુક્યો હતો. ધર્મની દ્રષ્ટિએ, અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ અને ખેતીવાડીની જરૂરીયાત જોતા પશુધનની જાળવણી ભારતની પ્રજા માટે જીવનદોરસમાન છે. પશુધનની કતલ આપણા માટે એક રાષ્ટ્રીય આત્મહત્યા સમાન છે. આપણા પગ ઉપર જ જાતે કુહાડો મારવા સમાન છે.

એક સામાન્ય દાખલો અત્રે અસ્થાને નહીં ગણાય. આજે રાસાયણિક ખાતરનો ઉપયોગ અનિવાર્યબની રહ્યો છે. વાસ્તવમાં તેનો ઉપયોગ લાંબાગાળે આપણી જમીનને સત્વહીન બનાવનારો પુરવાર થશે. પશ્ચિમના દેશોએ આ પાઠ અનેક દસકાઓ પછી શીખ્યા છે. જ્યારે આપણે રાસાયણિક ખાતર પાછળ આંધળી દોટ મુકી રહ્યા છીએ, એટલું જ નહીં પરંતુ કુદરતી ખાતર જે પશુધન દ્વારા આપણને ઘરઆંગણે જ મળી શકે છે, તેને આપણે લાખોની સંખ્યામાં પશુઓની કતલ કરીને બરબાદ કરી રહ્યા છીએ. આ એક સરાસર મુર્ખાઈ છે. રાષ્ટ્રીય ધોરણે, ખુલ્લી આંખે બરબાદીનો માર્ગ અપનાવવા સમાન છે.

ગૌવધ સામેનો વિરોધ હિંદુ - મુસ્લિમો કે પછી માંસાહારી અને શાકાહારીઓ વચ્ચેનો ગજગ્રાહ નથી. સઘળા ભારતવાસીઓ આ મહાન દેશની ફળદ્રુપ જમીન ઉપર તેના કિંમતી પશુધન સાથે પોતપોતાના રીતરીવાજો જાળવીને સંપ અને એખલાસપૂર્વક કેમ જીવી શકે તે શીખવાની આપણને જરૂર છે. આર્થિક હીત ધરાવનારા સ્વાર્થી જુથો, પશુધનને અને કતલખાનાઓને માત્ર પોતાની કમાણીનો એક માર્ગ જ ગણે છે. આ પ્રશ્નને સમગ્ર રીતે તપાસવાની જરૂર છે, જો દેશમાં પશુધનની જાળવણી કરવામાં આવશે તો ખાતર અને ખેતીમાં તે અમૂલ્ય ભાગ ભજવશે.

આજે ભારત એટલી આર્થિક તાકાત નથી ધરાવતું કે દેશના ચાર લાખ ગામો અને તેના વિશાળ ખેતીના પ્રદેશોમા લાખો ટ્રેકટરો ગોઠવી શકે અને તે ટ્રેકટરોને ચલાવવા માટે કરોડો બલકે અબજો રૂપિયાનું પેટ્રોલ ખરીદી શકે. આધુનિક યંત્રો સામે આપણો વિરોધ નથી. પરંતુ તે ખરીદવા માટે આપણી પાસે નાણા નથી, તે ચલાવવા માટે આપણે પેટ્રોલ ખરીદી શકતા નથી ત્યારે ખેતીની બન્ને પધ્ધતિઓ એક સાથે જાળવવી રહી અને તેના માટે પશુધનની જાળવણી અને જતન આવશ્યક બલકે અનિવાર્ય છે.

માંસની નિકાસ કરનારાઓ અને તેની સાથે સામેલ થયેલા સત્તાવાળાઓ એવી હૈયાધારણ આપે છે કે ગાયની કતલ થશે નહીં. તંદુરસ્ત પશુનો વધ કરવામાં આવશે નહીં. પરંતુ હકીકતમાં હજારોની સંખ્યામાં ભેંસો, જે વસુકી બની નથી, બળદો જે ખેતી માટે તંદુરસ્ત અને હૃષ્ટપુષ્ટ છે, અને નિર્દોષ વાછરડા જે તંદુરસ્ત છે તેની કતલ કોઈપણ પ્રકારની રોકટોક વિના ચાલુ જ છે. આ કતલ દેશના માંસાહારીઓ માટે ખોરાક પુરો પાડવા માટે નહીં પરંતુ પશુઓના હાડ-માંસ અને રકતમાંથી પૈસા કમાવા માટે જ થાય છે. જીવદયાના હિમાયતીઓનો વિરોધ આની સામે જ છે અને આ વિરોધ દરેક રીતે વાજબી છે.

આ હતી સત્તાવાર કતલખાનાઓની વાત. પરંતુ કહેવાની જરૂર નથી કે બિનસત્તાવાર કતલખાનાઓ દરેક શહેરની અનેક ગલીઓમાં ચાલી જ રહ્યા છે અને તેની સામે વિરોધ કરનારાઓને પોતાના જીવની આહૂતિ આપવી પડે છે. અમદાવાદમાં તાજેતરમાં શ્રીમતી ગીતાબેન રાંભિયાની થયેલી હત્યા એ આનું તાજુ જ ઉદાહરણ છે. કમનસીબી એ છે કે આવા સમાજસેવકો અને જીવદયાના હિમાયતીઓ પોતાના ઊંચા આદર્શોને આધારે ભારે જોખમો ખેડી ગોવધ સામે વિરોધ કરે છે. આ વિરોધ કોઈપણ લઘુમતી કોમ વિરુધ્ધ નથી, તેના ધર્મ કે ખાધાખોરાકીની આદતો છોડાવવા માટે નથી. પરંતુ સમગ્ર રીતે દેશની આર્થિક અને ખેતીવાડિની આબાદી થાય અને કોમ કોમ વચ્ચે સમાધાન અને સમર્જાતથી જિંદગી જીવવામાં આવે તે જ આશયથી આ વિરોધ કરાતો હોય છે. તેને વિકૃત સ્વરૂપ આપી લઘુમતી કોમ ઉપર દબાણ લાવવામાં આવે છે. તેમની ધાર્મિક માન્યતાઓ બદલાવવાના પ્રયાસરૂપ આ વિરોધ છે તેમ જણાવી હિંસાનો આશરો લેવાય છે. બહુમતી કોમની સહનશીલતા અને ઉદારતા છે કે આટલું બધુ થવા છતાં તે સમાધાન અને સમર્જૂતના માર્ગને વળગી રહી છે, અને પોતાની પ્રવૃત્તિને શાંતિમય રીતે આગળ ધપાવે છે.

છેલ્લા લાંબા સમયથી દેશની વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને જીવદયા પ્રેમીઓ દ્વારા ગૌવંશ હત્યા પર પ્રતિબંધ મુકવા માટે આંદોલન ચલાવવામાં આવી રહ્યુ છે. પરંતુ સરકાર સ્તરે આ સામે રાજકારણ રમાતું જોવામાં આવે છે. કેન્દ્ર સરકાર સમક્ષ જ્યારે આ અંગે રજુઆતો કરવામાં આવે છે ત્યારે રાજ્ય સરકાર હસ્તક આ બાબત છે તેમ કહી મામલો રાજ્ય સરકાર ઉપર ઢોળી દેવાય છે. વાસ્તવિકતા એ છે કે પશુઓના માંસની અને અન્ય ચીજોની નિકાસ દ્વારા સરકારને વિદેશી હુંડિયામણની જે અઢળક આવક થાય છે તેની લાલચ આ પ્રકારના પ્રતિબંધની આડે આવે છે.

હાલમાં સરકાર દ્વારા દેશના ઔદ્યોગિક ક્ષેત્રે છૂટછાટભરી નીતિ અપનાવવામાં આવી રહી છે. આ નવી નીતિને કારણે વિદેશના મોટા ઔદ્યોગિક ગૃહો માટે ભારતના દરવાજા ખુલ્લા મુકી દેવાયા છે. આમ થતાં વિદેશોમાં કારખાનાઓમાં મોટા પાયે માંસને તૈયાર કરી બજારમાં મુકતા કોઈ મોટા ઉદ્યોગના આપણા દેશમાં આગમનની શક્યતા નકારી શકાય નહીં. જો આમ થશે તો જેણે વિશ્વને અહિંસાનો મંત્ર આપ્યો છે તેવા ભારત જેવા દેશમાં, દેવનાર જેવા કેટલા કતલખાના સ્થપાશે તેની કલ્પના જ કરવી રહી.

પશુઓની કતલનો વિરોધ કરનારાઓ અને કતલખાના બંધ કરાવવાનો આગ્રહ રાખનારાઓની સામે એવી દલીલ કરવામાં આવે છે કે માંસાહારીઓને ચોખ્ખું માસ પૂરૂ પાડવા માટે સરકારી કતલખાનાઓ ચલાવાય છે. આ દેશના નાગરિકની સુખાકારી જાળવવાની જવાબદારી સરકારની છે અને તે માટે કતલખાનાઓ ચલાવાના હોય તો બરાબર છે પરંતુ આવા કતલખાનાઓમાં પણ સરકારના નિયમોનો છડેચોક ભંગ થતો હોય તો તે કતલખાના શા માટે ચાલુ રહેવા જોઈએ? તંદુરસ્ત પશુઓની કતલ નહીં કરવાના નિયમોનો છડેચોક ભંગ થાય છે અને તેના સચિત્ર અહેવાલો અખબારોમાં પ્રસિધ્ધ થઈ ચુક્યા છે. જરૂરી છે તેના કરતાં અનેકગણા વધુ પશુધનની કતલ થાય છે તેને કોણ અટકાવશે?

જીવદયા પ્રેમીઓની ધીરજ અને સહનશીલતા ખુટી જાય તે પહેલા જ સરકારી તંત્ર જાગે અને આપણા નેતાઓ આ દિશામાં તુરત જ પગલા લેવા સક્રિય બને તેવી આશા રાખીએ.

જેહાન દારૂવાલા

મુંબઈ સમાચાર બુધવાર, તા. ૧૫-૯-૧૯૯૩

VINIYOG

# માણસના ખોરાક તરીકે કૂતરાની નિકાસનો વેપાર

તેલ અવીવ, તા.૩જી ઓગસ્ટ.
(ડી.પી.એ.)

એક ઈઝરાયલી વેપારીએ ફિલીપાઈન્સમાં કુતરાઓની નિકાસ કરવાની યોજના બનાવી છે, ત્યાં તેઓનો ઉપયોગ સ્થાનિક પ્રજાના ખોરાક તરીકે થશે, આ બાબતથી ઈઝરાયલના પશુ અધિકાર જૂથોમાં ઉહાપોહ મચી ગયો છે, એમ જેરુસલામ પોસ્ટના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

સોલો લેઈબોવીત્ઝ નામના ૪૪ વર્ષના વેપારીનો કેની કુઝીનનો નિકાસનો પ્રોજેક્ટ છે, તેણે અખબારને જણાવ્યું હતું કે ૧૨ કુતરાઓનું પ્રથમ ટ્રાયલ શીપમેન્ટ થોડા દિવસોમાં રવાના થશે.

રસ્તા પર રઝળતા કુતરાઓને મારવાને બદલે તેઓને ભુખ્યા લોકોના ખોરાક તરીકે એશીયા મોકલવુ માનવતાભર્યું ગણાશે, એમ તેમને ગઈકાલે ટાંકીને જણાવવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ફિલીપાઈન્સમાં કુતરાઓના માંસને સ્વાદવાળો ખોરાક માનવામાં આવે છે અને તેમણે એવો દાવો કર્યો હતો કે નાનો કુતરો ફિલીપાઈન્સના સરેરાશ કુટુંબને માટે બે ટંકનો ખોરાક છે, જયારે મોટો કુતરો કેટલાક દિવસ સુધી ચાલે છે.

પશુ અધિકાર જુથોએ શીપમેન્ટ સામે કાનુની પગલાં લેવાની વિનંતી કરી હતી અને લોકમત કેળવવાનો પ્રયાસ કર્યો છે. સ્થાનિક ફોન ઇન રેડિયો કાર્યક્રમોમાં વિરોધનો વંટોળ ઉભો થયો છે, પણ સરકારી અધિકારીઓના જણાવ્યા પ્રમાણે જો કુતરાઓને યોગ્ય રીતે મોકલવામાં આવે અને તેઓને રસી આપવામાં આવી હોય તો તેઓની ફિલીપાઈન્સ નિકાસ કરવા પર કોઈ પ્રતિબંધ નથી.

મુંબઈ સમાચાર બુધવાર, તા. ૪-૮-૧૯૯૩

# પ્રભુએ સર્જેલા તમામ જીવોનો વેપાર કરતો માનવી

## ચાણક્યનું અર્થશાસ્ત્ર

• ડૉ. ભરત ગરીવાળા

પ્રભુએ સર્જેલું આ બેપગું પ્રાણી ''માનવી'' જેટલું બુદ્ધિશાળી છે એટલું જ ક્રૂર છે. ગયા અઠવાડિયે 'સંદેશ'માં એક સમાચાર હતા કે, દક્ષિણ ભારતમાં રખડતા કૂતરાને એકાંતમાં પકડી, તેમને મારી નાંખી, તેમની ચામડ ઉતારી લેતાં ક્રૂર માનવીઓની તસવીર એક જાંબાજ ફોટોગ્રાફરે લીધી હતી, જે ચામડીને વેચી મારનારને માંડ ૫૦/૧૦૦ રૂા. મળતા હતા. આ તો એક સેમ્પલ સમાચાર છે આંખ ઉઘાડનારા. વિશ્વમાં દર વર્ષે કરોડો પ્રાણીઓ, પક્ષીઓ, જળચરોનો બેરહમ નાશ કરતા માફીઆઓને પણ ચઢે તેવા અતિક્રૂર માણસો પણ વસે છે તે હકીકતો હવે ધીમે ધીમે બહાર આવતી જાય છે.

ટાઇમ મેગેઝિનના એક તાજેતરના લેખમાં જણાવ્યા પ્રમાણે વર્ષે ૧૦ બિલિયન ડૉલર એટલે કે વર્ષે રૂા ૩૨,૦૦૦ કરોડનો આવો ગેરકાયદેસરનો- સ્મગલીંગનો ધંધો પ્રાણીઓ-પક્ષીઓને વેચવાનો વિશ્વમાં ચાલે છે. ગુજરાત સરકારની આઠમી પંચવર્ષીય યોજનાના રૂા. ૧૧૫૦૦ કરોડ કરતાં આ આંકડો ત્રણગણો છે અને ભારત સરકારની કુલ ટેક્ષની વાર્ષિક આવક કરતાં અડધો છે. આ બતાવે છે કે, કેટલા પ્રાણીઓ/ પક્ષીઓને રહેંસી નાંખવામાં આવતા હશે. ડ્રગ્સ અને હથિયારો પછી આ ધંધો સ્મગલીંગમાં ત્રીજા નંબરે આવે છે.

હવામાં ઊડતા પક્ષીઓ, જમીન પર ચાલતા પ્રાણીઓ, પાણીમાં રહેતા જળચરો કે પેટે ચાલતા જાનવરો એ તમામનો ભોગ લેવા આ માનવી તરસ્યો બન્યો છે. આફ્રિકા અને એશિયાના દેશો અલભ્ય પ્રાણીઓ અને અલભ્ય પક્ષીઓ માટે જાણીતા છે. લેટીન અમેરિકા તથા કેટલેક અંશે રશિયામાંથી પણ આવા અલભ્ય જીવો મળે છે. આ બધા ધીરે ધીરે અદ્રશ્ય થવા માંડયા છે. જે બચ્યા છે તે પણ ૨૦/૨૫/૫૦ વર્ષ પછી હશે કે કેમ તે શંકા છે. દા,ત, ભારત, રશિયા અને ચીનના વાઘો કે આફ્રિકાના જંગલી હાથીઓ અલભ્ય છે. આજે ચીનમાં વાઘ અદ્રશ્ય થઇ ગયા છે જ્યારે ભારતમાં અને રશિયામાં માંડ થોડાં બચ્યાં છે.. આફ્રિકામાં હાથીઓની પણ આજ દશા છે. આફ્રિકાના એપ વાંદરા, ગોરીલા, ચિપાન્ઝી વગેરેના દરેકના ૧૦૦૦૦થી ૨૦૦૦૦ ડૉલર અમેરિકા-યુરોપમાં ઊપજે છે. આફ્રિકા/ ભારત/ લેટીન અમેરિકા જેવા ગરીબ દેશોમાં ગામડાંના ગરીબો આવા પ્રાણીઓ/પક્ષીઓને પકડે છે જે વચેટિયાઓ ૫થી ૧૦ ડૉલરમાં (ભારતમાં ૫૦થી ૧૦૦ રૂપિયામાં) પડાવી લે છે. પછી તેને ગેરકાયદેસર રીતે શીપમાં કે વિમાન દ્વારા સ્મગલીંગ કરી અમેરિકા/ યુરોપ/ જાપાનમાં પહોંચાડી દેવાય છે. આ અબોલ પ્રાણીઓ-પક્ષીઓને પકડવા ક્રૂર રીતો અપનાવાય છે. દા.ત. એક પક્ષીની પાંખો કાપી નાંખી તેને જમીન પર ફેંકાય છે. આ જોઇ તેના બીજા સાથીઓ ત્યાં ભેગાં થાય છે. અગાઉથી પાથરેલી આ જાળમાં પક્ષીઓ ફસાઇ જાય છે. આફ્રિકામાં એક એપ વાંદરીએ નાના બચ્ચાઓને જન્મ આપ્યો હોય તો પહેલાં વાંદરીને બંદૂકથી મારી નાંખે છે પછી નાનાં બચ્ચાઓને ઉઠાવી જાય છે. આર્જેન્ટીયામાં ૧૦૦/૨૦૦ ફૂટ ઊંચા ઝાડો પર મકાઊ પક્ષીઓ માળા બાંધે છે ત્યાં લાખો ઝાડો કાપી નંખાય છે જેથી માળા સહિત નીચે પડતાં આવા અલભ્ય પક્ષીઓને પકડી લેવાય છે. મકાઊ પક્ષીના ૧૫૦૦/૨૦૦૦ ડૉલર મળે છે.

યુનોએ એક કાયદો પસાર કરી ગેરકાયદેસર પશુ-પક્ષીઓને પકડવા કે વેચવા પર પ્રતિબંધ મૂકયો છે. પણ ૧૨૦ દેશો જેમણે આના પર સહી કરી છે તે બધાં દેશોમાં આનું ઉલ્લંઘન થાય છે. ભારતમાં પણ આવો કાયદો હોવા છતાં તે કાગળ પર જ છે અને આમાં ભાગ્યે જ કોઇને પકડવામાં આવે છે, આનો સૌથી મોટો ધીકતો ધંધો ભારતમાં હોવા છતાં જે કોઇ પકડાય છે તે એમ જ નજીવા દંડમાં કે ગુનો સાબિત થયા વગર છૂટી જાય છે.

આવા પ્રાણીઓ.પક્ષીઓ સ્મગલ આનું ભોજન આરોગી ચૂકયા છે. આ ક્રૂરતાથી વિશ્વ કયાં જશે?

કેટલાયે પ્રાણીઓ-પક્ષીઓને ઝૂમાં પ્રદર્શિત કરવા, સરકસમાં ખેલ કરાવવા કે ઘરોમાં પાલતુ પ્રાણીઓ તરીકે લોકોને દેખાડવા પાંજરાઓમાં પૂરી રાખવામાં આવે છે. આવા કિસ્સાઓમાં એ વાત ચોક્કસ છે કે આવા પશુ-પક્ષીઓને બહુ સારી રીતે રાખવામાં- ખવડાવવામાં આવે છે. પણ પાંજરામાં પૂરી રાખે જીવનભર તે ક્રૂરતાનું શું? અમેરિકામાં માઇકલ જેકસનનું પોતાનું ૧૦૦૦ એકરનું જંગલ છે જેમાં તે કેટલાયે પ્રાણીઓને છૂટા રાખે છે. પણ આવા કેટલાં?

પ્રભુએ સર્જેલો પ્રાણીઓ- પક્ષીઓ જળચરોને ક્રૂરતાથી પકડવા- મારવા- તેમને ખાઇ જવા એ માનવી કેવી રીતે કરી શકતો હશે. વાઘ- ચિત્તા- હાથી- મગર- વગેરેને મારી તેમની ચામડીઓ ઉતારી લેવી- થોડાક પૈસા માટે- તે કેમ થતું હશે? વાઘ- ચિત્તા- એ- હાથી વગેરેના નાના બચ્ચાંઓને પકડવા તેમની માને મારી નાંખવી તે કેમ થતું હશે? જીવતા સાપ, કરવાની પણ જાતજાતની તરકીબો પણ ક્રૂર છે. દા.ત. સૂટકેસમાં નીચે વધારાનું એક તળિયું કરી વચ્ચે પક્ષીઓને ઊંઘની દવાઓ ખવડાવી ભરવામાં આવે છે. એ જ રીતે ડ્રગ આપીને પક્ષીઓ, સાપ, કાચબા, દેડકા વગેરેને ટાયરોમાં કે એવી બીજી રીતે ઠચોઠચ ભરીને મોકલવામાં આવે છે. ડ્રગનો વેપાર કરતા લોકો પણ આવા પ્રાણીઓના શરીરોમાં ચીરા મૂકી ડ્રગનું સ્મગલીંગ કરતાં હોય છે. ગેરકાયદેસર મોટા પ્રમાણમાં લઇ જવા માટે ચાર્ટર ફલાઇટના વિમાનો પણ ભાડે રખાય છે.

વિશ્વમાં મોટા ભાગની પ્રજા નોન-વેજીટેરિયન છે. જેથી આ લોકોના ભોજન માટે રોજેરોજ લાખો પ્રાણીઓ, માછલીઓ, પક્ષીઓ, રેપટાઇલનો ભોગ લેવાય છે. અમેરિકા, યુરોપ, જાપાન તથા વિકસેલા એશિયન દેશો જેવા કે સિંગાપોર વગેરેમાં તમને જીવતા જળચરો, મરઘીઓ વગેરે રેસ્ટોરન્ટમાં દેખાડાય છે. જયારે તમે ભોજન કરવા બેસો ત્યારે જે જીવતા પ્રાણીને તમે પસંદ કરો તેને તાજું જ મારી, પકવી તમને ખાવા પીરસાય છે. અમદાવાદના અને ગુજરાતના કેટલાંયે મહાનુભાવો જીવતી માછલીઓ, ઓકટોપસ, જીવતી મરઘીઓ, વગેરેને પસંદ કરી, તાજું ભોજન બનાવી કેવી રીતે ખવાતું હશે?

મેડીસીનના રિસર્ચ માટે કેટલાયે વાંદરા, સસલાં, દેડકાં વગેરેનો હજારોની સંખ્યામાં રોજ ભોગ લેવાય છે. પૈસાના મોહમાં માનવી કેટલો ક્રૂર બની શકે છે તે તો આ આખો ઇતિહાસ બનાવી વાંચીએ/ જાણીએ તો જ ખબર પડે તેમ છે. માનવ અધિકારો અને પર્યાવરણની બનાવટી વાતો કરતાં, દેશમાં અને વિશ્વમાં સાધુસંતો જેવાં મોંઢા બનાવી ફરતાં પર્યાવરણવાદીઓ, આદિવાસીના બનાવટી ચાહકો અને ખિસ્સામાં બારે મહિના વિદેશી એરલાઇનની ટિકિટો લઇ ફરતાં પેલાં એકટીવિસ્ટોને આ બધી ખબર નથી?

ઇસુખ્રિસ્ત, મહમદ પયગંબર, ગૌતમ બુદ્ધ કે ભગવાન મહાવીરને માનતા આખા વિશ્વના લોકો તેમની દરેક પ્રાણી પર દયા રાખવાની વાતને કેમ ભૂલી ગયા હશે? શું પૈસા તેમનાથી પણ વધુ પ્રિય છે?

●

VINIYOG

૧૦

# અમેરીકા, યુરોપે જેનો બહિષ્કાર કર્યો છે તે ખતરનાક હોર્મોન ભારત જેવા દેશોને વેચાશે

રશિયા ભારતને ક્રાયોજેનિક રોકેટ ટેકનોલોજી ટ્રાન્સફર કરવા માંગી કરારનું પાલન કરવા માંગતું હતું ત્યારે અમેરીકાએ રશિયાને આમ નહીં કરવા ખુલ્લેઆમ ધમકી આપી. જર્જરીત રશિયાને જો તેના પગ પર ઊભા રહેવું હોય તો પણ અમેરીકાની સહાય અને રહેમ નજર વગર ચાલે તેમ નથી.

ભારત કે તેના જેવા વિકસતા દેશોનો કોઈપણ ક્ષેત્રમાં વિકાસ રૂંધાઈ જાય તે માટે અમેરીકાએ તેની કે... અમેરિકા તેનો દંડો ઉગામી

એક તરફ અમેરિકા તેની વિશ્વભરમાં ધાક જમાવવામાં સફળ થતું જાય છે તો બીજી તરફ અમેરીકા પોતાના દેશમાં પ્રજાના વિરોધ કે હીતમાં ન હોય તેવી તમામ પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ્સ અને ઉત્પાદનો ભારતની ભુમિ પર કરે છે.

સરકારને વિશ્વ બેંકમાંથી જંગી લોન લેવી હોય કે અવિકસીત કે વિકસીત દેશોની યુનોની સહાય જોઈતી હોય કે વિશ્વબેંક કે યુનોની જે શરતો હોય તેને મજબુરીથી સ્વીકારવી પડે છે. વિશ્વબેંક કે યુનો જેવા દેશો પર બહુરાષ્ટ્રીય એન્ટ્રીના નામે શરૂ કરવાની તૈયારી આરંભી દીધી છે.

ઠંડા પીણાઓ, ફૂડ પ્રોસેસીંગ, રસાયણો, રંગ, કાપડથી માંડી બીયર-દારુ અને ખતરનાક દવાઓના રોજગારી સ્વાસ્થ્યને માટે અત્યંત ખતરનાક પ્રોજેક્ટસની ફાઈલ્સ ક્લીયરીંગ માટે ભારતના મંત્રાલયમાં પડી છે.

અમેરિકા ખરેખર તો ભારતનું બ્લેકમેઈલીંગ કરે છે.

તો જુદીજુદી સંસ્થાઓ, કોર્પોરેશનના વડાઓ, જે તે રાજ્યના મંત્રીઓ પણ તેમના અંગત ફાયદા કે વિકાસના નામે બહુરાષ્ટ્રીય કે વિદેશી ઘુસણખોરીને હોંશેહોંશે અપનાવે છે અને પોતાની મતને 'હાઈટેક' યુગમાં પ્રવેશ્યાનો સંતોષ માને છે. તેઓ એ નથી વિચારતા કે આ બધુ જ સંશોધન, ટેક્નલોજીનો અમેરીકામાં કોઈ ભાવ નથી પુછાતો અને કાંતો પ્રજાએ સ્વાસ્થયને હાનિકારક હોય તેનો વિરોધ નોંધાવ્યો હોય છે.

કરેલ એક બીજો પગપેસારો જે ખરેખર સૌથી ખતરનાક નીવડી શકે તેમ છે તે બહાર નથી આવ્યો.

અમેરીકા સહીત પશ્ચિમના મોટાભાગના દેશોએ દુધનું ઉત્પાદન વધારવા માટે બોવીને સોમાટોટ્રોફીન (બીએસટી)નામનું પ્રોટીન હોર્મોન શોધી કાઢ્યું છે. નિયમીત અંતરે દુધાળા ઢોરોને આ હોર્મોન ઈન્જેક્ટ કરવાથી ઢોરોને આ દુધ આપવાની માત્ર અસાધારણ રીતે વધી જાય છે. યુરોપ, અમેરીકાએ આ પ્રોટીન હોર્મોન શોધ્યું ત્યારે ભારત જેવા વિકસીત અને અવિકસીત દેશો તેમની આ ફોર્મ્યુલા લઈ ન જાય તેની ખાસ તકેદારી રાખી. ભારત જેવા ખેતીપ્રધાન દેશને જો આવું હોર્મોન હાથ લાગી જાય તો ભારતમાં ક્રાંતિ થઈ જાય. ભારતે આવા સંશોધનોનો ભુતકાળમાં તેને પણ ફાયદો થાય તે માટે અવારનવાર કાકલુદી કરી છે પણ વિકસીત

અમેરીકાની આંગળીના ઈશારે નાચે છે તે તો હવે વિશ્વ આખું જાણે છે. અમેરીકા જે નીતીઓ સુચવે તેનું આપણા લોકોએ પાલન કરવું પડે.

ભારતના નાણા મંત્રાલયે અને વિદેશ મંત્રાલયે બહુરાષ્ટ્રીય કંપનીઓ માટેના દરવાજા ખોલી નાંખ્યા છે તે વિશ્વબેંક અને અમેરીકી લોબીના દબાણથી જ થયું છે.

અમેરીકા એવી તમામ દવાઓ, કે જેનો અમેરીકામાં પ્રતિબંધ છે તેના પ્રોજેક્ટ્સને ભારતમાં ઘુસાડવાની યોજના બનાવી છે. પ્રદુષણનો વ્યાપક વધારો થાય તેવા ઝેરી કેમીકલ્સ, પ્રવાહી, વાયુ છોડતા, ઉદ્યોગોનો અમેરીકી પ્રજાએ ઉગ્ર વિરોધ કર્યો છે. એવા ઉદ્યોગો અમેરીકાએ ભારત

કંડલા બંદર પર મીઠુ પકવવાનો આપણો પરંપરાગત ઉદ્યોગ પણ હવે અમેરીકાની કારગીલ કંપનીને સોંપવાની ગતિવિધી અત્યંત વિરોધ વચ્ચે આગળ

**વિવિધા**

...પંદ... ...ચ્છી

ચાલી રહી છે.

આવા વિવાદ હેઠળ યુરોપીય દેશોએ દેશોએ ક્યારેય સહાનુભુતિ ન બતાવી.

હવે ઢોરોને વધુ દુધાળા બનાવે તેવા આ હોર્મોન ઢોરોના સ્વાસ્થ્ય માટે, ઢોરોના આયુષ્ય માટે તેમજ દુધની ગુણવત્તાની રીતે ખતરનાક છે તેવું સંશોધન બાદ પુરવાર થયું છે. એટલું જ નહીં પણ આ બીએસટી હોર્મોન અપાયેલ ઢોરો જે દુધ આપે છે તે દુધ પણ માનવજાત માટે સ્લો પોઈઝન અને જુદા જુદા રોગોને આમંત્રણ આપનાર નીવડે છે તેવું વર્માઉન્ટ યુનિ.ના મારીયા લ્યાંગ નાના સંશોધકે સાબીત કરી દીધું છે. પશ્ચિમી દેશોમાં ખળભળાય મચી ગયો. ગઈકાલ સુધી જે શોધને ક્રાંતિકારી ગણાતી હતી તે એ પ્રાણી અને માનવજાતનું નિકંદન કાઢી નાંખનારી પુરવાર થવા માંડી.

વિરપાનની એક શાખાએ આમ છતાં આ વાત પાયા વિનાની છે તેવો પ્રચાર ચાલુ રાખ્યો જેથી ભારત જેવા દેશોને આ હોર્મોન હવે ઊંચી કિંમતે વેચી એક આખો ઉદ્યોગ ત્રીજા વિશ્વના દેશોમાં ઉભો કરી શકાય.

ઉભી થઈ હતી. ત્યાં પણ આ સંશોધનનો બહિષ્કાર કરાયો.

આ હોર્મોનને દવાના રૂપમાં બનાવી કરોડો ડોલર્સનું રોકાણ અમેરિકાની પાંચ બહુરાષ્ટ્રિય ડ્રગ કંપનીઓ રોકાણ ... ૨..

ગુજરાત સમાચાર (૨૮/૭/૯૦)

# બહુરાષ્ટ્રિય કંપનીઓનો ઢોરો અને દુધમાં ધીમું ઝેર રેડવાનો ખતરનાક ધંધો

(૨)

યુરોપિયન કમીશને તો એક જાહેરનામું બહાર પાડીને આ હોર્મોનનો ઉપયોગ દુધ ઉત્પાદન વધારવા કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે તો પછી તેઓ ભારત જેવા દેશોમાં પગપેસારો કરવા કેમ તૈયાર થયા છે?

અમેરીકામાં પણ આ હોર્મોનની આડઅસરની જાહેરાતના પગલે પ્રચંડ ઝુંબેશ કરી ચુકી હતી. હવે શું કરવું? યુરોપ, અમેરિકામાં તો ધંધો કરવાનું શક્ય નહોતું. અને તેઓએ તેમનો માલ વિકસીત, ગરીબ દેશો પર ઠાલવવાની યોજના બનાવી.

ભારત જેવા વિદેશીઓને જોઈને જ ધન્યતા અનુભવતા દેશોએ તો બહુરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સને હોંશેહોંશે પોંખવાનું શરૂ કર્યું આવા ખતરનાક હોર્મોનની દવાઓ પાછળ કરોડો ડોલર્સ ખુવાર કરી નાંખનાર એ પાંચ બહુરાષ્ટ્રિય કંપનીઓ મોન્સાન્ટો, એલી લીલી, અમેરિકન સાયનામોડ, ઉપજોહન અને બાયો ટેક્નોલોજીકલના એજન્ટો હવે નાણા મંત્રાલય અને વિદેશ મંત્રાલયના આંટાફેરા લગાવવા માંડ્યા છે.

તેઓએ કેટલાક પગપાળા ભારતના નેતાઓ અગ્રણીઓને ખરીદી લઈને તેમની એક લોબી પણ બનાવી લીધી હોવાનું મનાય છે. દુધાળી ક્રાંતિ કે શ્વેતક્રાંતિ જેવા ઓમરેથન હેઠળ સરકારને, ડેરીઓને, પશુપાલન કરનારાઓને, ખેડૂતોને બીએસટી હોર્મોનની દવાની જાદુઈ તાકાતથી લલચાવવામાં આવી રહી છે જેથી બીએસટીની મોટાપાયે ભારતમાં આયાત કરી શકાય અને તેના દ્વાર ભારતમાં કાયમ માટે ખુલી જાય છે.

એવું પણ મનાય છે કે નેશનલ ડેરી ડેવલપમેન્ટ (એનડીડીબી) અને નેશનલ ડેરી રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ કરનાર (એનડીઆરઆઈ) પણ આ હોર્મોનની હિમાયત કરે છે.

એનડીડીબી જેમ બને તેમ તેનો રેકોર્ડ સુધારવા શક્ય એટલું દુધ ઉત્પાદન કરવા માંગે છે તેથી આવા હોર્મોન દુધાળા ઢોરોને આપવા પરિણામની પરવા નથી કરતું અને બીએસટી માટે વિદેશમાં જે વિવાદ સર્જાયો છે તે ખોટો છે તેવી વાતો કરે છે.

તો એનડીઆરઆઈએ છેલ્લા કેટલાક વર્ષોથી શ્વેત ક્રાંતિ કે પશુપાલન ઉછેર માટે કોઈ નક્કર સંશોધનો નથી કર્યા તેથી તેમની નિષ્ફળતા છાવરવા રેડીમેડ વિદેશી સંશોધન દ્વારા ડેરી ક્ષેત્રે પરિણામ આવે તેવું ઈચ્છે છે.

અમેરિકા અને યુરોપમાં જ્યારે બીએસટી હોર્મોન શોધાયું ત્યારે એવું સાબીત થઈ શક્યું કે તેની બનાવેલ દવા દુધાળા ઢોરોને આપવાથી ગમે તેવા માયકાંગલા ઢોર પણ થોડું ઘણું દુધ આપે છે. તંદુરસ્ત ઢોરો તો ૨૫ ટકા જેટલું દુધ વધારે આપે છે.

દુધાળા ઢોરોની ભુખ પણ વધે છે અને તે તંદુરસ્ત બને છે જેથી ગાયનો માંસ ઉદ્યોગ પણ તંદુરસ્ત બને છે તેવો દાવો કરાય છે.

એનડીઆરઆઈ એવી ખાતરી આપી છે કે તેઓએ બીએસટીના ઉદ્યોગ બાબતનું સંશોધન કર્યું છે અને કંઈ નુકશાનકારક નથી તેવા તારણ પર તેઓ આવ્યા છે. બ્રાઝીલ, મેક્સિકો અને ઝીમ્બાબ્વે જેવા દેશોમાં પણ બીએસટીની ઘુસણખોરી કરાવાઈ છે.


આ કંપનીઓની નાણાકીય સહાયથી જ વિદેશમાં તે નિર્દોષ છે તેવું એક સંશોધન બાદ બહાર આવ્યું છે તેથી લોકોને તે તારણમાં વિશ્વાસ નથી.

વર્માઉન્ટ યુનિ.ના વિજ્ઞાની મારીયા લ્યાંગે તો છાતી ઠોકીને બીએસટીની ખતરનાકતા જાહેર કરી છે. આ હોર્મોનની દવાથી દુધાળા ઢોરો દુધ વધુ આપે તે ખરુ પણ તેને કારણે માદા ઢોરોનો મોટાભાગે ગર્ભપાત થઈ જાય છે અને તેઓ જે બચ્ચાને જન્મ આપે છે તે પણ રોગી અને નિર્બળ હોય છે. ગર્ભધારણ થવાને કારણે ગાય જેવા પ્રાણી દુઝણા બને છે પણ દવાને કારણે ગર્ભપાત થઈ જતાં બચ્ચું મરી જાય છે અને દુધની સ્વાભાવિક માત્રા વધેલી જણાય છે.

યુ.એસ.ના વીસ્કોન્સીન, મીનેસોટા જેવા રાજ્યોમાંથી બીએસટી વિરોધમાં સૌપ્રથમ વાયરો ફુંકાયો હતો. યુરોપિયન કમીશને પ્રતિબંધક જાહેરનામુ બહાર પાડ્યું ને સાથે બહુરાષ્ટ્રીય કંપનીઓને સ્પષ્ટ થઈ ગયું હતું કે હવે તેઓની કરોડો ડોલર્સની તૈયાર બીએસટી દવાઓ માટે નવુ બજાર ઉભુ કરવું જ રહ્યું અને તેઓની નજર એશિયન, આફ્રિકન બજાર પર પડી. કુલ ૩૫૦૦ કરોડ રૂપીયાની દવા ચપોચપ વેચાઈ જશે તેવું સંશોધન સૌપ્રથમ બહાર આવ્યું ત્યારે આ કંપનીઓને લાગ્યું.

બહુરાષ્ટ્રિય કંપનીઓ વિરપાની મારીયા લ્યાંગો પર એટલી ગુસ્સે ભરાઈ કે જેઓ જુદાજુદા દબાણ વાપરી તેમને રાજીનામું આપવું પડે તેવી સ્થિતી નિર્માણ કરાવી.

આવું દબાણ યુએસ ડીપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર પર પણ આવ્યુ. આજે આટલો બધો વિવાદ થયો છતાં સરકારે આ ડીપાર્ટમેન્ટની દવા નહીં વાપરવા અંગે સ્પષ્ટ તાકીદ નથી કરી.



બીએસટી લેનાર ગાય, ભેંસ દુધ આપે છે તે દુધમાં કેટલાયે એવા ચેપી તત્વો સામેલ છે જે દુધ લેનાર માટે લાંબેગાળે ગંભીર રુપ ધારણ કરે છે.

વિશ્વભરમાં જેને આધારભુત ગણવામાં આવે છે તેવું બ્રિટીશ મેડીકલ જર્નલ 'લાન્સેટ' પણ બીએસટી કુદરતી હોર્મોન જેવું નથી તેમ જણાવી શંકા વ્યક્ત કરી ચુક્યુ છે અને તેમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે માત્ર ધંધાને નજરમાં રાખીને જ આ પ્રોડક્ટ તૈયાર થઈ રહી છે.

જે ગાયોને બીએસટી અપાયું છે તેઓની માતૃત્વ ધારણ કરવાની શક્યતાઓ ઘટે છે પણ કેટલાક રોગો પણ તે ઝડપથી ધારણ કરે છે.

આવું દુધ પીનાર પણ સામેથી કેટલીયે મુસીબતો નોતરી લેશે.

ભારતની એ કમનસીબી છે કે વિદેશના કોઈપણ સંશોધનથી આપણે પ્રભાવીત થઈ જઈએ છે તે સંશોધનના વિદેશમાં કેવા પરિણામ અને પડઘા પડ્યા તેનો પણ આપણે રાહ નથી જોતા.

આપણે ત્યાં જ બાયોટેકોલોજીકલ સંશોધનો થાય છે તે પણ વિદેશના સંશોધનોની લાઈનમાં આંધળુ અનુકરણ કરીને થાય છે.

બીએસટી ખરેખર હાનિકારક છે કે નહીં તે આપણી સંસ્થા કે સંશોધકો કહી શકે તેવી સ્થિતીમાં પણ નથી તેનાથી મોટી વાત બીજી કઈ હોઈ શકે.

કોકાકોલા જેવા ઠંડા પીણાથી માંડી દુધ જેવા જીવાદોરી સમાન પીણામાં પણ વિદેશી ટચ મેળવ્યા વગર આપણને ચાલતું નથી.

બીએસટીના પ્રતાપે દુધનું ઉત્પાદન વધશે. દુધ ઉત્પાદન વધેલ આંકડાઓ બતાવી જે તે સંસ્થાઓની છાતી બળદની જેમ ફુલશે પણ ગાયની છાતીના પાટીયા બેસી ગયા હશે અને તેને પીનાર દેશના કરોડો લોકો રોગી બનતા જશે તેની કોઈને પરવા નથી.

દુધના આંક બતાવવાનું ... નાર એમ વિચારે છે કે પશુ આરો... પ્રાણી પશુઓની દેખરેખની અને માનવઅસરને તપાસવાની જવાબદારી આરોગ્ય ખાતાની છે. આપણે શું?

એવું લાગે છે કે બહુરાષ્ટ્રિય કંપનીઓ રૂ. ૩૫૦૦ કરોડનો બીએસટી માલ વેચવામાં સફળ થશે.

(ગુજરાત સમાચાર

VINIYOG

સમકાલીન

પુસ્તક ૧૦ અંક ૧૯૩ સોમવાર ૨૬ જુલાઈ ૧૯૯૩

# લીંમડો અને લીંબોળી: વિદેશી મલ્ટીનૅશનલોની બાજનજર આપણાં મહામૂલાં વૃક્ષો ઉપર પડી છે

**ભા**રતમાં આયુર્વેદે જબરદસ્ત પ્રગતિ કરી હતી. ધીરે ધીરે આપણે આપણી વનૌષધિ વિશેનું જ્ઞાન ગુમાવતા ગયા અને પશ્ચિમની ઔષધોત્પાદક કંપનીઓ આપણી જ દવાઓનાં સંસ્કૃતને બદલે લૅટિન નામો વાપરીને એમાંથી મબલક કમાણી કરતી ગઈ. બારમાસી અને તુલસી જેવી વનસ્પતિઓના ઉપયોગ કૅન્સર મટાડવા માટે થઈ શકે કે કેમ એ નક્કી કરવા સારુ સંશોધનો ચાલી રહ્યાં છે. ઉત્તર ગુજરાતમાં વિપુલ પ્રમાણમાં થતા ઈસબગૂલની ઉપર મૉનૉપૉલી જમાવવા માટે વિદેશી મલ્ટીનૅશનલો પડાપડી કરી રહી છે. કડવા લીમડાનું લોકો દાતણ કરતા. તેનાં પાંદડાંનો ધુમાડો કરતા. તેની લીંબોળીઓ ખાતા. તેનાં પાંદડાંને વાટીને તેનો રસ પીતા. આ લીમડાની કડવાશ માનવીને તંદુરસ્ત રાખે છે. કર્ણાટકમાં તો એક મલ્ટીનૅશનલે લીમડામાંથી જંતુનાશક દવાઓ બનાવવાનું કારખાનું સ્થાપવા ધાર્યું છે. હમણાં હમણાં પશ્ચિમી સંશોધકોએ લીમડાની ઔષધીય ઉપયોગિતા વિશે ખાસ્સું સંશોધન કર્યું છે. લીમડામાંનું ઍઝૅડીરૅક્ટિન નામનું તત્ત્વ સૂક્ષ્મ જીવાણુઓનો અને વિષાણુઓનો નાશ કરે છે. એક મલ્ટીનૅશનલની પેલી ફૅક્ટરી રોજની ૨૦ ટન જેટલી લીંબોળીઓ વાપરશે. અત્યારે અમેરિકા વારંવાર ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઈટ્સની અને પેટન્ટોની અને ટ્રેડમાર્કોની ફિશિયારી મારે છે ત્યારે આ લીંબોળીઓ આપણે માટે ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઈટ્સ ગણાય કે નહિ? ભારતની ધરતીમાં ઊગેલી ચીજો કાચા માલ તરીકે પરદેશ જાય અને એમાંથી બનેલી દવાની આપણે આયાત કરીએ ત્યારે આપણે ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઈટ્સને નામે મોંઘીદાટ ફ્યુટી ભરીએ એ તો કાકા મટીને ભત્રીજા બનવા જેવું કહેવાય. લ્યુકેમિયા માટેની એક વિખ્યાત ઔષધિ માડાગાસ્કરમાં થતી વનસ્પતિમાંથી બનતી હતી. ધીરે ધીરે દવા બનાવતી કંપનીઓએ માડાગાસ્કરની એ ઔષધિને સાફ કરી નાખી.

નરસિંહ રાવે શરૂ કરેલી ઊંધી ખોપરીની લિબરૅલાઈઝ્ડ નીતિ થકી હવે કોઈ પણ વિદેશી કંપની ભારતમાં મૂડીરોકાણ કરી શકે છે અને કોઈ પણ ચીજની તે નિકાસ કરી શકે છે. આમાં દેશી ઔષધિનો તથા વનસ્પતિનો પણ સમાવેશ થાય છે. બાયો-પ્રૉડક્ટ્સ બનાવતી મલ્ટીનૅશનલોની આંખ હવે ભારતની વનસ્પતિઓ ઉપર પડી છે. ઍન્ટી-કૉલેસ્ટેરોલ ઔષધ તરીકે ગૂગળનો ઉપયોગ થાય છે. એમાંથી ભારતીય કંપનીઓ દવાઓ બનાવે છે. મલ્ટીનૅશનલો હવે વિપુલ પ્રમાણમાં આ ગૂગળની ભારતમાંથી નિકાસ કરી રહી છે. ઔષધિઓ અને વનસ્પતિઓ તો માનવજાતિનો સહિયારો વારસો ગણાય એવી વાહિયાત ફિલસૂફી વડે ભારતને આ મલ્ટીનૅશનલો ઊઠાં ભણાવી રહી છે. એવો જ બીજો એક ગબારો આ કંપનીઓ એન્વાયરન્મેન્ટ-ફ્રેન્ડલીનેસને નામે ફેલાવી રહી છે. લીમડા જેવાં આપણાં વૃક્ષો સદંતર નાશ પામશે. લીમડો તો ખેતરમાંના પાકનું જીવાંતો સામે રક્ષણ કરે છે. વનૌષધિમાંથી એક્સ્ટ્રૅક્ટ કાઢવાના મલ્ટીનૅશનલોના ઉધામાથી તો આખી ને આખી જાતો જ નાશ પામશે. ડબ્લ્યુ. આર. ગ્રેસ ઍન્ડ કંપની નામની અમેરિકાની વિરાટ કૃષિ-ઔદ્યોગિક મલ્ટીનૅશનલે લીંબોળીના બાયો-પેસ્ટિસિડલ ગુણો માટેના પેટન્ટ રાઈટ્સ ખરીદી લીધા છે. પશ્ચિમના આ ઘમંડ સામે સ્વદેશી કંપનીઓએ લીમડા ઝુંબેશ શરૂ કરી છે. કર્ણાટકમાં ટુમકુર ખાતે ડબ્લ્યુ. આર. ગ્રેસે ભારતીય સહયોગકાર પી. જે. માર્ગો પ્રાઈવેટ લિમિટેડ સાથે મળીને એક પ્લાન્ટ ઊભો કર્યો છે. ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઈટ્સ વિશેનું ગાટ ઍગ્રીમેન્ટ ભયંકર છે. વિસ્કૉન્સિનની વિકવૂડ લિમિટેડ નામની કંપનીના રૉબર્ટ લાર્સન પાસે લીંબોળીના જે પેટન્ટ રાઈટ્સ હતા એ રાઈટ્સ હવે લાર્સને પેલી ડબ્લ્યુ. આર. ગ્રેસ ઍન્ડ કંપનીને વેચી દીધા છે. ભારતે અમેરિકાના પેટન્ટ લૉઝને અમાન્ય રાખવા જોઈએ. પ્રૉપર્ટી રાઈટ્સ વિશેની ગાટ (જનરલ એગ્રીમેન્ટ ઑન ટ્રેડ ઍન્ડ ટેરિફ) સમજૂતીને ભારતે જાકારો આપવો જોઈએ. કર્ણાટકનો રાજ્ય રાઈથા સંઘ હાલ આ વિદેશી લીંબડાબાજીની સામે ઝુંબેશ ચલાવી રહ્યો છે. કેળાંની છાલથી માંડીને લીમડાની લીંબોળી સુધીની ચીજો અતિશય ઉપયોગી છે. વિદેશી કંપનીઓ આપણને ઉલ્લુ બનાવી રહી છે. લીમડો તો પર્યાવરણને પ્રદૂષણમાંથી બચાવે છે. નિષ્ણાત સી. એમ. કેતકર કહે છે કે ભારતમાં લીમડાનાં દોઢ કરોડ વૃક્ષો રોજ પાંચ લાખ ટન લીંબોળી આપે છે. આમાંથી માંડ ૨૦ ટકાનો ઉપયોગ થાય છે. લીમડાનાં બે વૃક્ષ એક હેક્ટર જમીન ઉપરના પાકનું રક્ષણ કરે છે. મહુડો અને લીમડો વાવીએ તો નજીકમાં તેલીબિયાં વધુ સારાં ઊગે

# લીમડા અભિયાન: અમેરિકાની બદદાનત સામે લડત

લીમડો આપણા માટે કલ્પવૃક્ષ સમું છે. ભારત જેનું મૂળ વતન છે, તેવા આ વૃક્ષનો માનવ-આરોગ્ય! પશુ-આરોગ્ય અને કૃષિમાં જંતુનાશક તરીકે ઉપયોગ થતો આવ્યો છે. વૈદિક કાળથી તે આપણી સંસ્કૃતિનું એક અંગ બની ''યું છે. ગૃહિણીઓ અનાજ અને કપડાંની જાળવણી માટે પણ તેનો ઉપયોગ કરે છે.

વિકસતા વિજ્ઞાને તેના અદ્દભુત ગુણનો પરિચય મેળવી લીધો છે. તેમાં રહેલું એઝાડિરાક્ટિન અને તે જૂથનાં કેટલાંક આલ્કલોઈડ્સ તેની કડવાશ અને તેના જંતુનાશક ગુણ માટે આભારી છે. લીમડાનો ગર્ભનિરોધક તરીકેનો ઉપયોગ સાબિત થઈ ચૂક્યો છે. કૃષિ ક્ષેત્રે ૪૭૦ કિટકોના નિયંત્રણ માટે તે અસરકારક માલૂમ પડયો છે. અત્યંત સહેલાઈથી ઊછરી જતું આ મજબૂત વૃક્ષ સમગ્ર ભારતમાં જોવા મળે છે. એક અંદાજ મુજબ ભારતમાં ૮૫ લાખ લીમડાનાં વૃક્ષો છે. લીમડાનો આપણી ખેતીમાં સદીઓથી થતો ઉપયોગ જોઈને સલીમ એહમદ નામના એક અમેરિકી વિજ્ઞાનીએ દશેક વર્ષ પહેલા કહેલું કે "અમારે ભારતના ખેડૂતોની કોઠાસૂઝમાંથી હજી ઘણું શીખવાની જરૂર છે."

આજની આ ભોગવાદી અને નાણાપ્રધાન વ્યવસ્થાનો વિકરાળ પંજો હવે આપણા આ પરમ અને પુરાણા મિત્ર પર પડી ચૂક્યો છે. સૃષ્ટિનો સ્વામી બનીને તેના દરેક સર્જનનું ના' ' રૂપાંતર કરવા મથતી બદદાનતમાંથી લીમડો પણ ક્યાથા બચે?

વાત એમ છે કે, લીમડાના જંતુનાશક ગુણ માટે અમેરિકી વિજ્ઞાની રૉબર્ટ (ટૉની) લાર્સન પેટન્ટ (નં. ૪,૫૫૬,૫૬૨) લઈને ડબલ્યુ.આર. ગ્રેસ એન્ડ કું. નામની એક બહુરાષ્ટ્રીય કંપનીને વેચી માર્યો છે. આને માટે શરત કરી છે, ૧,૫૦,૦૦૦ અમેરિકી ડૉલર રોકડા, ૫% રોયલ્ટી અને વિદેશી લાયસન્સની ફીની અડધી રકમ. અમેરિકામાં જ ડૉ. જેમ્સ કલોકે નામના બીજા એક વિજ્ઞાનીએ લીમડા અંગે બીજો એક પેટન્ટ (નં. ૫,૦૪૭,૨૪૨) લીધો છે, જે પણ ઉપરોક્ત વિદેશી કંપનીએ ખરીદી લીધો હોવાની શંકા છે.

ઉપરોક્ત બહુરાષ્ટ્રીય કંપની માર્ગોસાન-ઓ અને બાયોનીમ નામે લીમડામાંથી જંતુનાશકો બનાવીને વેચે છે. હવે ભારત સરકારે તેનાં વધામણાં કર્યાં છે અને કર્ણાટકમાં ટુમ્કુર જિલ્લામાં પી. જે. માર્ગો પ્રાઈવેટ લિમિટેડ સાથે સહયોગ કરીને

## કપિલ શાહ

એક કારખાનું નાખ્યું છે, જે રોજની ૨૦ ટન લીંબોળીની નિકાસ કરવા તેની પર પ્રક્રિયા કરશે. કંપનીનો દાવો છે કે લીમડામાંથી જંતુનાશક બનાવતું દુનિયાનું આ સૌ પ્રથમ ધંધાકીય એકમ છે. આપણે જાણીએ છીએ કે આ હડહડતું જુઠાણું છે. કારણ કે, આ દેશમાં ઠેરઠેર નાનાં-મોટાં ઉત્પાદકો દ્વારા લીમડામાંથી જંતુનાશક આજેય બને છે અને વેચાય પણ છે (દા.ત. નીમાર્ક, નીમીન, નીમગાર્ડ/લીંબોળીનું તેલ વગેરે).

કુદરતી સ્ત્રોતો અને તેની કરામતો પર કબજો જમાવવાનાં આવાં વરવાં ચેડાં સામે જાણીતા પર્યાવરણવિદ્, વૈકલ્પિક વિકાસના હિમાયતી અને ચિંતક વંદના શિવાના વડપણ હેઠળ એક જબરજસ્ત ઝુંબેશ ઉપાડવામાં આવી છે. આરોગ્ય અને પર્યાવરણ સંબંધી કેટલીક સંસ્થાઓ, ખેડૂત-સંગઠનો અને આઝાદી બચાવો આંદોલનનો તેમને ટેકો છે. ઝુંબેશનું નામ પાડવામાં આવ્યું છે- લીમડાઝુંબેશ (Neem Campaign).

કોઈને થશે, અમેરિકામાં પેટન્ટ થાય તેનો આપણને શો વાંધો? ભલે ને અહીંથી લીંબોળીની નિકાસ થાય અને આપણને વિદેશી હૂંડિયામણ મળતું. પણ વાત એવી સરળ નથી. ડંકેલ દરખાસ્તો સંસદના મેજ ઉપર આવીને પડી છે. ભારત સરકાર પર તેને સ્વીકારવા દબાણો થઈ રહ્યાં છે. દરખાસ્તો સ્વીકારાવીને અમેરિકા જેવા વિકસિત દેશો આપણી આવી અનેક સંપત્તિઓને હડપ કરશે અને તેમના પેટન્ટના ફાયદા આપણે ત્યાં પણ લાગુ પડાવવા ડંગોરા દેખાડશે. એક વાર ડંકેલ દરખાસ્તો માટે કાંડા કાપી આપ્યા પછી ભારત સરકારના સાર્વભૌમત્વ પર મોટો ખતરો પેદા થશે.

લીમડા ઝુંબેશનું કહેવું છે કે, આ રીતે ત્રીજા વિશ્વના લોકોના સદીઓ પુરાણા અનુભવસિદ્ધ અને કોઠાસૂઝજન્ય જ્ઞાનની ચોરી કરવામાં આવે છે. આ સંપત્તિ પર કુઠારાઘાત કરવામાં આવે છે અને સાથોસાથ ત્રીજા વિશ્વના દેશોની જૈવિક વિવિધતા પર કાબૂ મેળવવામાં આવે છે, જે હરગિજ ચલાવી લેવું ન જોઈએ. વળી, ડંકેલ દરખાસ્તો જેવા માળખાં રચી આવી ઉઘાડી લૂંટ માટે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કાયદાકીય બહાલી મેળવી લઈને ત્રીજા વિશ્વના લોકોને નિ:સહાય કરી મૂકવામાં આવે છે.

હકીકતમાં લીમડો અને તેના જેવાં અનેક વૃક્ષો, પશુ પક્ષી, સૂક્ષ્મ જીવો વગરે કુદરતનાં સર્જન છે. તેની પર કોઈ વ્યક્તિ પેટન્ટ ન ભોગવી શકે. આપણે ખેડૂત, વૃક્ષપ્રેમી, પર્યાવરણપ્રેમી, આપણાં સાંસ્કૃતિક મૂલ્યોના પ્રશંસક અને એક સ્વમાની અદના નાગરિક તરીકે આ ખેલ જોયા કરશું? કે આં અંગે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રજૂઆત કરતાં વ્યક્તિ-સંગઠનોને આપણો નૈતિક ટેકો જાહેર કરીશું? આજે નહીં જાગીએ તો સમય એવો આવશે કે ન તો આપણે ઘેર બેઠાં લીંબોળીનું તેલ કાઢી શકીશું કે ન તો તેનો ખોળ ખેતરમાં વાપરી શકીશું. દુશ્મનને ઊગતો ડામો. ગુજરાતમાંથી ઠેરઠેર આ અંગે ઝુંબેશ ચાલે અને નીચેના લખાણ સાથે વધુમાં વધુ સહીઓ એકત્રિત કરી Neem Compign, A-60 (Second Floor), Hauz Khas, New Delhi-110016 સરનામે મોકલી આપી લીમડા પ્રત્યેનું આપણું ઋણ અદા કરીએ.

"નીમ અભિયાન કો હમ અપના નૈતિક સમર્થન પ્રદાન કરતે હુએ માગ કરતે હૈં કિ -

(૧) રોબર્ટ લાર્સન ઔર જેમ્સ કલોક કો દિયે ગયે અમરિકી પેટન્ટ વાપસ લિએ જાય.

(૨) અમરિકી પેટન્ટ કાનૂનોં કા ભારત સરકાર એવં તીસરી દુનિયા કે અન્ય દેશ સંપૂર્ણ અસ્વીકાર કરેં.

(૩) ગેટ કરાર ઔર બૌદ્ધિક સંપદા પર વ્યાપારી અધિકાર જમાને કી ડંકેલ દરખાસ્તોં કા અસ્વીકાર કરેં.

(૪) જૈવ-વૈવિધ્ય કે સંરક્ષણ સંબંધી હુએ વૈશ્વિક કરાર અસરકારક અર્થઘટન એવં અમલીકરણ કા આગ્રહ રખ કર તીસરી દુનિયા કે જૈવ વૈવિધ્ય તથા તદ્દવિષયક જ્ઞાન કા સંરક્ષણ કરેં."

(ભૂમિપત્રના સૌજન્યથી)

(આ અભિયાનમાં સામેલ થવા ઈચ્છુકો વિશેષ માહિતી માટે, મહાજનમ્ ૫૧૦, પ્રસાદ ચેમ્બર, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ફોન: ૩૬૧૦૨૧૮ પર સંપર્ક સાધી શકે).

૨૩

VINIYOG

# પર્યાવરણ સુરક્ષા માટે

આજે વિશ્વ પર્યાવરણ દિવસ છે. બ્રાઝીલના પાટનગર રીઓ-ડી-જાનેરો ખાતે ૧૯૯૨ના જૂન મહિનામાં મળેલી વિશ્વ પર્યાવરણ પરીષદને એક વર્ષ પૂરૂં થયું તેની યાદ રૂપે અને નવી પેઢીને સતત પર્યાવરણ માટે ખેવના રહે તેના ભાગરૂપે આ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. પરંતુ આજે પર્યાવરણ અંગે દરેક વ્યકિતએ ગંભીરતાથી વિચારવાની આવશ્યકતા છે.

પર્યાવરણ જાળવણી માટે વિદ્યાર્થીઓ - મહિલાઓ અને ગ્રામજનો જાગ્રત નહીં થાય તો કશી જ ભલીવાર થવાની નથી. સ્વાતંત્ર્યના ૪૫ વર્ષ બાદ પણ લાખો ગામડામાં પાણી માટે હજુ દોઢ કિ. મી. ચાલવું પડે છે. આ બાબત શરમજનક ગણાવી જોઈએ. પર્યાવરણ એટલે માત્ર વૃક્ષો ઉગાડવાની કે જંગલો જાળવી રાખવાની પ્રવૃત્તિ જ નથી. પીવાનું પાણી, પડતર જમીનનો ઉપયોગ - હવામાં પ્રદુષણ ઘટાડવું વગેરે બાબતોનો પણ સમાવેશ થાય છે.

ગંગા અને યમુના જેવી નદીઓના જળ દુષિત થઈ ગયા છે અને હવે શુધ્ધિકરણ માટે અબજો રૂપિયા ખર્ચાયા છે. આનો અર્થ એ થયો કે વહીવટકર્તા અને આયોજકો સૌ પ્રથમ ખોટું કરે અને પછી તે સુધારવા કર ભરનાર વર્ગ બીજા અબજો રૂપીયા ખર્ચે. આ ક્યાંનો ન્યાય? આમાં કોઈ જોવા-પૂછવાવાળુ છે કે નહીં? આટલી હદ સુધી ખોટું તો અગાઉ ક્યારેય થયું નથી.

યમુના નદીના શુધ્ધિકરણ માટે રૂ. ૪૨૩ કરોડની યોજના અમલી બની રહી છે અને તેમાં જાપાનની મદદ મુખ્ય છે. અહિં પ્રશ્ન એ છે કે આપણે એટલા નિર્બળ અને પરાવલંબી બની ગયા છીએ કે નદીઓના શુધ્ધિકરણ માટે પણ વિદેશ પાસે હાથ લંબાવવો પડે? પશ્ચિમી ટેકનોલોજીને કારણે કારખાનાનો કચરો નદીઓમાં ઠલવાયો અને હવે તેઓ જ જળ શુધ્ધિકરણ માટે "વોટર ટ્રીટમેન્ટ" પ્લાન્ટ આપણને વેચાણ કરે છે.

ગંગા નદીના જળને શુધ્ધ કરવા માટે બ્રિટનની મદદ લેવામાં આવી હતી. તો યમુના નદી માટે જાપાનની આર્થિક મદદ લેવામાં આવી છે. આ બધી જ બાબતો ખોટા અગ્રતાક્રમ દર્શાવે છે. પર્યાવરણ ક્ષેત્રે હજુ પ્રજાનું યોગદાન માત્ર ચર્ચા-પૂરતું જ સિમીત છે. પર્યાવરણ એ પ્રેકટીકલ વિષય છે. તેમાં ચર્ચા કરવા કરતાં પરસેવો પડે તેમ કાર્ય કરવાની જરૂરત છે. ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓ આ વાત સમજે તે અનિવાર્ય છે.

ભૂરક્ષા - વનરક્ષા - જળરક્ષા અને ગૌરક્ષા એ પરસ્પર સંબંધીત છે. તેમાં પણ ગૌરક્ષા માટે સૌથી વધુ ટોચની અગ્રતા આપવાની આવશ્યકતા છે. દરેક રાજકિય પક્ષ ચૂંટણી વખતે વચન આપીને છટકી જાય છે. પરંતુ ગૌવંશના પશુઓની કતલ જો અટકશે નહીં તો ભૂરક્ષા જોખમાશે અને તેના કારણે વનરક્ષા અને જળરક્ષા થઈ શકશે નહીં જે હાલમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

વાર્ષિક રૂ. ૪૫૦૦ કરોડનું રસાયણીક ખાતર આયાત થાય છે તેને બદલે પશુઓની કતલ બંધ થાય તો તેથી બમણી રકમનું ખાતર જમીનને કુદરતી રીતે મળી રહે તેમ છે. પરંતુ નજર સામે આંકડા - હકીકત દ્વારા જે સાબીત કરી શકાય તેમ છે તે જાણવા છતાં રાજકારણીઓ આંખ-આડા કાન કરી રહ્યા છે એ નિ:શંક વાત છે કે કુદરતી છાણીયું ખાતર જ અનાજ અને શાકભાજીમાં મીઠાશ લાવી શકે છે.

ભૌતિકવાદે આજના વિશ્વમાં પર્યાવરણના પ્રશ્નો ઉભા કર્યા છે. અમેરિકા તેમાં ટોચના ક્રમે છે. સમગ્ર વિશ્વમાં લોખંડ, લાકડું - પેટ્રોલ - અનાજ અને માંસમચ્છીના ભક્ષણમાં અમેરિકા સૌથી આગળ છે. એક અમેરિકન બાળકને આફ્રીકન કે એશીયન રાષ્ટ્રના સરેરાશ બાળક કરતાં ૨૦ ગણું દુધ પીવા મળે છે!! છતાં એ જ અમેરીકા છે જે ભારતને માનવ-અધિકારો અંગે સુફીયાણી સલાહ આપે છે!!

એક મીટર ખાદી બનાવવામાં પાંચ લીટર પાણી વપરાય છે જ્યારે સીન્થેટીક કાપડ એક મીટર બનાવવામાં ૫૦ થી ૬૦ લીટર પાણી વપરાય છે. ઉદ્યોગો અને તેમાં પણ પશ્ચિમની ટેકનોલોજી આધારીત ઉદ્યોગો દ્વારા કુદરતી સંપત્તિનો કેવો બગાડ થાય છે તે આ એક જ દ્રષ્ટાંત પરથી સમજી શકાય છે. આવી બધી બાબતોને કારણે જ મીઠા જળ ખલાસ થઈ રહ્યા છે.

છેલ્લે છેલ્લે તો વાઘનો શિકાર તેના હાડકાં શકિતવર્ધક છે, તેવા મુદ્દા પર કરીને માનવજાતે પર્યાવરણનો સર્વનાશ કર્યો છે. બંગાળના વાઘ ક્યારના ય અદ્રશ્ય થઈ ચુક્યા છે. ગીરના સિંહ માનવ વસ્તી પર ત્રાટકી રહ્યા છે કારણ કે જંગલ જેવું ગીરના વિસ્તારમાં હવે કશું ખાસ રહ્યુ નથી. આથી ઘાસ ખાનારા પશુઓ નથી. વળી સિંહનો ખોરાક તો આ પશુઓ જ છે. જે નથી એટલે સિંહ માણસોના શિકાર કરે છે.

મુંબઈ સમાચાર
તા. ૫.૬.૯૩
પાના. ૮

૨૫

VINIYOG

**આધુનિકતાના પ્રવાહમાં તણાયા વગર આપણી પરંપરાના ઉદ્યોગો તરફ ધીમી ગતિએ પાછા ફરવું જોઇએ**

**પાં**ચમી વિશ્વ પર્યાવરણ દિન ઉજવાણી ગયો. પર્યાવરણનો નાશ થતો અટકાવવા કરતાં કોલાહલ વધુ થયો. પયારવરણને બચાવવા સરકાર ખરેખર ગંભીર અને સંનિષ્ઠ હોય તો પેટ્રોલ- ડીઝલથી ચાલતાં વાહનો, એરકંડિશનરો વગેરે પર એક્સાઇઝ અને કસ્ટમ ડ્યુટીમાં જે છૂટછાટો અપાઇ છે તેને બદલે તેમાં ભારે વધારો કરવો જોઇએ. કેમ કે હવામાં પ્રદૂષણકારી તત્ત્વો છોડવામાં આ વાહનોનો ફાળો ઘણો મોટો છે. ગુજરાતમાં ૧૯૬૦માં પેટ્રોલ- ડીઝલથી ચાલતાં વાહનોની સંખ્યા ૧.૨૫ લાખ હતી, જે ૧૯૯૨માં ૩૨ લાખ પર પહોંચી છે. આ હદે વાહનોની સંખ્યા વધતી જ જશે તો શુધ્ધ હવા મેળવવાનું શહેરોમાં તો ઠીક ગામડાંઓમાં પણ મુશ્કેલ બની જશે.

ખનીજ તેલ- પાણી, ગીચ જંગલો વગેરેને માનવી પોતે ઉત્પન્ન કરી શકતો નથી. એટલે એની સમતુલા ખોરવાઇ જાય એ રીતે એનો ઉપયોગ ન કરવો જોઇએ.

જંગી કારખાનાંઓ દ્વારા નદીઓમાં ઠલવાતાં ઝેરી રસાયણોથી જળચર સૃષ્ટિને અને માનવજીવનને માઠી અસર પહોંચી છે. વિનાશકારી વિકાસના સ્ટીમરોલરે જમીન- વાયુ અને પાણીને દૂષિત બનાવ્યું છે. શહેરો ઉકરડામાં ફેરવાઇ રહ્યાં છે. આ વસમી સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવું હોય તો આધુનિકતાના પ્રવાહમાં તણાયા વગર આપણી પરંપરાના ઉદ્યોગો તરફ ધીમી પણ મક્કમ ગતિએ પાછા ફરવું જોઇએ.

વિશ્વને સ્વચ્છ- સુંદર અને સમૃધ્ધ બનાવવું હશે તો એર-કંડિશનર, ફ્રિજ, ટી.વી., વિડિયો, વોશિંગ મશીન, ગીઝર, મિક્સર, મોટરકાર વગેરે લક્ઝરી ચીજો માટેની ઘેલછાને બહેકાવવી ન જોઇએ.

કાગળનો બિનજરૂરી વપરાશ ટાળવો જોઇએ. પ્રાથમિક શાળાઓમાં નોટબુકને બદલે સ્લેટ-પેનના ઉપયોગ વિશે વિચારવું જોઇએ. જેના પર વિશ્વમાં બધે જ પ્રતિબંધ છે તે જંતુનાશક દવાોની ફેક્ટરીઓ તાત્કાલિક બંધ કરવી જોઇએ. પ્લાસ્ટિક પણ પર્યાવરણનું દુશ્મન છે. જે સજીવસૃષ્ટિ માટે આફતરૂપ અને બોજારૂપ છે. આમ આપણા અસ્તિત્વને જોખમમાં મૂકે તેવાં સાધનો વિશે પુનર્વિચાર કરી તેના થઇ રહેલા બહોળા ઉપયોગ સામે પ્રજાને જાગ્રત કરવી જોઇએ. હરીભરી સૃષ્ટિ ખતમ થઇ ન જાય તે માટે જંગલોનું કોઇ પણ ભોગે રક્ષણ કરવું જ રહ્યું અને સાથે સાથે લીમડો, દેશી બાવળ, વડ, પીપળો, આંબો, ખાખરો- ખેજડો, નાળિયેરી તેમ જ ઔષધીય વૃક્ષોને ચિક્કાર પ્રમાણમાં ઉછેરવાં જોઇએ. વિનાશનો વોકંળો ધસમસતો પ્રલય ભણી જઇ રહ્યો છે ત્યારે અંધકારમય ભવિષ્ય તરફ ધકેલાતા વિશ્વમાં એક નાનકડી જ્યોતિ પ્રગટાવવાનું કાર્ય સૌએ સાથે મળીને કરવું જોઇએ.

*સેવંતી મ. સંઘવી*

સમકાલીન
તા.૨૮.૬.૯૩

VINIYOG

## ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રીસર્ચનો તપાસ અહેવાલ

# ભારતીયો ખોરાકમાં ઝેર આરોગે છે: ગંભીર આરોગ્ય સમસ્યાના એંધાણ

નવી દિલ્હી, તા. ૨૪મી ઓકટોબર. (પી. ટી. આઈ.)

દેશમાં ખાદ્ય પદાર્થોમાં રહેલી અશુધ્ધિઓ અંગે ચાંપતી તપાસ દરમિયાન વપરાશના દૂધમાંથી ડીડીટી તેમજ બીજા જંતુનાશક દ્રવ્યોનું પ્રમાણ ઘણું વધારે હોવાનું જાણવા મળ્યું હતું

ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રીસર્ચ દ્વારા ખોરાકની અશુધ્ધિઓ ચકાસવા માટે રચવામાં આવેલા સ્પેશીયલ ટાસ્ક ફોર્સે તૈયાર કરેલા એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે જાણીતા બ્રાન્ડના નવજાત શિશુઓ માટેના ખોરાકમાં તેમજ ડબ્બા-બંધ ફળના વ્યાપારી ઉત્પાદનોનાં નમૂનાઓમાંથી આર્સેનિક (સોમલ), કેડમિયમ (કલાઈ પ્રકારની ધાતુ), લેડ (સીસુ), કોપર (તાંબુ) અને ઝિન્ક (જસત)નું પ્રમાણ જોવા મળ્યું હતું.

એવું ધ્યાનમાં આવ્યું છે કે પ્રાણિજ દૂધમાં ડીડીટી અને એસીએચ-આઈસોમર જેવા અશુધ્ધિઓ દેશમાં માત્ર વ્યાપક જ નથી, તેનું પ્રમાણ ઘણું વધારે છે. યસ્ક ફોર્સે તત્કાલ જરૂરી પગલા ભરવા પર ભાર મુકયો છે જેથી વપરાશકારોને સારી ગુણવત્તાવાળું દૂધ મળી શકે. એમ પણ નોંધવામાં આવ્યું હતું કે ઢોરને આપવામાં આવતો દુષિત ખોરાક અને ગમાણમાં છાંટવામાં આવતી જંતુનાશક દવાઓ દૂધને અશુધ્ધ કરવાનું એક મુખ્ય ઘટક છે.

અહેવાલે ચેતવણી આપી છે કે ખાદ્ય પદાર્થોમાં રાસાયણિક અને નરી આંખે નહીં દેખાતા જંતુઓ જેવી અશુધ્ધિઓ દેશમાં આરોગ્ય અંગેની બહુ મોટી સમસ્યા ઊભી થવાની એંધાણી આવે છે. પ્રિવેન્શન ઓફ ફુડ એલ્ડટરેશન એકટ ૧૯૫૪ અનુસાર ખાદ્ય પદાર્થોમાં અશુધ્ધિના મર્યાદાનું પ્રમાણ જાળવવા માટે ભાગ્યેજ ફરજ પાડવામાં આવે છે તે અંગે અહેવાલમાં દુઃખ વ્યકત કરવામાં આવ્યું છે.

ચકાસણી માટે ટાસ્ક ફોર્સે દરેક રાજ્યના અડસટ્ટે પસંદ કરેલા બે જિલ્લામાં જિલ્લા દીઠ ૩૦-૩૦ નમૂનાઓ ગામડાની બજાર, સાપ્તાહિક હાટ-બજારમાંથી મેળવ્યા હતાં. નમૂનાઓ સ્થાનિક ઉત્પાદનોના લેવામાં હતાં. વિકસીત વિસ્તારોમાંના ચાર શહેર-નગરો દીઠ દરેકમાંથી ૧૫-૧૫ નમૂનાઓ જે તે સ્થળની વ્યાજબી દરની દુકાનો, જથ્થાબંધ બજારો તેમજ છુટક વેચાણની દુકાનોમાંથી મેળવાયાં હતાં. મોટા રાજ્યોને બે વિભાગમાં વહેંચી, દરેક વિભાગ દીઠ ૧૨૦ નમૂનાઓ મેળવાયા હતા. ગામડાંમાથી મેળવાયેલા નમૂનાઓને કોઈપણ જાતની જાળવણીની વ્યાવસાયિક પ્રક્રિયા વગરના અને અશુધ્ધિની ભેળવણી માટેની વ્યાપારી ધોરણના પગલા લીધાં વગરના ગણવામાં આવ્યા હતાં જ્યારે મોટ શહેરોના નમૂનાઓવાળા ઉત્પાદનો જાળવણી માટેની બધીજ વ્યાવસાયી પ્રક્રિયા અને સંભાળવા માટેની સુવિધાઓ ધરાવતા હતાં.

અહેવાલમાં જણાવ્યા મુજબ ૨૨૦૫ જેટલા ૧૨ રાજ્યોના ગામડાં અને શહેરોમાંથી લવાયેલા દૂધના નમૂનાઓમાં એસીએચ-આઈસોમર નામના ઝેરી તત્વોનું પ્રમાણ કાયદાકીય મર્યાદા કરતાં ઘણું વધારે જોવા મળ્યું હતું આંધ્ર, બિહાર અને ઉત્તર પ્રદેશમાં દૂધને અશુધ્ધિઓનું પ્રમાણ સીથી વધારે હતું. આજ નમૂનાઓમાંથી ૮૨ ટકા જેટલા નમૂનાઓમાં ડીડીટીનું પ્રમાણ જોવા મળ્યું હતું અને તેમાંના ૩૭ ટકા જેટલા નમૂનાઓમાં ડીડીટીનું પ્રમાણ ઠરાવેલી મર્યાદા કરતાં વધારે હતું.

લવાયેલા નમૂનાઓમાં અશુધ્ધિની ઠરાવેલી મર્યાદા કરતાં વધારે પ્રમાણમાં અશુધ્ધો મહારાષ્ટ્ર (૭૪ ટકા), ગુજરાત (૭૦ ટકા), આંધ્ર (૭૫ ટકા), હિમાચલ પ્રદેશ (૫૬ ટકા) અને પંજાબ (૫૧ ટકા)ના મળેલા નમૂનાઓમાં હતી.

મુંબઈ સમાચાર સોમવાર, તા. ૨૫-૧૦-૧૯૯૩

મુંબઈ સમાચાર

# દર્દ વધ્યા - દર્દી વધ્યા અને તબીબો વધ્યા છતાં એજ હાલત

છેલ્લા ૨૫-૩૦ વર્ષમાં તબીબી ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ છે. દવાખાના વધ્યા - હોસ્પીટલો વધી - તેમાં સાધનો વધ્યા - ડૉકટર્સ વધ્યા અને તેની સાથે રોગ પણ વધ્યા. આજથી ૩૦ વર્ષ અગાઉ હૃદયરોગથી મૃત્યુના બહુ મર્યાદીત કેસ હતા. તેની સરખામણીમાં આજે ઘણો વધારો થયો છે.

આવી જ રીતે ડાયાબીટીસ, બ્લડ પ્રેશર - કીડની - કેન્સર પેરેલીસીસ - વગેરે જેવા રોગ પણ છેલ્લા એક દસકામાં વધ્યા છે. ડોકટર્સ વધવા છતાં રોગ વધ્યા છે તેના કારણ શું છે ? આ કારણનું વિશ્લેષણ કરીને પ્રજાની પાસે મુકવાની જરૂર છે. દર્દીઓની ખાવા - પીવાની રીત અને જીવનશૈલી તે માટે જવાબદાર હશે..

તબીબી ક્ષેત્રે પ્રગતિ થવા છતાં રોગ વધ્યા છે તે બતાવે છે કે ક્યાંક કશુંક ખોટું થયું છે. દવા વધી તેની સામે રોગ વધ્યા છે. ઈન્જેકશનો અને ટેબ્લેટના ઉત્પાદનમાં વધારો થવા છતાં કોઈ જ રોગ કાબુમાં આવ્યો નથી તો પછી તબીબી વિજ્ઞાન તે માટે જવાબદાર છે ? તબીબો જવાબદાર છે કે દર્દીની જીવનશૈલી જવાબદાર છે ?

પશ્ચિમની એલોપથી સીસ્ટમ નિષ્ફળ ગઈ છે તેમ માનવાવાળો એક વર્ગ છે. આર્થિક બાબતો અને સામાજીક મુદ્દાને ધ્યાનમાં લઈને આ પ્રશ્ને જાહેર ચર્ચા અનિવાર્ય બની છે કે આજથી ૫૦ વર્ષ અગાઉ નહોતા તેટલા રોગ આજે છે તેનું ખરૂં કારણ ક્યુ ગણવું ? ખાવા - પીવાના ધોરણ કથળ્યા છે તે ?

માની લઈએ કે લોકોની કાર્યશૈલી જ એવી છે કે તેનાથી બ્લડ પ્રેશર વધે છે લો-બીપી કે હાઈ- બ્લડપ્રેશર એ શરીરના તંત્રને નુકશાન કરીને છેવટે માનવીને ખતમ કરી શકે છે. પરંતુ આ માટે નાગરિકો પણ જવાબદાર નથી કે ટેન્શન વહોરીને કે ગુસ્સો ઉછીનો લઈને બ્લડ પ્રેશર વધારી મુકે છે ?

કેન્સર માટે પણ આવી જ વાત છે. કેન્સર એ કોઈ નવો રોગ નથી. શ્રી રામકૃષ્ણ પરમહંસ અને મહર્ષિ રમણ એ બન્ને ઉચ્ચ કોટીના પુરૂષો હતા છતાં બન્નેને કેન્સર થયેલું શ્રી રામકૃષ્ણ પરમહંસે તો કેન્સરને પ્રસાદી તરીકે સ્વીકારી લીધું હતું છતાં આજે વૈજ્ઞાનીકો અને તબીબી નિષ્ણાતો કેન્સર પર સંશોધન કરી રહ્યાનો દાવો કરીને પ્રજાને ઘણી રીતે ગેરમાર્ગે દોરવે છે.

મેડમ ક્યુરીએ રેડીયમની શોધ કરી ત્યારે એવો દાવો કરવામાં આવ્યો હતો કે હવે કેન્સર પર વિજય પ્રાપ્ત થશે. પરંતુ રેડીએશન થીઅરી એ કંઈ બહુ સફળ ગણાતી નથી તેમજ કેન્સર માટે અકસીર હોય તેમ માની લેવાની જરૂર નથી. આ અંગે ડૉ. મનુભાઈ કોઠારી અને ડૉ. મનુભાઈ રેવાશંકર જાપીએ પુસ્તકો લખીને સત્ય હકીકત પ્રજાને પહોંચાડવા પ્રયાસ કર્યા છે.

ડૉ. મનુભાઈ જાપીએ કેન્સર ગીતા નામના પુસ્તકમાં સ્વાસ્થ્યના નામે પર્યાતસરના અત્યાચાર થાય છે તે સામે ભારે આક્રોશ વ્યકત કર્યો છે. વર્ષોના સંશોધન પછી પણ કેન્સરના સફળ ઈલાજ માટે તબીબો હજુ ફાંફા મારે છે. આધુનિક ઉપકરણથી થતી ખર્ચાળ તપાસ - તેનાથી વધુ ખર્ચાળ ઈલાજ અને છેલ્લે નિષ્ફળતા દર્દીના કુટુંબીઓનું ભાવિ ધુંધળુ બનાવી દે છે.

એક પરિચીતના માત્ર ૨૨ વર્ષના યુવાન અને સોહામણા પુત્રને બ્લડ કેન્સર થયાની જાણ થતાં સમગ્ર કુટુંબના સભ્યોના મોઢા પરથી નૂર ઉડી ગયું હતું. આખા કુટુંબે ખાવા પીવાનું છોડી દીધું હતું. અંતે જે થવાનું હતું તે જ થયુ હતું. ૩૦ દિવસના અંતે તે દેખાવડો સશકત યુવાન મૃત્યુ પામ્યો હતો.

આ "કેન્સર ગીતા" નામના પુસ્તકનું વાંચન કેન્સર સાથે જીવવાનું અને ઝઝુમવાનું જ્ઞાન તેમજ નૈતિક હિંમત વાચકોને આપે છે. વાચકોના મોટા ભાગના પ્રશ્નોની છણાવટ બહુ જ સરળ ભાષામાં કરવામાં આવી છે. કેન્સરના દર્દીઓના કુટુંબીઓની આર્થિક અને માનસિક યાતના અંગે કદી કોઈએ વિશ્લેષણ કર્યુ નથી તેવી ડૉ. જાપીની ફરિયાદ છે.

ઈલાજ ન કરવો તે પણ એક ઈલાજ છે તેમ ઘણા નિષ્ણાત તબીબોનું કહેવું છે. બાકી ઓપરેશન, કાપકુપ અને ઈન્જેકશન એ બધાને કારણે કોઈ લાંબુ આયુષ્ય મળી જાય છે તેમ માનવું વધારે પડતું છે. તબીબી વિજ્ઞાને પ્રજાને સાચી માહિતી મળે તે પ્રકારે માર્ગદર્શન આપવું જોઈએ.

કેન્સર માટેનું ડૉ. જાપીનું આ પુસ્તક ડૉ. મનુભાઈ કોઠારીએ લખેલા "નેચર ઓફ કેન્સર" પર આધારીત છે. પરંતુ તેમણે જે વિષયની છણાવટ કરી છે તે દાદ માગી લે તેવી છે. નિષ્ણાતોએ દર્દીઓને સાચું માર્ગદર્શન આપવું જોઈએ કે જેનો આજે શૂન્યાવકાશ પ્રવર્તે છે. જીવનશૈલી આ બધામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

હમણાં જ અહેવાલ બહાર આવ્યો છે કે ટીબી જે લગભગ નાબુદ થયો હતો તેણે ફરીથી માથુ ઉંચક્યું છે. ટીબી એટલે સરળ ભાષામાં કહીએ તો અપૂરતા પોષણને કારણે થતો રોગ છે. વ્યકિત શરીર પાસેથી વધારે કામ લે તેવા વખતે આ તમામ સમસ્યા ઉત્પન્ન થાય છે.

આજકાલ ખાવા પીવા તરફ બેદરકારી, બજારનું ખાવાનું વધારે પ્રમાણે, બાળકો સુધ્ધાં બહારનો નાસ્તો કરે. મોડીરાત સુધી ટીવી - વીડીયો જોવા આથી આંખ અને સ્વાસ્થ્યને નુકશાન - આ બધી જ બાબતો બ્લડ પ્રેશર - આંખના નંબર વધારવા અને છેલ્લે હૃદયરોગને આમંત્રણ આપે છે નિયમીત જીવન એ જ આરોગ્યની ચાવી છે.

સામાજીક ક્ષેત્રે સક્રિય સંસ્થાઓએ "આરોગ્ય અને જીવનશૈલી" એ વિષય પર અવારનવાર ડીબેટ યોજીને નાગરિકોમાં સમજદારી કેળવવાની જરૂર છે. કારણ કે હાલમાં જે રીતે આરોગ્યના ધોરણ કથળી રહ્યા છે તે જોતાં એમ લાગે છે કે આ સદીના અંતે હોસ્પીટલોમાં ગંભીર પ્રકારના રોગના દર્દીઓ માટે પણ જગ્યા નહીં હોય.

જે ઝડપથી રોગચાળો વધે છે તે ઝડપથી આરોગ્ય સુવિધા વધતી નથી. ભારતના સાડા છ લાખ ગામડામાંથી હજુ ત્રણ લાખ ગામડા તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા ધરાવતા નથી. આમાં કેન્સર કે હૃદયરોગના પેશન્ટ માટે ગામડામાં શું સુવિધા ઉભી થઈ શકશે ? આખરે જેને સુવિધા નથી મળતી તેનો કોઈએ વિચાર કર્યો છે ખરો ?

ગામડાઓમાં તો અકસ્માત કે એવા બનાવોમાં પણ પૂરતી સુવિધા નથી. આ બધી બાબતો આરોગ્ય તંત્રને માટે એક પડકાર છે. આજના યુગમાં દોડાદોડી વધી છે, બહારગામ જવાનું વધ્યું છે, પાણી - હવા - ખોરાક બદલાય છે. આથી વ્યકિતની રોગ પ્રતિકાર શકિત ઘટે છે અને પછી દરેક જાતની ઉપાધિ વધતી જાય છે. તેમાંથી બ્લડપ્રેશર અને હાર્ટએટેક સુધી વાત પહોંચે છે.

યુવાનો અને યુવતીઓને મોડે સુધી ટીવી - વીડીયો કે સ્ટાર ટીવીના પ્રોગ્રામ જોવાની આદત હોય છે - આથી બીજે દિવસે આંખો પર અસર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આવું લાંબુ ચાલે તો આંખો નબળી પડી જાય છે. પરંતુ તે અંગે સમજણ છે ખરી ? આરોગ્યશાસ્ત્રના પાયાના નિયમો જો ભુલાઈ જાય તો આરોગ્ય કથળે નહીં તો બીજુ શું થાય ?

જેટલું મહત્ત્વ આર્થિક બાબતો - નોકરી ધંધાને કે લાભદાયી વાતને અપાય છે. તેટલું આરોગ્યને અપાતું નથી. આથી બને છે એવું કે આરોગ્ય કથળે ત્યારે તે વ્યકિત સહીત તેના કુટુંબીઓ આર્થિક અને માનસિક રીતે કેવી યાતના અને ત્રાસ ભોગવે છે તે જાણવા જેવું કે સમજવા જેવું હોય છે. આ બાબતે પ્રજામાં પણ સમજદારી કેળવાય તે અનિવાર્ય છે.

કેન્સર હોય કે ટી. બી. આ બધાની સામે વિજ્ઞાનની મર્યાદા છે. વિજ્ઞાને ફાયદો કરાવ્યો કે ગેરફાયદો તે જુદી ચર્ચાનો વિષય છે. પરંતુ આ બધા પ્રતિ તબીબી નિષ્ણાતોની ફરજ છે તે અંગે કદી કોઈએ ચર્ચા કરી નથી તબીબી સમાજે આ બાબત નુકતેચીની કરવાની જરૂર છે કે તેમની કોઈ જવાબદારી ખરી કે નહીં ?

ઈન્જેકશન - ટીકડી - દવા કે ઓપરેશન એ બધી આધુ[illegible] વિજ્ઞાનની દેન છે. પરંતુ આ બધા સામે રોગચાળો નાથી શકાયો છે ખરો ? આ વિજ્ઞાન માનવ સમાજની ભલાઈ કરી શક્યું છે ખરૂ ? એ બાય - પાસ સર્જ[illegible] કે કીડની માટે ડાયાલીસીસ મશીનની કિંમત કેટલી ? સામાન્ય નાગરિકને તે પરવડે છે ખરૂં ?

તબીબી વિજ્ઞાન ૧૦૦ ટકા ખાત્રી આપી શકે છે કે તેના ઉ[illegible]ર દ્વારા માનવીને સારૂ થઈ જશે ? અલબત્ત વય અને શરીરની પ્રતિકારશકિત ઉપર ઘણો આધાર છે.

તબીબી વિજ્ઞાનની મર્યાદા છે તેમ સમજીને કુદરતી ઉપચાર પધ્ધતિ વિકસાવવી રહી. સૂર્યશકિત - પાણી - કાળી માટીના પ્રયોગ તેમજ આહાર - વિહારની પધ્ધતિ એ બધા દ્વારા વ્યકિત પોતાનું આરોગ્ય સુધારી શકે છે. કસરત - યોગ અને શારીરીક કવાયતનું તો મહત્વ જ ઘટાડી નાખવામાં આવ્યું છે.

શ્રમ કરવો કોઈને ગમતો નથી - ચાલવાની કસરત કરવી નથી. બેઠા[illegible] જીવન અનેક શારીરીક તકલીફ વધારે છે. આ બધા પાયાના સિધ્ધાંતો ભુલી જવામાં આવ્યા છે તે ફરીથી તાજા કરાવવાની જરૂર છે.

જેહાંન દારૂવાલા

VINIYOG

# "ફાસ્ટ ફૂડ" કેટલુ સલામત ?

બજારમાં તૈયાર મળતાં ખાદ્યપદાર્થ આરોગ્યને માટે કેટલા સલામત છે ? આયુર્વેદમાં દરેક વસ્તુ તાજી ચોખ્ખી અને સ્વચ્છ આહારમાં લેવાનો આદેશ છે. મતલબ કે ઘરમાં બનાવેલું ભોજન પણ એક જ પ્રહરમાં ઉપયોગમાં લેવું બાદમાં તેના પર પ્રક્રીયા થઈને બેકટેરીઆ લાગુ પડી જાય છે.

મોટી હોટલના રસોડા જોયા પછી કોઈપણ વ્યક્તિ કદી હોટલમાં કે રેસ્ટોરામાં ભોજન કરવા જાય જ નહીં. એટલી ગંદકી અને અસ્વચ્છતા આ કહેવાતી મોટી હોટલમાં હોય છે. વળી શહેરોમાં આવેલી પાલીકા અને મહાપાલીકાના આરોગ્ય વિભાગ દ્વારા કદી આવી હોટલનું ચેકીંગ થાય છે ખરૂં ? થયુ હોય તો તેની ક્ષતિઓ કદી જાહેર પ્રજાને જાણવા મળી છે ખરી ?

નાગરિકોએ સમજી લેવું જોઈએ કે બીજા અને ત્રીજા વર્ગની હોટલોના પણ કદી ચેકીંગ થતા નથી. મુંબઈ જેવા શહેરમાં તો ફૂટપાથ પર ઉભા રહીને સેન્ડવીચ ખાનારનો એક વર્ગ ઉભો થયો છે. જાણે કદી ઘેર ખાવા જ મળતું ન હોય તેમ જાહેરમાં ઉભા રહીને ઠાંસીઠાંસીને ખાનાર આ વર્ગ પોતે પેટમાં શું પધરાવે છે તે સમજતો જ નથી.

ઘણા દુઃખ સાથે કહેવું પડે છે કે તેમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે. ખૂબ જ આધુનિક અને શિક્ષીત વર્ગની મહિલાઓ પણ આ "ફૂટપાથીયાં ફાસ્ટ ફૂડ"નો સ્વાદ માણે છે પછી ડોકટરોના "ધંધા"માં તેજી ન હોય તો શું મંદી હોય ? આજે રોગચાળો વધ્યો છે તેના કારણના મૂળમાં ફાસ્ટફૂડ અને "બજારૂ ખોરાક"નો ફાળો ઘણો જ છે.

બાળકને તો ખુદ માતા-પિતા દ્વારા જ કહેવાય છે કે "સ્કુલમાંથી કંઈક ખાઈ લેજે" ! ! આજની બહેનોને - મહિલાઓને ખાસ કરીને ગુજરાતી સમાજની મહિલાઓને મન તો રાંધવુ એટલે "જુનવાણી" એમ માનતા જ બધાઈ ગઈ છે ! ! એ વાત સાચી છે કે શિક્ષીત અને નોકરીઆત મહીલાઓને રસોઈ એ એક કંટાળાજનક બાબત છે પરંતુ તેનાથી કુટુંબના આરોગ્ય પર સીધી અસર થાય છે તેનું શું ?

ખોરાક કેવો ખાવામાં આવે છે, તે કેવી રીતે તૈયાર થાય છે અને તેમાં શું શું વપરાય .છે - તેની પર આરોગ્યનો ઘણો આધાર છે. વધારે પડતું ગળપણ ડાયાબીટ્રીસ લાવે છે. કેટલાક ખાદ્યપદાર્થમાં પ્રીઝર્વેટીવ આઈટમો ઉમેરાય છે. સેકેરીન એ આજનું સૌથી વધુ ઘાતક રસાયણ છે. અમેરીકી સરકારે સેકેરીનને પ્રતિબંધીત જાહેર કર્યું છે.

કારણ કે સેકેરીનને કારણે કીડનીનું કેન્સર થવાની શક્યતા છે. ૧૯૭૨માં અમેરીકી સરકારે સેકેરીનને "મોટા ભાગે સલામત" ગણાતા રસાયણની યાદીમાંથી દૂર કર્યું હતું. આ સેકેરીનને આપણે હોંશેહોંશે અપનાવી લીધું છે. આવું જ સાઈટ્રીક એસીડ અને નાઈટ્રેડનું છે. તેનાથી હોજરીને નુકશાન થાય છે. આપણે ત્યાં ઘણી આઈટેમમાં તેનો ઉપયોગ થાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે "ફાસ્ટ ફૂડ"ના નામે બજારમાં તૈયાર મળતાં ખોરાક અને ખાદ્યપદાર્થ એ આરોગ્યને માટે જોખમી હોય શકે છે. આ અંગેની કાળજી અને સમજદારી તો મહિલા વર્ગે રાખવી જોઈએ. સમગ્ર કુટુંબના આરોગ્યની જવાબદારી એ કેન્દ્રસ્થાને રહેલી ઘરની મહિલાની છે. બહારનો ખોરાક એ આપણે ત્યાં કેટલો આરોગ્યપ્રદ છે તે જોવું રહ્યુ.

ખોરાકની બાબતમાં બેદરકારી અને બેકાળજી શરીરના અતિ સંવેદનશીલ અંગ આંતરડા, જઠર અ'ને પેટને નુકશાન કરી શકે છે. એકવાર કેમીકલ્સયુકત ખોરાક પેટમાં કોઈ ભાગને નુકશાન પહોંચાડે કે ક્ષીણ કરી નાખે બાદમાં શું થઈ શકવાનું છે ? આ બાબતે નાગરિકોએ પરસ્પર ચર્ચા - વિચારણા કરવાની જરૂર છે.

મુંબઈ સમાચાર

તા. ૨૯.૮.૯૩

VINIYOG

જન્મભૂમિ-પ્રવાસી ૨ સપ્ટેમ્બર
૧૯૯૨ મુંબઈ

# લોકવાણી

## હવે રોટલીનું કારખાનું !

નાણાપ્રધાન મનમોહનસિંહે ૬૩ વિદેશી કંપનીઓને ભારતનું વિશાળ બજાર સર કરવા માટે મંજૂરી આપી દીધી છે. તેમાંની એક મેક્સિકોની ગ્રુમા કંપની રોટલી બનાવવાનો ઉદ્યોગ સ્થાપશે. છેલ્લા અસંખ્ય વર્ષોથી ભારતની ગૃહિણીઓ પોતાના હાથે પતિદેવોને ગરમાગરમ ફુલકા ખવડાવતી હતી કે જેના દ્વારા પતિ-પત્ની વચ્ચેનો પવિત્ર સંબંધ અતૂટ રહેતો હતો. આ સૌભાગ્ય ઉપર વિદેશી કંપનીએ હવે તરાપ મારી છે.

તેના જેવી જ બીજી ભયાનકતા તેમાં થનારી ભેળસેળ અંગેની છે. ભારતની સરકારે જેમ વેજીટેબલ ઘીમાં ૧૬% મટનટેલો ભેળવવાની છૂટ આપી છે તેવી જ રીતે આ તૈયાર રોટલીઓમાં ૧૬% માછલીનો લોટ ઉમેરાય તેવી પૂરી શક્યતા છે. આજથી ૨૫ વર્ષ પહેલા વિદેશમાં ભારતના ૧૦ વિદ્યાર્થીઓ ઉપર માછલીના લોટની રોટલીઓ ખવડાવવાનો પ્રયોગ થઇ ચૂક્યો છે. સ્વાદવિહીન અને ગંધવિહીન કરેલા આ લોટને શુદ્ધ અન્નાહારી છોકરાઓ પણ ઓળખી શક્યા નથી. યુનો, ફાઓ અને વિશ્વબૅન્કની કતલખાનાઓ, પોલ્ટ્રી ફાર્મો અને એક્વાકલ્ચરના રૂપાળા નામ નીચે ચાલતી મચ્છીમારીની યોજનાઓથી ભારતની મોટા ભાગની વસતિ માંસાહારી થઇ ચૂકી છે, તેવા વખતે બહુ થોડા બચેલા વૈદિક અને જૈન ઘરો પણ માંસાહારના આ ઘોડાપુરમાં તણાઇ જાય તેમ સ્પષ્ટ દેખાઇ રહ્યું છે.

ભારતીય સંસ્કૃતિની થોકબંધ વાતો કરતા ભાજપ અને શિવસેના જેવા રાજકીય પક્ષોએ કંઇક આવી બાબતો ઉપર પણ સરકારનો ઊધડો લેવાની ઘડી આવી ગઇ છે.

ઘાટકોપર : **શૈલેષ મોદી**

મુંબઈ સમાચાર

મુંબઈ સમાચાર શુક્રવાર, તા. ૧૮-૬-૧૯૯૩

શુક્રવાર - તા. ૧૮મી જુન ૧૯૯૩, જયેષ્ઠ - ૨૮ શકે ૧૯૧૫

સંસારમાં જેને આગળ વધવું છે તેણે પોતાનું કલ્યાણ થાય - પોતાની સમૃધ્ધી વધે તેવી જેની ઈચ્છા છે તેમણે નિદ્રા-તંદ્રા, ભય, ક્રોધ - આળસ - આટલા દોષનો ત્યાગ કરવો - કારણ કે ઉકત દોષ કાર્યને નષ્ટ કરનારા છે.

# માતૃભાષામાં શિક્ષણ લેનાર બાળક પણ તેજસ્વી હોય છે

બાળકો પાસેથી માતા-પિતા ઘણી અપેક્ષા રાખે છે. પરીક્ષામાં સારા માર્કસ આવવા જ જોઈએ, સાયન્સ ફેક્લ્ટીમાં જઈને ડોકટર કે એન્જીનીયર જ બનવું જોઈએ. આવી બધી અપેક્ષાને કારણે બાળકો પર કેટલો તનાવ રહે છે તે સમજવા જેવું છે. પરંતુ આવું કોઈ સંશોધન કે મોજણી બહુ ઓછા થયા છે. જેટલું મહત્ત્વ રાજકારણ અને અન્ય ચર્ચાને અપાય છે તેટલું શિક્ષણને અપાતું નથી.

હમણાં જ ડૉ. ગુપ્તા દ્વારા શિક્ષણ અને ભાષા માધ્યમ એ વિષય પર સુંદર સંશોધન થયું છે. તેમણે સૌથી મહત્ત્વની વાત એ કરી છે કે માતૃભાષામાં જેમણે શિક્ષણ લીધું છે તેઓ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં શિક્ષણ મેળવવા પોતાના બાળકો પાસે આગ્રહ રાખે છે !! વાસ્તવિકતા એ છે કે તેઓ પોતે ખૂબ જ સંઘર્ષ કરીને આગળ આવ્યા હોય છે.

પરંતુ તે છતાં તેમને મળેલી સફળતાનો યશ માતૃભાષા નેઆપવાને બદલે અંગ્રેજી માધ્યમ દ્વારા જ બૌધ્ધિકતા ખીલે છે તેવા ખ્યાલમાં રાચે છે !! અંગ્રેજી ભાષાનું વળગણ એટલું બધું છે કે ધુળી નિશાળમાં ભણીને જીવનમાં સફળ થનારા પણ આમ જ માને છે !! કોઈ મનોવૈજ્ઞાનિક આ બાબતે સંશોધન કરીને આ અંગેની વિગતો પ્રજા સમક્ષ મુકે તે ઈચ્છનીય છે.

રાજસ્થાનમાં જયપુરની એસ. એમ. એસ. મેડીકલ કોલેજના આસી. પ્રોફેસર ડૉ. ગુપ્તા દ્વારા જીવનના ૧૦ જુદા જુદા ક્ષેત્રમાં જેમણે નોંધપાત્ર સફળતા મેળવી છે તે વ્યાપારી, ન્યાયાધીશ, ઉદ્યોગપતિ - પત્રકાર - ડૉક્ટર - એન્જીનીયર વગેરેના શિક્ષણ અને કૌટુંબિક પૂર્વભૂમિકા અંગે મોજણી કરવામાં આવી હતી. તેના તારણમાં ઘણી રસપ્રદ વિગત બહાર આવી છે.

આ તમામે તેમની માતૃભાષામાં જ શિક્ષણ લીધું હતું. બીજી વાત એ હતી કે તેઓ તદ્દન સામાન્ય શાળામાં ભણ્યા હતા. મતલબ કે સ્કુલ બસ આવતી હોય અને બેસવા માટે આધુનિક ફર્નીચર અને તેવી જ અન્ય સગવડતા ધરાવનાર શાળા નહોતી. પરંતુ સામાન્ય સગવડતા ધરાવનાર શાળાઓ હતી.

આજે એવી એક સર્વસામાન્ય માન્યતા થઈ ગઈ છે કે સ્કુલને સારૂં બીલ્ડીંગ હોય, બેસવા માટે સારૂં ફર્નીચર હોવું જોઈએ. કેટલાક શહેરી વિસ્તારના માતા-પિતા તો એમજ માને છે કે જે કોલેજ "મ્યુઝીકલ ઈવનીંગ"ની ઉજવણી કરતી હોય તે પ્રગતિશિલ !! જાણે કેમ અન્ય કોઈએ સંગીતનું નામ જ જાણ્યું ન હોય તેવી તેમની માન્યતા છે.

સફળતા મેળવનાર આ કોઈ જ વ્યકિતને શાળાની સ્કુલ બસ કે ટ્યુશન ક્લાસ જેવી સગવડતા મળી નહોતી. એટલે સગવડતા હોય તે જ વ્યકિતને શિક્ષણ મળે છે તે વાત જ ખોટી છે. વિદ્યાર્થીઓમાં જો તમન્ના અને આગળ આવવાની મહાત્ત્વાકાંક્ષા હોય તો ઓછી-અધુરી સગવડતાએ ઘાસલેટનો દીવો બાળીને મધરાત સુધી વાંચીને પણ નંબર મેળવે છે.

આજનું શિક્ષણ એ ફેનફતુર થઈ ગયું છે. કોલેજ એટલે તો જાણે ફેશન પરેડ !! કોલેજના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે ચર્ચાનો વિષય સાહિત્ય - લાયબ્રેરીમાં આવેલી નવી બુક નથી. પરંતુ સીનેમા અને તેના કલાકારો છે. અંગ્રેજી માધ્યમની સ્કુલોનો આ પ્રતાપ છે. બાકી આ ચર્ચા ફીફાં ખાંડવા જેવી હોય છે. તેમાં કોઈ પણ પ્રકારનું સત્ત્વ નથી.

માતા-પિતા પોતાના બાળકોની કારકિર્દી અને શિક્ષણ પ્રક્રીયામાં બહુ રસ લેતા નથી. માતા-પિતા કહે છે કે અમને સમય ક્યાં છે ? કેટલાક તો "ટાઈમ જ નથી" એમ કહીને ગૌરવ લેતા હોય છે !! આનું પરિણામ એ આવે છે કે બાળક સમજદાર બનતા એકલુ અટૂલું પડી જાય છે. કવચિત તે "સેલ્ફ સેન્ટર્ડ" સ્વકેન્દ્રી થવાથી ગુનાહિત માનસ ધરાવતું પણ થઈ જાય છે.

યુવાન પરંતુ બીનઅનુભવી માતા-પિતાને બાળકોની મનોવૈજ્ઞાનિક પરિસ્થિતિનો ખ્યાલ નથી હોતો. વળી આજના કુટુંબો તો મોટેભાગે વિભકત કુટુંબો છે. આથી બાળકોની સાર સંભાળ - રાખવા અને કૌટુંબિક શિક્ષણ આપે તેવા દાદા-દાદીનો પણ અભાવ છે. પરીણામ એ આવ્યું છે કે મુલ્યોનો હ્રાસ થયો છે પરંતુ બીજી બધી ભાંજગડમાં આવી અગત્યની બાબત તદ્દન ભુલાઈ જેવી ગઈ છે.

કુલ વસ્તીના ૭૦ ટકા ૩૫ વર્ષથી નીચેની વયના છે. એક અંદાજ પ્રમાણે ૨૦ કરોડ બાળકો ૧૪ વર્ષથી નીચેની વયના છે. તેઓ દરેક વર્ષમાં યુવાન બનશે તે વખતે તેમને રોજગારી અને સમાજને ઉપયોગી શિક્ષણ - વ્યવહારીકતા વગેરે માટે કોઈ આયોજન થાય છે ખરૂં ? સમાજ સમક્ષ આવા વિરાટ પ્રશ્નો પડેલા છે તેવે વખતે આપણે રાજકારણમાં ગળાડુબ છીએ.

દરેક બાળકમાં અખૂટ કુદરતી શકિત પડેલી છે. ફકત એ શકિતને ઓળખીને તેને યોગ્ય માર્ગદર્શન આપવાની જરૂર છે. દરેક ડોકટર્સ કે એન્જીનીયર થઈ શકવાની નથી. કુદરતે મુકેલી આવડત અને શકિત અનુસાર દરેકે કાર્ય કરવાનું છે. દરેકને ઉંચા આકાશ સર કરવા છે- પરંતુ તેમ થઈ શકતું નથી. આથી ધરતી પર પગ માંડીને કામ થાય તે જોવું રહ્યુ.

માતા-પિતા એમ જ ઈચ્છે છે કે તેમનું બાળક શાળા અને કોલેજમાં હોંશીયાર અને તેજસ્વી નીવડે. આ માટે તેઓ ટ્યૂશન ક્લાસનો પણ આશરો લે છે. પરંતુ તેજસ્વીતાનો આધાર બાળકની ગ્રહણશકિત અને તેની અભિવ્યકિત છે. જો બાળકને વિચારવાની અને કાર્ય કરવાની સ્વતંત્રતા આપવામાં આવે તો તેની શકિત ખીલી ઉઠે છે. પરંતુ ઘણા તો બીનજરૂરી રીતે બાળક પર દબાણ લાવતા હોય છે.

કોઈપણ બાળક કે કોઈ વ્યકિત પર બીનજરૂરી દબાણ પછી તે શારીરિક હોય કે માનસિક તેની શકિતઓને અવરોધે છે. બાળકને રસ સંગીતમાં હોય અને તેને વિજ્ઞાનમાં જવાનો આગ્રહ રાખવામાં આવે તેનો કોઈ જ અર્થ નથી. આથી તો બાળકની કારકીર્દી ધુળમાં રોળાઈ જાય છે. એવા અનેક દાખલા સમાજમાં છે કે કળા- સાહિત્યમાં રસ ધરાવનાર વ્યકિતને ઘરના વડીલોએ કોમર્સ કે સાયન્સ ફેકલ્ટીમાં દાખલ કરાવી હોય છે.

અંગ્રેજી માધ્યમની શાળાઓથી શિક્ષણક્ષેત્રે દુરાચાર- અનાચાર અને પાપાચારના પાખંડનો પ્રારંભ થયો હતો. ડોનેશન- ડીપોઝીટ- કેપીટેશન- બીલ્ડીંગ ફી- સ્કુલ ડ્રેસ અને નોટબુક- બુકસ- વગેરેના ખર્ચા દ્વારા દરેકને ભ્રષ્ટ રીત રસમ અપનાવવાની પ્રેરણા આપવામાં આવી હતી. દેખાદેખીમાં મધ્યમવર્ગ તેમાં જોડાયો.

પરીણામ એ આવ્યું કે મૂલ્યોનો નાશ થયો- સંસ્કૃતિ અને રીતરિવાજને ઘસારો પહોંચ્યો. આજે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે સમાજના દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર- લાંચ- રૂશ્વત અને સ્વાર્થ રગેરગમાં પ્રસરી ગયો છે. અંગ્રેજી પધ્ધતિના શિક્ષણ અને આજથી ૩૦- ૪૦ વર્ષ અગાઉ અપાતાં સરેરાશ ભારતીય સંસ્કાર પ્રમાણેના શિક્ષણ વચ્ચેની તુલના નાગરિકો કરી શકે છે.

બાળકો અને વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે સમાજમાં જાણકારી અને સમજદારી ઓછી પ્રવર્તે છે. બાળકોની વિચારવાની રીત- તેમની પસંદગીના વિષયો અને તેમને અનુકુળ થવાની રીત અંગે હજુ વધુ મોજણી અને સંશોધનની જરૂર છે. અભ્યાસ અને કારકિર્દી ઘડતરમાં વિદ્યાર્થીની ઈચ્છા અને રૂચિ તેમજ લાગણી પ્રતિ કોઈ જ ધ્યાન આપવામાં આવતું નથી.

મધ્યમવર્ગની દરેક વ્યકિત ખૂબ જ સંઘર્ષ કરીને આગળ આવી હોય છે. શિક્ષણના માધ્યમ જેવા પ્રશ્નમાં જે સામુહિક ગંભીર ભૂલ થઈ છે તે સુધારવાની જવાબદારી આપણા સૌની છે. ગુજરાતી અને મરાઠી માધ્યમની શાળાઓ ડોનેશન લેતી નથી. બાળકને ભ્રષ્ટ બનાવતા વાતાવરણમાં મોકલનાર વાલીઓની પણ કોઈ જવાબદારી ખરી કે નહીં ? આ એક લાખ રૂપિયાનો પ્રશ્ન છે.

હજુ તો સ્કુલો ખુલી છે તેવે વખતે પાંચ- દસ કિલો વજનનું દફતર ઉંચકીને રીક્ષા અને સ્કુલ બસમાં ઠાંસોઠાંસ ભરાતા બાળકો પ્રતિ કોઈને દ્રષ્ટિપાત કરવાનો સમય છે ખરો ? તમામ સ્તરેથી શિક્ષણને ખોખલું કરી નાખે તેવા નુસ્ખાં હવે બંધ થાય તે માટેનો સમય પાકી ગયો છે.

નવી પેઢી તૈયાર થઈને બજારમાં આવી જ્યે તેમને રોજગારી [illegible] એક તરફથી ગામડામાં ટેકનીશ્યન- પ્લંબર- ઈલિક્ટ્રીશીયન અને સુથાર- લુહાર મળતા નથી- હેલ્પર મળતા નથી. તો બીજી તરફ લાખો બેકારની ફોજ [illegible] વિરોધાભાસી વલણ ક્યાંય અન્યત્ર છે ખરૂં ? પ્રજામાંથી જ આ અંગે જો અવાજ નહીં ઉઠે તો આ બધી સમસ્યાનો ઉકેલ કોણ લાવશે ?

શિક્ષણ અંગે તદ્દન નવેસરથી વિચારણાની જરૂર છે. એક વાત સ્વીકારવી જ રહી કે માતૃભાષામાં અપાતું શિક્ષણ જ સાર્થક છે. જો કે યોજના ભવનમાં બેઠેલા આયોજન પંચના સભ્યો, શિક્ષણની નીતિ [illegible] અને વહીવટી અધિકારીઓના પુત્ર- પુત્રીઓ વિદેશમાં અભ્યાસ કરે છે એટલે તેમને પશ્ચિમી ઢબનું અંગ્રેજી શિક્ષણ માફક આવે છે.

શિક્ષણ ક્ષેત્રે જે તરેહવાર પ્રયોગો થયા છે અને રાષ્ટ્રની આર્થિક- સામાજીક વ્યવસ્થા છિન્નભિન્ન કરી નાખી છે તે પાયાના મૂળ યોજના ભવનના સભ્યોએ ખોળવાનું છે. તેમના થકી જ રાષ્ટ્રને નુકસાન કરવામાં આવ્યું છે. હજુ મોડું થયું નથી. રોજગારલક્ષી માતૃભાષાના શિક્ષણને સાર્થક કરવા પ્રતિજ્ઞા લઈએ તે ભૂલનું પ્રાયશ્ચિત છે.

VINIYOG

### આપણા શહેરની સ્વસ્થતા ખાતર

# હાલની શિક્ષણ પધ્ધતિમાં કોઈ સાત્વીકતા છે ખરી?

દેશમાં ગુનાખોરી વધી રહી છે. તેના મૂળ જો તપાસવામાં આવે તો ફિલ્મો અને આજની શિક્ષણ પધ્ધતિ છે. વર્તમાન શિક્ષણ પધ્ધતિમાં બાળકને ધીરજ, શાંતિ - નિયમીતતા - શિસ્ત - વડીલોની આમાન્યા રાખવી પ્રામાણીકતા - દેશદાઝ વગેરે જેવું કશું જ શીખવવામાં આવતું નથી.

હાલનું શિક્ષણ એ માર્ક પધ્ધતિ પર આધારીત છે. તેમાં ગમે તેમ કરીને પાસ થઈ જાવ અને ખોબો ભરાય તેટલા માર્કસ લઈ આવો એટલે તમે હોંશીયાર !! પરંતુ વ્યકિતની હોંશીયારી શું આવી રીતે મપાય છે ? શિસ્તબધ્ધ રહીને જીવન જીવે તેની કોઈ કિંમત નહીં અને બે બદામના મુફલીસ આગળ જતાં રહે.

વર્તમાન શિક્ષણ પધ્ધતિમાં ઈતિહાસ તો ખોટો ભણાવાય તે સમજ્યાં. હવે તો ભુગોળ પણ ખોટી ભણાવાય છે. ડોનેશન આપીને એડમીશન લેવાય અને પછી ગમે તેમ કરીને પરીક્ષામાં પાસ થવા અને માર્ક મેળવવા હવાતીયા મારવામાં આવે તે જ ખોટું છે.

આજની શિક્ષણ પધ્ધતિએ કોઈ જ ચારીત્ર્યશીલ નેતા કે કાર્યકર સમાજને આપ્યો નથી. બાળકને કે. જી.માં દાખલ કરાવવામાં જ લાગવગ અને ડોનેશન હોય ત્યાં તેનું ઘડતર કેવું હોય ? આમ શિક્ષણ પધ્ધતિના દુષણો થકી રાષ્ટ્રનું પતન થઈ રહ્યુ છે.

નવાઈની હકીકત એ છે કે ચૂંટણી વખતે મત માંગવા નીકળતા કોર્પોરેટર, ધારાસભ્ય અને સંસદ સભ્યો શું આ વાતથી અજાણ્યા છે ? તેમને આ અંગે કોઈ માહિતી નથી - તેમ તેઓ માને છે ? જો તેમ હોય તો તેઓની લાયકાત કેટલી - તે અંગે પણ મૂલ્યાંકન થવું જોઈએ.

જો કે મોટાભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ - ઉચ્ચ સરકારી અમલદારો અને આયોજન પંચના સભ્યોના પુત્ર - પુત્રીઓ વિદેશમાં જ શિક્ષણ મેળવી રહ્યા છે. આથી તેમને ઘરઆંગણે કેવું શિક્ષણ મળે છે - તેની ગુણવત્તા કે ઉપયોગીતા તે અંગે કોઈ જ માહિતી નથી.

એક સંસદ સભ્ય તો પોલીટેકનીક અને એન્જીનીયરીંગ કોલેજ વચ્ચેનો ભેદ સમજતાં નથી !! તમને એ વાતનો પણ ખ્યાલ નથી કે પોલીટેકનીકમાં ડીપ્લોમા કોર્સ હોય છે અને એન્જીનીયરીંગ કોલેજમાં ડીગ્રી કોર્સ હોય છે. આવા ભેજાંગેપ પ્રજાના પ્રતિનિધિઓ નવી દિલ્હીમાં બીરાજમાન છે !!

બાળક અને વિદ્યાર્થીને સંસ્કારીતા અને ખાનદાનીનું શિક્ષણ આપે તેવી પાઠશાળાઓ ક્યાં છે ? હતી તે બધીને બીનસાંપ્રદાયીકતાને નામે ખલાસ કરી નાંખવામાં આવી - આજે સમાજમાં ઠેરઠેર અસંતોષ ગુનાખોરી અને કમાઈ લેવાની જે મનોવૃત્તિ જોવા મળે છે તે ૨૫-૩૦ વર્ષ અગાઉ નહોતી.

પાઠશાળામાં જનાર વિદ્યાર્થીમાં થોડીઘણી સહનશકિત - સામાને ન્યાય આપવાની મનોવૃત્તિ અને દયાભાવ જેવા ગુણ હતા. આ બધા ગુણની કિંમત રૂપીયામાં ન મપાય તેટલી તેની કિંમત હતી. તેને બદલે આજે તો "મારૂં શું" અને જો જવાબ ઢીલોપોચો હોય તો "મને શું" કહીને ચાલતી પકડવામાં આવે છે.

પાઠશાળાઓને ફરીથી પુન:જીવીત અને સક્રિય કરવાની તાતી જરૂર છે. કાર્યક્રમ રવિવારે અને રજાના દિવસે બાળકોને એક - બે કલાક આવું શિક્ષણ મળે તેવી વ્યવસ્થા પરાઓમાં થાય તો થોડાઘણાં આર્ય સંસ્કાર બચાવી શકાય તેમ છે.

પરામાં આવી હીલચાલ એકવાર શરૂ થાય તો સેંકડો બાળકો તેનો લાભ લેશે તે વાત નિશ્ચીત છે. માત્ર એક કલાક હિતોપદેશ - પંચતંત્રની વાર્તા - સંસ્કૃત સુભાષિતના અનુવાદ - સારી પ્રાર્થના અને સારા સાત્વીક ગુજરાતી કાવ્યો વગેરેથી તેનું મંગળાચરણ થઈ શકે તેમ છે.

બાકી વર્તમાન શિક્ષણ પધ્ધતિનો એક આંકડોય ક્યાંય કામમાં આવે તેમ નથી તે સાથે આ વાંચનાર ભાગ્યે જ અસંમત થાય તેમ છે.

મુંબઈ સમાચાર

# યુવા પેઢી અને ગાંધીવાદી વિચારધારાનું અંતર ઘટાડીએ

ગાંધીજી બ્રિટન ખાતે બેરીસ્ટર તરીકેનું શિક્ષણ લેવા માટે મુંબઈથી સ્ટીમર મારફતે જવા રવાના થયા તે ઘટનાને ૧૦૦ વર્ષ પૂરા થયા. આ બાબતનું ઐતિહાસિક મહત્વ ઘણુ છે. ગાંધીજી વિલાયતમાં ભણવા ગયા. ત્યાંથી પરત આવ્યા અને રાજકોટ ખાતે વકીલાત શરૂ કરી.

પરંતુ અઢી વર્ષ સુધી કોઈ ખાસ કેસ મળ્યા નહીં ! ! કુદરતે ગાંધીજી પાસે કોઈ નોંધપાત્ર કામ લેવાનું હશે તો આ નિષ્ફળ વકીલ દક્ષિણ આફ્રીકા ગયા. ત્યાં સત્યાગ્રહ અને જાગ્રતિની કામગીરી કર્યા બાદ વતનને સ્વતંત્ર કરવા તેઓ ભારતમાં પરત આવ્યા. આમ ગાંધીજીની કારકીર્દીમાં મુંબઈનો ફાળો નોંધપાત્ર છે.

મુંબઈ શહેરનું ગૌરવ છે કે ભારતના આ પનોતાપુત્ર સાથે તેનો અક્ષય નાતો જોડાયેલો રહ્યો છે પરંતુ આવા પ્રસંગનું મહત્વ અને મૂલ્યાંકન માત્ર ગાંધીજીને યાદ કરીને જ નહીં મૂલવવું જોઈએ. ગાંધીજીએ પ્રબોધેલા વિચારો આજે સ્વીકારવા પડે તેવી રાષ્ટ્રની આર્થિક - સામાજીક રાજકિય હાલત છે. હજુ મોડું થયું નથી.

ગાંધીવાદ અને ગાંધી વિચારધારાથી આજની યુવા પેઢી વિમુખ થઈ છે. હાઈસ્કુલ કક્ષાએ જો કોઈ પણ વિદ્યાર્થીને પૂછવામાં આવે કે સત્ય, રાષ્ટ્રપ્રેમ - અહિંસા બુનીયાદી કેળવણી અને સ્વદેશી ચળવળ - એ વિષય પર ૧૦/૨૦ લીટી લખો તો શંકા છે કે બે-ચાર વિદ્યાર્થી પણ તેમ કરવામાં સફળ થાય. ગાંધીજી એટલે માત્ર રેંટીયો જ નથી. ગાંધીજીએ એક દળદાર અર્થશાસ્ત્ર લખાય તેટલા વિચારો વ્યક્ત કર્યા છે.

સ્વાવલંબન અને આત્મનિર્ભર ગામડું એ ગાંધીજીની કલ્પના હતી. જો કે તેમના જ અનુયાયીઓએ આયોજનની ગાડી ઉંધા પાટે ચડાવી દીધી. પરંતુ તે જુદી ચર્ચાનો વિષય છે. પ્રત્યેક ગામડું પોતાની જરૂરીયાત પોતાના સાધનમાંથી વિકસાવે અને ક્યાંયથી ચીજ મંગાવવી પડે નહીં તેવી ગોઠવણ થાય તો ગામની આ[illegible] ગામમાં જ રહે. પરંતુ તેનો ભંગ થવાથી શું થયુ તે નજર સામે છે.

ગામડા પરાવલંબી બન્યા એટલે દેવું વધ્યું - આ દેવું ચુકવવા - બીજુ દેવુ કર્યું - અને આ વિષચક્ર ચાલતું જ ગયું છે. પરીણામ એ આવ્યું કે ગામડામાં અઢારે આલમને જે રોજગારી અને આવક મળતી હતી તે તુટી. આ તમામ કારીગર વર્ગ શહેરોની ફૂટપાથ પર આવ્યો. શહેરોમાં ઝૂપડપટ્ટી વધી - ગંદા વિસ્તારો વધ્યા અને બદી વધી.

આ ઝૂપડપટ્ટીમાં અસામાજીક તત્વો વધ્યા - ગુંડા અને માફીયાઓ આવ્યા. તંત્ર માટે કાયદો વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થયા. આ બધાનું મૂળ જો તપાસવામાં આવે તો ગામડાંને ભાંગી નાખવાની નીતિ છે. ગાંધીજીની કેટલી દીર્ઘદ્રષ્ટિ હતી તે આ એક જ દ્રષ્ટાંત પરથી સાબિત થાય છે. પરંતુ ફરીને સખેદ કહેવું પડે છે કે ગાંધીજીના અનુયાયીઓ પણ ગાંધીજીને સમજી શક્યા નથી.

આપણે ગાંધીજીને માત્ર બીજી ઓકટોબરે અને ૩૦મી જાન્યુઆરીએ જ યાદ કરીએ છીએ. ગાંધીજીએ પોતાના નજીકના કુટુંબીજનોને એકવાર જણાવ્યું હતું કે સ્વરાજ્ય મળી જાય બાદમાં તેઓ ગૌશાળાઓને વિકસાવવામાં પોતાનું જીવન સમર્પિત કરશે. જો કે તેમની એ ઈચ્છા પૂર્ણ થઈ શકી નહીં. પરંતુ ગૌ સમૃદ્ધીમાં જ ભારતની સમૃદ્ધી છે તે વાત ગાંધીજીએ જાણી હતી.

એક નાના ગામડામાં ૨૦૦-૫૦૦ ગાય હોય તો હજાર - બે હજારની વસ્તીને દૂધ - ઘી - માખણ - છાશ - બળતણ અને ખેતીવાડીને ખાતર આ બધું નજીવા દરે ઉપલબ્ધ હતું. આજે ગામડા - ઘી - દૂધ વગરના થઈ જવામાં છે - કારણ કે ડેરી આવી ગઈ છે - બળતણ માટે છાણાની જગ્યાએ કેરોસીન આવી ગયું છે. ખેતીવાડી કસ વગરની થઈ છે તેમ ગણી ખેડુતો તે વેચીને શહેરો તરફ જઈ રહ્યા છે.

ગૌશાળા સંસ્કૃતિ દ્વારા જ રામ - રાજ્ય સ્થાપી શકાશે તેવી ગાંધીજીની વાત તેમના અનુયાયીઓ હજુ સમજે તો મોડું થયુ નથી. એક સરેરાશ તંદુરસ્ત ગાય દ્વારા અર્થતંત્રમાં ઘી - દૂધ અને ગોબર દ્વારા વાર્ષિક રૂા. ૧ લાખનુ ભૌતીક ઉત્પાદન આપવામાં આવે છે. જો ગૌશાળાને આર્થિક રીતે પગભર કરવા ઉપરાંત શ્રમદાન દ્વારા તેમના કાર્યો ઉપાડી લેવામાં આવે તો રાષ્ટ્ર સમૃદ્ધીથી છલકાઈ જાય તેમ છે.

અહિંસાના પ્રખર ઉપાસકના રાષ્ટ્રમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ નથી. અહિં ગૌવંશના પશુઓની હત્યા પર પ્રતિબંધ એમ અર્થ કરવાનો છે. જો કાર્યકરો જાગ્રત થાય તો આ મુદ્દા પર શાસન પર દબાણ લાવી શકે તેમ છે. ખૂબજ મોડું થવા છતાં આપણે જે કંઈ પશુધન બચાવી શકીએ તેમ છીએ તે બચાવવા પ્રયત્ન કરવા.

ગાંધીજીને શિક્ષણની બાબતમાં સમજવામાં સંપૂર્ણ ઉપેક્ષા એ આજે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ગાંધીજીએ માતૃભાષામાં શિક્ષણ આપીને સદાચાર, શિસ્ત - અહિંસા - રાષ્ટ્રપ્રેમ વગેરે પર ભાર મુક્યો હતો. આજે કે. જી.માં અંગ્રેજી માધ્યમમાં બાળકને દાખલ કરાવવા ડોનેશન આપીને જ માતા - પિતા દ્વારા ભ્રષ્ટ રીતરસમનું મંગળાચરણ થાય છે.

હજુ તો એડમીશન અને તે પણ બાળ મંદિરમાં લેવાનું હોય છે ત્યાં જ રૂા. પાંચ હજાર અપાતા હોય તો - આવા વાતાવરણમાં શિક્ષણ લેનાર બાળકનો વિકાસ કેવો હશે ? બાવળ વાવીને આંબાના ફળની અપેક્ષા રાખી શકાતી નથી તેવી જ રીતે આવી ભ્રષ્ટ રીતરસમ ધરાવનાર શાળા - શિક્ષક અને સંચાલકો વચ્ચે કદી તેજસ્વી બાળક સંભવી શકે નહીં.

શિક્ષણ અંગે કે સદાચાર ઉપરાંત જાહેર જીવન - સાધન શુદ્ધિ વગેરે અંગેના ગાંધીજીના વિચારો આજથી ૬૦ - ૭૦ વર્ષ અગાઉ સચોટ હતા - તેટલા જ આજે છે. આપણે સૌ ગાંધીજીને ભુલી ગયા છીએ અને નવી પેઢીને પણ ગાંધીજીથી વિમુખ બનાવીને વધારે નુકસાન કર્યું છે. આજે રાષ્ટ્ર સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યુ છે તેવે વખતે સર્વોદય વિચાર જ ઉદ્ધાર કરી શકશે.

આજના મતલબી અને સ્વાર્થી જાહેર જીવનમાં "મારૂં શું" - "મને શું"ની ચીઅરી જે રીતે વિકસી છે તે જોતાં આવતીકાલે માતા - પિતાને તેનું બાળક કહેશે કે "મને શું" તો કેવો આંચકો લાગશે? ક્યો રાષ્ટ્રનેતા પોતાની મર્યાદીત જરૂરીઆતો સાથે જીવન ગુજારે છે? આ બધી જ બાબતો ચર્ચાને પાત્ર બની રહી છે. પરંતુ નાગરિકોએ તો સારી બાબતોને જીવનમાં ઉતારવી રહી.

આજે મૂડીવાદ - નિષ્ફળ ગયો છે, સામ્યવાદ નિષ્ફળ છે, સમાજવાદ પણ નિષ્ફળ છે. છતાં ગાંધીવાદ - સર્વોદય વિચારધારા જીવંત છે. એટલું જ નહીં સત્ય - અહિંસા - શિસ્ત અને શારીરીક શ્રમનું મહત્વ આ બધાને વ્યવહારમાં પુન : સ્થાપીત કરવાની જરૂર. છે તેમ નથી લાગતું ? શારીરીક શ્રમ એ તો અવમૂલ્યન થયેલો વિષય છે. શાસક પક્ષના કાર્યકરોથી આ સુધારાની શરૂઆત થવી જોઈએ.

વિશ્વમાં આજે શસ્ત્રદોટ વધી છે. એશીયાના રાષ્ટ્રો પણ આજે શસ્ત્રોના ઢગ કરીને એકબીજા સાથે ચડસાચડસી કરી રહ્યા છે. ભારત અને પાકિસ્તાનમાં લાખો બાળકોને પૂરતું દૂધ મળતું નથી - આથી તેમને અંધાપો વેઠવો પડે છે. છતાં એક લશ્કરી વિમાન વસાવવા રૂા. ૫૦ કરોડ ખર્ચ કરવા બન્ને તૈયાર છે ! !

ભારત દર પાંચ વર્ષે આવા ૪૦૦ વિમાનો ખરીદે છે અને પાકિસ્તાન ૧૫૦ ! ! બન્ને રાષ્ટ્ર ભૂખે મરી રહ્યા છે. સીંદરી બળી જાય પરંતુ વળ ન છોડે તેવી હાલત છે. છતાં ગાંધીવાદી વિચારધારાનો શાંતિપ્રેમ અને અહિંસાનો સંદેશ સ્વીકારવો નથી. જો કે ગાંધીજીએ આ બધી જ વાત કહી છે તે નવી નથી. માનવ સભ્યતાના પાયામાં આ વાત છે.

જૂના મૂલ્યોને ત્યજી દઈને પશ્ચિમી સંસ્કૃતિ અને સભ્યતા સ્વીકારવામાં આપણે ઉતાવળ કરવા સાથે અવિચારી પગલું ભર્યું હોય તેમ નથી લાગતું? સમૃદ્ધ ગામડા અને વિકેન્દ્રીત અર્થવ્યવસ્થાને બદલે યાંત્રીકરણ - ઔદ્યોગિકરણ દ્વારા શહેરોમાં અરાજકતા - લૂંટમાર - અને માફીયા સંસ્કૃતિ વિકસી છે અને આપણે તે જોઈ રહ્યા છીએ.

છેલ્લા ૪૦ વર્ષમાં આયોજનનું પશ્ચિમી મોડેલ અમલમાં મુકવાથી કઈ બાબતમાં આપણી સિદ્ધિ છે ? દોઢ લાખ ગામડા પીવાના પાણીથી વંચિત છે - ત્રણ લાખ ગામડામાં કાચી નિશાળ છે - ૪૦ ટકા વસ્તી ગરીબ છે - મુંબઈમાં તો ૫૦ ટકા વસ્તી ઝૂપડામાં રહે છે. આ કઈ જાતની સિદ્ધિ? આ કઈ જાતની સફળતા કહીશું ?

યુવા પેઢીને ગાંધીજીના વિચારો - ગાંધીજીના સિદ્ધાંતો સમજાવવામાં આવે અને આજના દૈનિક જીવનની આર્થિક - રાજકીય - સામાજીક સમસ્યા કઈ રીતે હળવી થાય તે અંગે એક તંદુરસ્ત ચર્ચાનું આયોજન થાય તે સમયની માંગ છે. ભૌતીકવાદી અને ઉપભોકતાવાદી સમાજજીવનની આજે આડ અસર [illegible] તેમાંથી બચવાનો આ એક જ માર્ગ છે.

## ઉઘાડે છોગે

જેલાંન દારૂવાલા

VINIYOG



# ભૂકંપ અને વિશ્વબેન્ક

**ભૂકંપગ્રસ્ત** લાતુર અને તેની આસપાસના વિસ્તારમાં રાહતકાર્યનો પ્રથમ તબક્કો પૂરો થયો છે. હવે લાંબા ગાળાના કાર્યક્રમો જેવા કે મકાનોનું બાંધકામ, ભંગાર - કાટમાળ દૂર કરવો વગેરે જેવી કામગીરી કરવાની રહે છે જે ખૂબજ ધૈર્ય - ખંત અને લગન માગી લે તે પ્રકારની છે.

મહારાષ્ટ્ર સરકાર દ્વારા શરૂઆતમાં જે જુદા-જુદા અંદાજોને આધારે નુકશાનીની રકમ આંકવામાં આવી હતી તેમાં કશીક ઉતાવળ થઈ હોય તેમ જણાય છે. મુખ્ય મંત્રી શ્રી શરદ પવારે રૂ. ૮૭૫ કરોડની રકમની જરૂર હોવાનું જણાવ્યું હતું જો ૫૦ હજાર ઓછી પડતર કિંમત ધરાવનાર એકઢાળીયા જેવા મકાનો બાંધવામાં આવે તો પણ તે રકમ રૂ. ૨૦૦ કરોડથી કોઈ સંજોગોમાં વધે તેમ નથી.

વળી જ્યારે સામુહિક બાંધકામ થતું હોય ત્યારે બાંધકામની સામગ્રી પણ સમૂહમાં ખરીદવામાં આવે છે આથી લાભ થાય છે અને એકીસાથે ઉપયોગમાં લેવાય છે તેથી કરકસર પણ થાય છે. આમ ખર્ચના અંદાજ બાંધવામાં કશીક થાપ ખવાઈ ગઈ છે તેમ લાગે છે. લોકો દ્વારા દાન અને મદદનો પ્રવાહ અવિરત ચાલુ છે એટલે નાણાંકીય સાધનોની કોઈજ તંગી પડવાની નથી.

આ બધું હોવા છતાં વિશ્વ બેન્ક પાસેથી ૩૦ કરોડ અમેરિકી ડોલરની લોન માટે સહીસિક્કા કરવામાં આવ્યા છે. એ વાત સમજાતી નથી કે શા માટે દરેક મુદ્દા પર વિશ્વબેન્ક પાસે દોડી જવામાં આવે છે ? સમગ્ર ભારતમાંથી દાન અને સહાયનો ધોધ વરસી રહ્યો છે. ખુદ સરકારને હવે રોકડ સિવાય કંઈ મોકલવું નહીં તેવી અપીલ બહાર પાડવી પડી છે તે છતાં વિશ્વબેન્ક ચિત્રમાં આવી છે.

આ વખતે ચીનમાં ૧૯૭૬ના જુલાઈમાં બનેલી ધરતીકંપની ઘટના અને ચીનના શાસકોનો પ્રતિભાવ ખૂબજ માન ઉપજાવે તેવો છે. ચીનમાં થયેલા ધરતીકંપમાં ૭ લાખ વ્યકિતના મૃત્યુ થયા હતા. ૫૦ લાખ મકાનો પડી ગયા હતા અને ૧૦ કરોડ લોકો બેઘર થયા હતા. ચીનના ઈતિહાસમાં આવી દુર્ઘટના કદી બની નહોતી ધરતીકંપ થયા બાદ ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.

ખુલ્લામાં - છાવણીમાં આશ્રય લઈ રહેલા લાખો બાળકો મહીલાઓ વરસાદને કારણે ન્યૂમોનીઆ - ફ્લૂમાં સપડાયા ઉપરથી આભ ફાટ્યુ અને નીચે ધરતી. આવા સંજોગોમાં અપૂરતી દવા પાટાપીંડીના સાધનોનો અભાવ વગેરેને કારણે ભારે અવ્યવસ્થા ઊભી થઈ હતી. આ બધાની ખબર રેડ ક્રોસને પડી. તેમના દ્વારા ત્રણ જહાજ ભરીને પાટાપીંડી અને મલમપટ્ટાના સાધનો ચીની સત્તાવાળાઓને પૂછ્યા વગરજ મોકલવાની વ્યવસ્થા થઈ.

ચીનમાં સાધનોની ભારે તંગી હતી. જહાજો ચીનના બંદર પર બર્થ માટે આવ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે તેમાં વિદેશી કંપનીઓની બ્રાન્ડનો પાટાપીંડી અને દવા સહીતનો સામાન હતો. ચીનના શાસકોએ તુરતજ આ જહાજોને ચીનના જળ વિસ્તારમાંથી દૂર ચાલ્યા જવા કહ્યુ. તેમણે કે એકવાર જો આ વિદેશી માલસામાનનો ચસ્કો ચીનની પ્રજાને લાગી જશે તો પ્રજા પંગુ થઈ જશે.

એટલું જ નહીં એમ પણ કહ્યુ કે ચીન કુદરતી આફતો સામે લડવા અને ઝઝુમવા પૂરતું સશકત છે. કદી સ્વમાનના ભોગે વિદેશી માલ આવવા દેવામાં નહીં આવે તે ચીનની નીતિ છે. તેની સરખામણી આપણે ત્યાં શું બની રહ્યુ છે. તે નજર સમક્ષ છે. ભારતની તમામ પ્રજા દ્વારા આફતગ્રસ્તોને પોતાના જ બાંધવ ગણીને મદદ મોકલવામાં આવી રહી છે છતાં ઘણાને વિશ્વ બેંક જ શ્રેષ્ઠ દેખાય છે.

કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે આપણે અનેક કુદરતી આફત જોઈ છે. અનેક પ્રાંતોમાં ભુતકાળમાં દુષ્કાળ - પૂર - વગેરે આવી ગયા છે. આ બધામાંથી આપણે કુદરતની કૃપાથી પાર પડ્યા છીએ. દરેક વખતે કંઈ બહારની મદદ મળી નથી. વળી બહારની મદદ એ કવચિત આત્મસન્માનના ભોગે હોય છે કારણ કે તેની બધીજ શરતો જાહેર થતી નથી.

ક્યારેક આગળ પાછળનો વિચાર કર્યા વગર જ ખર્ચ અને નુકશાનીનો અંદાજ જાહેર કરવામાં આવે છે તે યોગ્ય નથી લોકનેતામાંથી પ્રજાને વિશ્વાસ ઉઠી જાય છે. ધરતીકંપમાં મૃત્યુ પામનારાનો આંકડો પણ શરૂઆતમાં તો ખૂબજ અતીશયોકતીભરી રીતે રજુ કરવામાં આવ્યો હતો. વાસ્તવમાં તે ઘણો ઓછો છે તેમ બહાર આવ્યુ છે. આવી બાબતો કેમ બને છે તે સમજાતું નથી.

ઉપલી કક્ષાએથી જવાબદારી સાથે વિગતો આપવી જોઈએ. ખોટા આંકડા અને રકમ બોલવાથી અશ્વ અને અશ્વાર બન્નેના ભાવ ઘટે છે. પ્રજાની વિશ્વસનીયતામાં ઘટાડો થાય છે. તેમજ ખોટી ગેરસમજ પણ ઊભી થાય છે.

મુંબઈ સમાચાર

સોમવાર, ૧૧મી ઓકટોબર, ૧૯૯૩ આશ્વીન ૧૯ અંકે ૧૯૧૫.

૨૪

મુંબઈ સમાચાર

# દાનનો પ્રવાહ બદલાવીએ

**આજથી** શ્રી ગણેશ ઉત્સવ શરૂ થાય છે. વિઘ્નહર્તા અને સૃષ્ટિના સુખકર્તા શ્રી સિધ્ધીવિનાયકનો ૧૦ દિવસનો મહોત્સવ માત્ર મુંબઈ- મહારાષ્ટ્રમાં જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રમાં ઠેર ઠેર ધામધૂમ અને શ્રધ્ધા સાથે ઉજવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રચેતના સાથે સમાજમાં ચેતના-ઉર્મિ અને ઉલ્લાસનો સંચાર કરવાની ભાવના આ ઉત્સવ પાછળ રહેલી છે.

તે સાથે જ દેરાવાસી જૈન સમાજના પર્યુષણનો પ્રારંભ થાય છે. તપ અને ઉપાસનાનો સુભગ સમન્વય આ અઠવાડીયામાં થાય છે. આપણે લોકો બધા જ તહેવારોનો આનંદ લઈએ છીએ અને ઉજવીએ છીએ. પર્યુષણ દરમ્યાન તેમજ શ્રી ગણેશોત્સવ દરમ્યાન દાન અને મદદનો પ્રવાહ જરૂરીઆતવાળા વર્ગ અને લોકો તરફ વાળવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષના અનુભવ બાદ આ દાનના પ્રવાહને વધુ સુયોગ્ય બાબતો તરફ વાળવાની જરૂર છે તેમ લાગે છે.

હાલમાં ધાર્મિક તહેવારો વખતે દાનની રકમ શિક્ષણ- તબીબી સેવા અને એવા જ ક્ષેત્ર તરફ વળી જાય છે. પરંતુ જરૂર છે કે ખૂબ જ ઉપેક્ષિત રહેલી ગૌશાળા- વ્યાયામશાળા અને પાઠશાળા તરફ દાનનો પ્રવાહ વાળવામાં આવે. ભારતીય સંસ્કૃતિનું ઘડતર આ ત્રણ શાળાઓમાંથી થાય છે. છતાં આજે ત્યાં ભાગ્યે જ કોઈને પ્રવૃત્તિ તરફ વળવાનું મન થાય તેવી હાલત છે.

શહેરોમાં આજે યુવાનોને વ્યાયામશાળામાં જવામાં રસ રહ્યો નથી. નાટક- સીનેમા- ટીવી- વીડીયો અને એવી બધી મોજશોખની બાબતોમાં યુવાન રોકાયેલો છે. આથી તેને કસરત કરીને શરીર સૌષ્ઠવ વધારવામાં રસ નથી. વ્યાયામશાળામાં જનાર યુવાનના શરીરનું તેજ અનોખુ હોય છે અને તેની ચાલ પણ અલગ પડે તેવી હોય છે. પહોળા ખભ્ભા અને મજબુત બાવડુ ધરાવતું તેનું શરીર હોય છે.

સખત પરીશ્રમવાળી નહીં તો પણ હળવી કસરત કરવાથી શરીરનું ઝેર પરસેવા વાટે બહાર આવી જાય છે. શહેરોમાં તો નવી સાર્વજનિક વ્યાયામશાળા બંધાતી જ બંધ થઈ ગઈ છે. જમીનની "કિંમત" થવા લાગી ત્યારથી વ્યાયામશાળાનું અવમૂલ્યન થવા લાગ્યું. વળી ખુદ યુવાનોને પણ શ્રમ કરવામાં નાનપ લાગવા લાગી. આથી વ્યાયામ પ્રવૃત્તિ લગભગ બંધ થઈ ગઈ છે.

દાનનો પ્રવાહ ફરીથી વ્યાયામશાળાઓ શરૂ કરવા તરફ વળે તે અનિવાર્ય છે. મુંબઈના કોઈપણ પરામાં છેલ્લા ૧૦ વર્ષમાં કેટલી નવી સાર્વજનિક વ્યાયામશાળા શરૂ થઈ ? આ બધાની ઉપેક્ષાની કિંમત બીમારી- રોગચાળો અને નબળાઈ સ્વરૂપે વર્ષો બાદ સમાજે ચૂકવવી પડશે તેનો કોઈને ખ્યાલ છે ખરો ? આ ખૂબ જ ગંભીર બાબત છે- કોઈ ચોક્કસ કોમ- જ્ઞાતિ કે ધર્મને આ વાત લાગુ નથી પડતી- સમગ્ર સમાજને તે સ્પર્શે છે.

ગૌશાળા સંસ્કૃતિનો આજે લગભગ નાશ થવા આવ્યો છે. જે કંઈ- ૫-૨૫ સારી અને આદર્શ ગૌશાળા છે તે પણ તેના નસીબે મળેલા સંચાલકોને કારણે સાધનો એકત્રીત કરીને સારો વહીવટ ચલાવે છે. પરંતુ આ બધા સંચાલકો બહાર નીકળીને દાન માગે તે અગાઉ જ તહેવારોના આ શુભ દિવસોમાં ગાય- ભેંસ- બકરા- ઘેટા સહીતના પશુઓના કલ્યાણ અને સુખાકારી માટે સુખી વર્ગે સામેથી તેમને દાન મોકલવું જોઈએ.

ઉંડા અંધારામાંથી પ્રકાશમાં જવા ગૌસેવાથી વિશેષ મોટી સેવા બીજી કોઈ જ નથી. સારા અને પુણ્યશાળી સંતાનો માટે પણ ગૌસેવા એ ઉત્તમ સેવા છે. જેઓ ધનથી મદદ કરી શકે છે તેમણે દરેકે પોતાના વતનના વિસ્તારમાં આવેલી ગૌશાળાને આ પાવનકારી દિવસોમાં શક્ય તેટલી મદદ મોકલવી જોઈએ.

## ઉઘાડે છોગે

જેહાંન દારૂવાલા

ગૌ-સેવા કરવાથી પુણ્યનો ઉદય થાય છે તે વાત ભુલવા જેવી નથી. સુખી વર્ગ જો દાનનો પ્રવાહ બદલાવશે તો સમાજ સુખી થવાનો છે.

સમાજમાં વ્યાપેલી બીમારી- રોગચાળો- અરાજકતા- અસંતોષ અને રાગદ્વેષનું પરીણામ હિંસાચારમાં છે. જ્યાં હિંસા હોય ત્યાં કોઈ સુખી ન હોય. અમેરીકા આટલું પૈસાદાર અને સમૃધ્ધ છે- પરંતુ હિંસા થાય છે એટલે પ્રત્યેક અમેરીકન નાગરિક જેણે ૪૦ વર્ષ પૂરા કર્યા છે તે ડાયાબીટીસ- એસીડીટી- અનિદ્રા- હાઈપર ટેન્શન અને લો-બીપી કે હાઈ બીપી જેવી તકલીફથી પીડાઈ રહ્યો છે.

ગૌસેવા એ ઉત્તમ સેવા છે અને મનુષ્યને સર્વ સુખ આપે છે. ગૌશાળાની ઉપેક્ષાથી જ હોસ્પીટલો અને ક્લીનીક વધી પડ્યા છે. જો તમામ નાગરિકને સાચા ઘી- દુધ- માખણ- છાશ પુષ્કળ માત્રામાં મળી રહે તો તેની જીવનશક્તિ અને પ્રતિકારશક્તિ વધે અને કોઈ રોગ કે આડઅસર થાય નહીં. પરંતુ આજે કેન્સર નિદાન કેમ્પ કરવા પડે છે. શા માટે ? શું આજથી ૫૦ વર્ષ પહેલા આટલા બધા રોગ હતા ખરા ?

ગાયના ચોખ્ખા અને તાજા દુધના અભાવે હજારો વ્યક્તિ નેત્રરોગ અને રતાંધળાપણાનો ભોગ બને છે. શું તેમને ચોખ્ખુ દુધ આપવાની ક્ષમતા નથી ? ચોક્કસ છે - પરંતુ સંચાલન અને તેનું નેતૃત્વ ખોટી દિશામાં છે. અધુરામાં પૂરૂં સમાજમાં નામ કમાવાની મહેચ્છા રાખનાર સુખી વર્ગને હોસ્પીટલ અને નિશાળમાં પોતાના નામનું પાટીયું ઝુલતું હોય તે ગમે છે. દાનનો પ્રવાહ ખોટી દિશામાં છે.

ગૌશાળામાં જે દાન હાલમાં અપાય છે તે ઘણું જ અલ્પ માત્રામાં છે. એમ માનવામાં આવે છે કે માત્ર મુંબઈમાંથી સરેરાશ મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગ દ્વારા જે દાન જુદા - જુદા હેતૂ માટે મોકલવામાં આવે છે તે વાર્ષિક રૂા. બે કરોડનું થવા જાય છે. (આમાં મોટા શ્રીમંતો દ્વારા અપાતા દાન તેમજ વિદેશના નોન રેસીડેન્ટ ભારતીયો દ્વારા અપાતા દાનનો સમાવેશ થતો નથી.).

અલબત્ત આ રકમ ખૂબ જ રૂઢીચુસ્ત રીતે થયેલી એક અંદાજીત મોજણી પર આધારીત છે. એટલે તેમાં વર્ષોવર્ષ વધારા- ઘટાડાને અવકાશ છે. પરંતુ શુભ તહેવારો અને સારા પ્રસંગોએ ગુજરાતી સમાજના વિવિધ ફીરકાઓ જે દાન વિવિધ રીતે વાપરે છે તેની દિશા બદલાવીને ગૌશાળા- વ્યાયામશાળા તેમજ પાઠશાળા તરફ વાળવાની વેળા આવી ગઈ છે.

પાઠશાળામાં અપાતાં દાનને કારણે ઉછરતી પેઢીમાં સંસ્કારીતા અને ખાનદાની વિકસે છે. પાઠશાળામાં અક્ષરજ્ઞાન અપાતું નથી- પરંતુ સામાજીક અને વ્યવહારીક શિક્ષણનું જ્ઞાન આપવામાં આવે છે. પાઠશાળામાં વ્યક્તિ ઘડતર થાય છે. પરંતુ આજે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પાઠશાળાને તાળા લાગી રહ્યા છે. શિક્ષીત વર્ગ પણ પાઠશાળાને મહત્ત્વ આપતા નથી- પછી ભલે તેમનું ઘડતર પાઠશાળામાં થયું હોય !!

પાઠશાળામાં ગયેલા બાળકને માતા-પિતા સાથે કેવી રીતે વર્તન- વ્યવહાર કરવા- મિત્રો સાથે કઈ રીતે વાતચીત કરવી- કેવા મિત્રોની પસંદગી કરવી- ખાવા- પીવા- રમવા- ભણવામાં શિસ્ત- અનુશાસન વગેરે અંગે કઈ રીતે જાણવું- સમજવું- અમલમાં મુકવું વગેરેનું જે શિક્ષણ અપાતું હતું તેનું મૂલ્ય લાખો રૂપિયામાં પણ થાય તેમ નથી. વળી આ પાઠશાળાના શિક્ષક કે આચાર્ય સાદગી રાખીને આદર્શ વ્યક્તિનું ઘડતર કરતા હતા.

આજે બધા જ ફરીયાદ કરે છે કે સમાજમાં શિસ્ત કે પ્રેમ જેવું કશું રહ્યુ નથી. તોછડાઈ અને આછકલાઈ વધતી જાય છે ત્યારે વગર પૈસે શિક્ષણ આપતી ગામઠી પાઠશાળાઓનું સ્મરણ થયા વગર રહેતું નથી. સમાજને આજે ઠેર ઠેર પાઠશાળાની જરૂર છે. મુંબઈના પ્રત્યેક પરામાં દર રવિવારે સવારે ૯ થી ૧૦ માત્ર એક કલાક આવી ૫૦ પાઠશાળા શરૂ થશે તો તેમાંથી વર્ષે બે હજાર બાળકો શિસ્તના પાઠ શીખીને બહાર આવશે.

આપણે ત્યાં દરેક બાબત ખૂબ જ વ્યવસ્થિત અને પધ્ધતિસર હતી. ગામેગામ ચરીયાણ અને ઉંચી નસ્લની ગાયો હતી. પરંતુ જયારથી દાનનો પ્રવાહ પ્રસિધ્ધીલક્ષી સંસ્થાઓ તરફ વળી ગયો ત્યારથી પાઠશાળા- ગૌશાળા અને વ્યાયામશાળાની ઉપેક્ષા થવા લાગી. પાઠશાળામાં માનસિક ઘડતર, વ્યાયામશાળામાં શરીરનું ઘડતર અને ગૌશાળા મારફતે સાચા ઘી- દુધનો પૂરવઠો સમાજને મળતો હતો.

આજે સુખી દાતાવર્ગની એ જવાબદારી છે કે શિક્ષણ અને હોસ્પીટલ તરફ દાન વાળવાને બદલે પાયાની આ ત્રણે બાબતોનું ઘડતર જ્યાં થાય છે તેને મજબુત બનાવવા અને તેમને આર્થિક રીતે સધ્ધર બનાવવા દાનનો પ્રવાહ વાળે. દાનનો પ્રવાહ માત્ર ૫૦ વર્ષમાં જ ખોટી દિશામાં વળી ગયો છે. છેલ્લા ૫૦ વર્ષમાં શરીરની બીમારીઓ અને મનની વિકૃતિ ગુનાખોરી સ્વરૂપે જોવામાં આવી છે તેના મૂળ તપાસવા જોઈએ.

સમાજે એ વાતની નોંધ લેવી જોઈએ કે આજે યુવાનોમાં આંખની કમજોરી, ચશ્માનું પ્રમાણ- બીમારી તકલીફનું પ્રમાણ વધ્યું છે- યુવા વર્ગ હતાશ થયો છે- કેફી દ્રવ્યો તરફ વળી ગયો છે તે બધાના મૂળમાં ઘી- દુધનો ઘટેલો પૂરવઠો છે. ઘી- દુધના ભાવ સામાન્ય વ્યક્તિની પહોંચ બહારના થતા જાય છે. બે છેડા ભેગા કરવા વ્યક્તિ ખોટું કરવા લલચાય છે.

દાન માટે સુયોગ્ય ગૌશાળા- પાઠશાળા કે વ્યાયામશાળા શોધીને તેમને રકમ આપવી અથવા તો નવી શરૂઆત થાય તે માટે સઘળા પ્રયાસ કરવા એ જ આજના શુભ તહેવારોની માંગ છે. દાન એ ઉત્તમ છે- પરંતુ સુયોગ્ય અને સામાજીક હેતૂ માટે દાન એ તેનાથી પણ વધુ ઉત્તમ બાબત છે. દાનનો પ્રવાહ મુંગા ઢોરના કલ્યાણ અને સુખાકારી માટે વપરાય તેથી વધુ સારૂં શું હોય શકે ?

૨૯

# સમાજ અને દાનનો પ્રવાહ

દાનનો પ્રવાહ વધુ સારી રીતે - રચનાત્મક અને લાંબાગાળે ધાર્મિક પરીણામો આપે તેવા ક્ષેત્રમાં વાળવાની ચર્ચાને સારો પ્રતિસાદ મળ્યો છે. હાલમાં ઘણા ટ્રસ્ટો છે કે જેમાં ટ્રસ્ટીઓ દ્વારા પણ કોઈ રચનાત્મક કામગીરી થતી નથી. કારણ કે મોટાભાગના તો સમય ફાળવી શકતા નથી અને વય કે તબીયતને કારણે પૂરી શકિત સાથે કામ કરી શકતા નથી.

આ તો એક જ બાબત થઈ - પરંતુ ગામડામાં મહાજન પ્રથા હતી કે જેના પર કાયદા કે બંધારણ દ્વારા કોઈ જ ફરજીયાત જવાબદારી લાદવામાં આવી નથી છતાં ગ્રામજનો - પશુ અને સમાજના કલ્યાણ માટે કોઈ સબસીડી- ડોનેશન વગર આ પ્રથા અસરકારક રીતે કામ કરતી હતી. આજે તે તુટતી જાય છે - અથવા તો કહો કે ખલાસ પણ થઈ ચુકી છે. ભારત સરકારના કોઈ સરકારી ખાતાએ ન કરી હોય તેવી કામગીરી મહાજન - પ્રથા દ્વારા થતી હતી.

ભદ્ર અને સુખી સમાજ દાન આપીને કે ટ્રસ્ટ બનાવીને સમાજ માટે કંઈક કર્યાનો સંતોષ લે છે - પરંતુ તેમના દ્વારા અપાયેલું દાન ક્રિયાશીલ બન્યું કે નહીં તેની કાળજી લેવામાં આવે છે ખરી? સુખી વર્ગને તો પોતાના ધંધા અને પ્રવૃત્તિમાંથી ફુરસદ મળતી નથી. આમ દાન અંગેનો મૂળભુત ખ્યાલ હવે બદલાવવાની જરૂર છે. સમાજને ઉપયોગી થાય અને નક્કર પરીણામ જોવા મળે તેવું દાન હોવું જોઈએ.

દરેક ગામડામાં ગૌશાળા માટે મહાજન પ્રથા દ્વારા તેનું સંચાલન કરવામાં આવતું હતું. મહાજન - એટલે જનમાં મહાન - એટલે કે સમાજમાં આદરપાત્ર - મોભાદાર વ્યકિત તે મહાજન - મહાજનમાં પ્રતિષ્ઠીત વ્યકિતનો સમાવેશ થતો હતો. કે જેઓ સ્વંય પોતાની કામગીરી પોતાના જ દ્વારા ફંડ એકત્ર કરીને કરતા હતા. તેઓ કદી ક્યાંય લાંબો હાથ કરીને માગતા નહોતા. પરંતુ જ્યારથી ટ્રસ્ટો માટે કાનુન બનાવાયો કે મહાજન પ્રથા ખતમ થઈ.

ટ્રસ્ટ અને ટ્રસ્ટીઓને સ્થાને હવે સ્વૈચ્છિક રીતે કાર્ય કરતી સેવાભાવી સંસ્થાઓની જરૂરત છે. દાનનો પ્રવાહ આવી સંસ્થા એ તરફ વળે તો ગૌશાળા પ્રવૃત્તિનો તંદુરસ્ત વિકાસ થાય તેમ છે. આજથી માત્ર ૫૦ વર્ષ અગાઉ જ ગામડાના દરેક ઘરમાં ગાયનું લાલન પાલન થતું હતું. તેને પરીણામે ૧૦ - ૧૨ કે ૧૫ વ્યકિતના કુટુંબને ચોખ્ખા ઘી - દુધ મળી રહેતા હતા અને બળતણ મફતમાં મળતું હતું.

પરંતુ શહેરીકરણ અને ઔદ્યોગીકરણની દોટ શરૂ થતાં જ ગામડા ભાંગવા લાગ્યા અને આજે તેના પરીણામ જોઈ શકાય છે - કે શહેરો વસ્યા. ગુજરાતમાં ૧૯૬૦માં ૫ લાખથી વધુ વસ્તી ધરાવતા માત્ર ત્રણ શહેર હતા. અમદાવાદ - વડોદરા અને સુરત. આજે ૧૨ શહેરોમાં ૫ લાખથી વધુ વસ્તી છે. વળી આ વસ્તી કરે છે શું? ગુનાખોરી - દાણચોરી - કેફી દ્રવ્યોની હેરાફેરી અને જમીનના માફીયા ઉપરાંત પ્રોટેકશન મની ઉઘરાવવાનું કાર્ય શહેરોની ઝુંપડપટ્ટીમાં વસતા આ લોકો દ્વારા થાય છે.

હજુ મોડું થયું નથી. ગૌશાળા પ્રવૃત્તિ એ સમાજ કલ્યાણની પ્રવૃત્તિ છે અને ગામડામાં તે કરોડો વ્યકિતને રોજગારી આપવાની ક્ષમતા ધરાવે છે.

ગુજરાતમાં દર વર્ષે બે લાખ લગ્ન થાય છે. સામાજીક ખર્ચાના ભાગરૂપે જો પ્રત્યેક લગ્નમાં લઘુતમ ખર્ચ એક લાખ રૂપિયા થતો હોય તો ૨૦ અબજ રૂપીયા દર વર્ષે ખર્ચાય છે. (આ રકમ ખૂબ જ રૂઢીચુસ્ત અંદાજ પર આધારિત છે. લગ્નના દાગીના - કપડાં - જમણવાર અને સત્કાર સમારંભ - વીડીયો વગેરે ખર્ચનો સમાવેશ થાય છે. વળી આ સરેરાશ છે - એટલે કોઈ સમૃધ્ધ કુટુંબ પાંચ લાખ રૂપિયા ખર્ચે અને સાદાઈથી લગ્ન થાય ત્યાં રૂા. ૧૦ હજારમાં પણ કાર્ય પૂરું થતું હોય છે.)

જો આ ૨૦ અબજ રૂપિયા પૈકી માત્ર ૧૦ ટકા રકમ સાચા હેતુ માટે વાપરવામાં વાળવામાં આવે તો દરેક રીતે ફાયદો થાય તેમ છે.

આવી જ રીતે નવરાત્રી, શ્રી ગણેશ મહોત્સવ અને બીજા ધાર્મિક

જોહાંન દારૂવાલા

પ્રસંગોમાં થોડી કરકસર કરીને ગૌશાળા તરફ વાળવામાં આવે તો આર્થિક દ્રષ્ટિએ ગ્રામ અને શહેરી વિસ્તારના અર્થતંત્રને કેટલો ફાયદો થાય તેમ છે તે નીચેના દ્રષ્ટાંત પરથી સમજી શકાય તેમ છે.

૨૪ કરોડ પશુઓ દ્વારા સરેરાશ ૧૦ કીલોના હિસાબે દૈનિક ૨૫ લાખ ટન છાણ મળે છે. જેના દ્વારા ૪૦ કરોડ વ્યકિતઓને માટે જરૂરી એટલી ઉર્જા મળી રહે છે. બળતણની તંગી નીવારવા - કેરોસીન ગેસ આયાતની વાત થાય છે. પરંતુ આવી આયાત કરીને આરબ રાષ્ટ્રોના ગુલામ થઈએ છીએ તે કોઈને સમજાય છે ખરૂં? પશુધન દ્વારા ૮૨ અબજનું દૂધ, ૫૦ અબજનું ભાર વહન બળ અને ૨૫ અબજનું સેન્દ્રીય ખાતર અને ૪૦ અબજનો ગેસ આપે છે.

આ બધાની કિંમત વર્તમાન બજાર ભાવે ૧૯૭ અબજનો આર્થિક લાભ આપે છે. ગુજરાતમાં લગભગ ગામડે - ગામડે ગૌશાળા છે. જ્યાં ન હોય ત્યાં નવી ગૌશાળા શરૂ કરવાથી જમીનને કુદરતી ખાતરનો મબલખ પુરવઠો આપી શકાય તેમ છે. પરંતુ આ માટે દાનનો પ્રવાહ ફરીથી ગામડા તરફ અને મહાજન પ્રથા તરફ વાળવાની જરૂરત છે. શહેરીજનોએ આ માટે જાગી જવાની જરૂર છે.

આ માટે કચ્છી સમાજના કેટલાક ગૃહસ્થોએ પોતાના વતનમાં સ્થાપેલી ગૌશાળાનો ઉલ્લેખ અનિવાર્ય છે. કચ્છમાં એક સુકા વિસ્તારના તાલુકામાં ગૌશાળા સ્થાપવામાં આવી છે. તેમાં મુંબઈ રહેનારા ૧૦ થી ૧૨ લોકોએ તેનું સંચાલન ઉપાડી લીધું છે. શરૂઆતમાં માત્ર ૫૦ ગાય - બળદ - વાછરડા રાખવામાં આવ્યા હતા. ધીમે - ધીમે સંખ્યા વધતી ગઈ. દર મહીને એક વ્યકિત વતનમાં જઈને ૧૦-૧૨ દિવસ તેનું સંચાલન કરે છે અને અંગત ધ્યાન આપે છે.

આ ગૌશાળાનું દૂધ સ્થાનિક લોકોને માટે જ છે. ડેરીને આપવામાં આવતું નથી. જો કોઈ કારણસર દૂધ વધે તો છાશ બનાવીને માખણ - ઘી બનાવાય છે. આશ્ચર્યની વાત એ છે કે આ ગૌશાળા આર્થિક રીતે પગભર છે. એટલું જ નહીં આ ગૌશાળા ક્રીયાશીલ બન્યા બાદ ગ્રામજનોની તંદુરસ્તીમાં વધારો થયો છે!! કારણ બાહુ જ સ્પષ્ટ છે. સાચા ઘી - દૂધ મળતા થયા કે લોકોની તંદુરસ્તી વધી છે. ડેરીના દુધમાં આવું જોવા મળતું નથી.

મુંબઈ સ્થિત સુખી વર્ગના લોકો માટે આ દ્રષ્ટાંત એક મોડેલરૂપ છે. ગૌશાળા અને તે પણ આર્થિક રીતે પગભર હોય તે વાત જ નવાઈ ઉપજાવે તેવી છે. કચ્છ અને સૌરાષ્ટ્ર - ઉત્તર - ગુજરાતના વતનીઓએ પોતાના વિસ્તારમાં આ મોડેલનો ઉપયોગ કરવાની જરૂર છે. જો મુંબઈના લોકો, વાપી - વડોદરા કે અમદાવાદમાં મુંબઈ બેસીને કારખાના - ફેકટરી ચલાવી શકે તો એક ગૌશાળાનું સંચાલન કરીને સાચા - ઘી - દૂધના સહભાગી ન થઈ શકે?

દેશી ગાયના શુધ્ધ દુધમાં સર્વે રોગો સામે લડવાની પ્રતિકાર શકિત છે - જે પૃથ્વી પરની અન્ય કોઈ ચીજમાં નથી. વૃધ્ધાવસ્થા અટકાવવા અને જીવનના અંત સુધી શરીરના તમામ અંગ - અવયવો સાબુત રાખવા ગાયના દુધ જેટલી શકિત અન્ય કોઈનામાં નથી. આથી સુખી અને શ્રીમંત લોકોએ ગૌશાળા સાથે સક્રિય રીતે જોડાઈને નાણાંકીય અને વહીવટી કે સંચાલકીય નેતૃત્વ આપવું જોઈએ.

ગુજરાતી સમાજ નવરાત્રી હોય કે દીપોત્સવી હોય- જન્મ દિવસ હોય કે લગ્નની વર્ષગાંઠ હોય તેવે વખતે પૈસા ખર્ચે છે - પાર્ટી ગોઠવે છે અને ભેટ સોગાદમાં હજારો રૂપિયા બરબાદ કરે છે. તેમને ફકત એટલું જ કહેવાનું છે કે વર્ષે માત્ર ૧૦ ટકા રકમ પશુઓના કલ્યાણ પાછળ ખર્ચે થશે તો ભારતીય સંસ્કૃતિને બચાવવા - રક્ષણ કરવા સૌથી મોટો ફાળો આપ્યો ગણાશે.

બાદમાં રકતદાન કેમ્પ યોજાય છે, નેત્રરોગ ચિકીત્સા શીબીર થાય છે - ઓપરેશન મદદ માટે અપીલો પ્રસિધ્ધ કરવી પડે છે. આ બધી સમસ્યાના મૂળમાં શરીરને જે જોઈએ છે તે પોષણનો અભાવ છે. આજથી ૨૫-૫૦ વર્ષ અગાઉ રોગચાળો આટલો નહોતો તેના કારણ શું હતા? એકાએક આજે તો ૪૦ વર્ષ બાદ ડાયાબીટીશ - લો-બીપી - હાઈબીપી અને હાર્ટ પ્રોબ્લેમની સંખ્યા વધી તેનું ખરૂં કારણ કયું છે?

એ વાત વિશે કોઈ જ શંકા નથી કે બહુમતી પ્રજાને ગાયના દુધથી વિમુખ કરતી જવામાં આવી ત્યારથી આ બધું જ વધી ગયું છે. હોસ્પીટલો - કલીનીક - એકસ-રે કલીનીક અને સોનોગ્રાફી મશીનોનો રાફડો ફાટયો છે. પરંતુ આ બધું કોના માટે છે? શહેરોની ગગનચુંબી હોસ્પીટલોમાં રૂા. ૩ કે ૪ હજા[illegible] પગારદાર નોકરીઆત સારવાર લેવા જઈ શકવાનો છે?

સામાન્ય વ્યકિતએ તો સારા અને સાચા ઘી - દૂધ - ખાઈને કે શાકભાજી ફળફળાદી લઈને જ પોતાની તંદુરસ્તી અને આરોગ્ય જાળવી રાખવા પડશે. બાકી "સેકન્ડ ઓપીનીયન" લેવા માટે ભલામણ કરતા તબીબોને પનારે પડવું તે કરતાં હજુ સમય છે કે ગાય - બળદ - વાછરડા સહીતના પશુઓ જ્યાં સચવાય છે અને તેમનું પોષણ કરવામાં આવે છે તેવી સંસ્થાઓને મદદરૂપ થવા માટે યુવાનો - જ્ઞાતિમંડળો અને શહેરોની સામાજીક સંસ્થાઓ કટીબધ્ધ બને.

તબીબી વ્યવસાય સાથે સંકળાયેલી વ્યકિતઓ - ડ્રગ્ઝ એન્ડ કેમીસ્ટ એસોસીએશનો - પેરા મેડીકલ ફેકલ્ટીના નિષ્ણાતો - લાયન્સ કલબ - રોટરી કલબ - જાયન્ટસ સહીતની સંસ્થાઓ પોતાની પ્રવૃત્તિમાં ગૌશાળાને દાન મોકલવાની પ્રવૃત્તિમાં અગ્રેસર બને તો સમાજની અનેક સમસ્યા આપોઆપ ઉકેલાઈ જાય તેમ છે. વિશ્વ બેન્ક કે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળની લોન વગર દેશને આબાદ બનાવવાનો આ એક જ ઉપાય છે.

## ગાયનું નિકંદન નીકળતું જોઈ રહેલો

# અદ્ભૂત આંદળાઓનો દેશ

**ગોવધથી ભારતનું આખું અર્થકારણ હાલી ગયું છે. અંગ્રેજોએ બહુ ગણતરીપૂર્વક ભારતની ગાયોનું નિકંદન કાઢવાનું કાવતરું ઘડયું. અને ભોળા ભારતવાસીઓ આ કાવતરાનું રહસ્ય પામી ન શકયા. આજે આ અજ્ઞાનની સજા દેશની તમામ કોમ ભોગવી રહી છે. આધુનિક પરિપ્રેક્ષ્યમાં પણ ગાય આ દેશ માટે કેટલી મહત્ત્વની અને અનિવાર્ય ચીજ છે તેનો ખ્યાલ વિખ્યાત સર્જક, ચિત્રકાર અને કાર્ટૂનિસ્ટ આબિદ સુરતી અહીં આપે છે...... આબિદ સુરતી**

'વિશ્વમંગલ ગ્રંથમાળા,' ચાર પુસ્તકોનો દળદાર સેટ અકસ્માતે મારા હાથે ચઢયો અને એક અઠવાડિયામાં લગભગ હજારથી વધુ પાનાં વાંચી ગયો, એ પરથી વાચકો કલ્પી શકે છે કે ચિંતનનો (ને ઘેરી ચિંતાનો પણ) વિષય હોવા છતાં આ ગ્રંથમાળા કેટલી રસપ્રદ હશે!

આમાં આપણા જીવનને સ્પર્શતો લગભગ દરેક વિષય તદ્દન સરળ શૈલીમાં રજૂ થયો છે. અને તેની વિશેષતા એ છે કે આટઆટલું વૈવિધ્ય હોવા છતાં તેના કેંદ્રમાં રહેલી ગાય કોઈ નવલકથાના નાયક જેમ ઉજાગર થઈ સ્પષ્ટ રૂપે આપણા મનના ઊંડાણમાં ઊતરી જાય છે. દુર્ભાગ્યે ગાય જેને હિંદુપ્રજાએ માતા તરીકે સ્વીકારી છે, તેનું ચિત્ર કપારી છૂટે તેવું છે.

આ ગ્રંથમાળાના લેખક વાસુભાઈ (વેણીશંકર મુરારજી વાસુ) વાચકને પગલે પગલે ચેતવે છે કે ગાયનું નિકંદન ભારતનો વિનાશ છે: આટલું જ નહિ, આપણી દરેક સમસ્યાના મૂળમાં ગાયની કતલ છે.

ગાયની કતલ આ બે શબ્દો વાંચતા એક સામાન્ય વાચકની આંખો સામે મુસલમાન તરી આવે તો એમાં નવાઈ નહિ. બ્રિટિશ રાજે આપણા મગજમાં જે કાંઈ ઠસાવ્યું છે તે આજે પણ આપણે ભૂલ્યા નથી, ન આપણી સરકારે એ ભુલાડવા માટે કાંઈ પ્રયાસ કર્યો છે. 'ડિવાઈડ એન્ડ રૂલ'ના જે અખતરાઓ અંગ્રેજોએ સફળતાપૂર્વક અમલમાં મૂકયા હતા તે આજે પણ આપણા રાજદ્વારી નેતાઓના લાભમાં છે.

વાસુભાઈ સત્ય તેના નગ્ન રૂપમાં રજૂ કરી મુદ્દાઓ અને આંકડાઓ દ્વારા એ પૂરવાર કરે છે કે ગોરક્ષક એટલે માત્ર હિંદુ જ નહિ, મુસલમાન પણ છે. 'જે મુસલમાન બાદશાહો ભારતમાં સ્થાયી થયા તેમણે ગોવધબંધી અને ખાદીથી પેદા થતી સમૃદ્ધિ, સંસ્કૃતિ અને સામાજિક શકિત જોઈ, તેનાથી પ્રભાવિત થયા. મુસ્લિમ કોમનો ઉત્કર્ષ પણ તેમણે તેમાં જ જોયો અને સંપૂર્ણ ગોવધબંધી જાહેર કરી.... રાષ્ટ્રને શકિતશાળી તેમજ સમૃદ્ધ બનાવ્યું.'

ગાયો પ્રત્યેની હિંદુ પ્રજાની લાગણી જોઈ પહેલા મોગલ બાદશાહ (૧૫૨૬) બાબરને ખ્યાલ આવ્યો હતો કે ગાય એ પવિત્ર પ્રાણી છે અને તેનો વધ ન થવો જોઈએ. આ બાબત તેણે પોતાના વસિયતનામામાં હુમાયુને ચેતવ્યો છે.

સ્વતંત્રતા સુધી મુસલમાનોનો એક મોટો વર્ગ પશુપાલનના ધંધામાં રોકાયેલો હતો અને તેઓ ગાયો જ પાળતા. ગાયોએ મુસ્લિમ માલધારીઓની મૂડી હતી. ગાયો પાસેથી મળતા ઘી, દૂધ, વાછરડાં અને બળતણ માટે છાણ એ તેમની મૂડીનું વ્યાજ હતું.

'મુસ્લિમોમાં પણ ઘણી જ્ઞાતિઓ છે. મતવા જ્ઞાતિનો વંશપરંપરાનો ધંધો ગાયો પાળવાનો. તેમની એક ખાસિયત એકે મતવો ગાયો જ પાળે અને મતવાની પ્રમાણિકતા એવી કે કદી દૂધમાં પાણીનું ટીપુંય ન નાખે.'

ઈ.સ. ૧૮૫૭ના બળવામાં ભારત હાર્યું એ તકનો લાભ લઈને અંગ્રેજોએ વિશાળ પાયા પર ગોવધ કરવાનું અને કતલ કરેલી ગાયો તથા બળદોનાં તમામ ચામડાં નિકાસ કરવાનું શરૂ કર્યું. ફકત ૪૩ વર્ષમાં એટલે કે સન ૧૯૦૦ સુધી ઓછામાં ઓછા ત્રણ અબજ પશુઓ (ગાયો તથા બળદો)નો સંહાર તેમણે કરી નાખ્યો.

અંગ્રેજોની ગોહત્યાની નીતિથી મુસ્લિમોની મૂડી તથા તેના વળતર ઉપર જબ્બર કાપ પડયો અને એ સમૃદ્ધ માલધારીઓ કંગાળ હાલતમાં આવી ગયા. અતિશય દુ:ખદ બીના તો એ બની કે 'એક તરફથી હજારો મુસ્લિમ માલધારીઓ લાખો ગાયોને પોતાનો પસીનો રેડીને અને સરકારે સર્જેલી અનેક મુસીબતો સામે અણનમ રહીને પાળતા હતા, ત્યારે બીજી તરફથી સરકારે ગોઠવાયેલા કાવતરા મુજબ એકલ-દોકલ ગાયને કોઈ ગેરસ્તે દોરવાયેલા મુસ્લિમ મારફત જાહેરમાં કતલ કરાવવામાં આવતી અને તેમાંથી ગંભીર હિંદુ-મુસ્લિમ રમખાણો ફાટી નીકળતાં.'

આ તો સ્વતંત્રતા પહેલાની વાત થઈ. આજની વાસ્તવિકતા શું છે? આનો ઉત્તર સરળ છે. ભારતના માંસાહારીઓ ચિકનને શ્રેષ્ઠ આહાર ગણે છે. બીજા નંબરે બકરો કે ઘેટું આવે છે. અને અંતે ગાય. તે પણ કોઈ રોજ ખાતું નથી. મોટાં શહેરોની બજારના માંસ વિભાગને મટન-માર્કેટ કહેવાય છે, બિફ-માર્કેટ નહિ. મટન-માર્કેટમાં પંદરેક સ્ટોલ બકરાના માંસના હશે તો તેની પાછળ કયાંક એકાદ સ્ટોલ ગાયના માંસનો હશે. બીજું ઈસ્લામે બકરાની કુરબાની માટે આદેશ દીધો છે, ગાયની નહીં.

બ્રિટિશરોએ ફેલાવેલો આ ભ્રમ કે દરેક મુસલમાન ગાયનો શત્રુ છે અને ગાયના માંસનો ભૂખ્યો છે, તેનો લાભ સૌ પ્રથમ ઝીણાએ લીધો હતો. (ત્યારે આપણા ગાંધીવાદી નેતાઓ ગોરક્ષાના હિમાયતી હતા. 'ભારત સ્વતંત્ર થશે ત્યારે કલમને એક જ ઝાટકે દેશમાં સંપૂર્ણ ગોવધબંધી કરવામાં આવશે.')

ઈંગ્લેંડના તે સમયના સરસેનાપતિ ફિલ્ડ માર્શલ મોન્ટગોમરીને ભારતના ભાગલા મંજૂર ન હતા. તેઓ ભારત આવ્યા અને મુસ્લિમ લીગના સરનશીન ઝીણાંને દેશના ભાગલા ન પાડવા સમજાવ્યું.

એટલે ઝીણાએ કહ્યું કે, 'અમે સાથે રહી શકીએ જ નહિ.'

શ્રી મોન્ટગોમરીએ કહ્યું, 'પણ શા માટે? શું તમે હજાર વર્ષ સુધી સાથે રહ્યા નથી?'

ઝીણા પાસે બીજો જવાબ ન હતો. તેણે કહ્યું કે, 'હિંદુઓ ગાયને પુજે છે. હું તને મારીને ખાઉં છું.'

ઝીણાનો આ જવાબ કેટલો નિર્બળ હતો? શું તે રોજ ગોમાંસ ખાતા હતા? 'કદાચ જવાહરલાલ નહેરુ તેમના કરતા વધુ ગોમાંસ ખાતા હશે.'

ભારત તથા પાકિસ્તાનના પહેલા પ્રધાનમંત્રીઓમાં એક વાત સામાન્ય હતી. ઈસ્લામે ડુક્કરનું માંસ હરામ ઠરાવ્યું છે. ઝીણા તે ખાતા હતા. હિંદુ ધર્મે ગાયને પુજનીય ગણી છે. જવાહરલાલ ગાયનું માંસ ખાતા હતા. આટલું જ નહિ ડુક્કરનું માંસ પણ તેમનું પ્રિય હતું. (આના પુરાવારૂપે વાસુભાઈ નહેરુની બહેન શ્રીમતી કૃષ્ણા હઠીસીંગે લખેલ પુસ્તક 'વી નહેરુઝ'નો ફકરો ટાંકે છે.)

ત્યારે ફરી એક પ્રશ્ન ઊઠે છે, ભારતમાં ગાયના માંસનો ઉપાડ 'ઊંટના મોંમાં જીરું' બરાબર હોવા છતાં સ્વતંત્રતા પછી હજારોની સંખ્યામાં થતી ગાયોની કતલ કોના માટે થાય છે? એના માટે જવાબદાર કોણ છે?

વાસુભાઈના મત મુજબ એક નંબરના ગોશત્રુ આપણા રાજદ્વારી નેતાઓ છે. સન ૧૯૪૭માં સત્તાનું સિંહાસન હાથમાં આવતા, કલમના એક જ ઝાટકે દેશમાં સંપૂર્ણ ગોવધબંધી કરવાનાં વચન આપણા ગાંધીવાદી નેતાઓ સરળતાથી ભૂલી ગયા. જેઓએ યાદ દેવડાવવાનું સાહસ કર્યું. તેઓની ખુરશી ઊથલી ગઈ. કોની મજાલ કે નહેરુ સામે ચૂં કે ચાં કરે?

છતાં અહિંસક પ્રજાના દબાણને વશ થઈ બંધારણમાં એક લૂલી કલમ ૪૮ દાખલ કરવામાં આવી. લૂલી એ માટે તેનો એક મુસદ્દો દ્વિઅર્થી છે અને 'મોર્ડન' તથા 'સાયન્ટીફિક' લાઈનના ઓઠા નીચે કતલખાના સિવાય બીજી રીતે પશુઓને ખતમ કરવાના દરવાજા ખુલ્લા કરી આપે છે.

કલમ ૪૮ના આધારે ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને બિહારનાં રાજયોમાં સંપૂર્ણ ગોવધબંધીના કાયદા અમલમાં આવ્યા. તરત નેહરુએ એ ત્રણે રાજયોને પત્ર લખી જણાવ્યું કે તેઓ 'કલમ ૪૮નો જે અર્થ કરતા હતાં તે બરાબર ન હતો અને આ જાતનો કાયદો કરવાથી દૂર રહેવું.'

અધુરામાં પુરું, જેમ અંગ્રેજો પોતાના સ્વાર્થ ખાતર મુસલમાનોને હાથા બનાવતા હતા, આપણા કહેવાતા ગાંધીવાદી

નેતાઓએ પણ એમ જ કર્યું. ગોવધબંધીના કાયદાના અમલને તદ્દન નિષ્ફળ બનાવવા માટે 'કિરાયે કે ટટ્ટૂ' જેવા પાંચે કસાઈઓ સુપ્રીમ કોર્ટે ચઢયા.

તેઓની દલીલો બેબુનિયાદ અને તદ્દન વાહિયાત હતી. સુપ્રીમ કોર્ટે ગાયોના વધની સંપૂર્ણ બંધી કાયદેસરની ઠરાવી અને તેની સાથે સરકારને એક વધુ છટકબારી દીધી. 'મુસ્લિમોને પોષણ માટે ગોમાંસ મળે અને તેમના ધંધા બંધ ન પડે...'એ માટે નિરુપયોગી પશુઓના કતલની છૂટ આપી.

મારી દ્રષ્ટિએ આ ચુકાદો કસાઈઓની દલીલોને પણ આંટી જાય તેવો હતો પરિણામ? 'અંગ્રેજી રાજય કરતાં પણ કોંગ્રેસી રાજયમાં ગાયોની કતલ પાંચ ગણી વધી ગઈ. ૧૯૬૯ની બીજી વિશ્વડેરી પરિષદ (જીનિવા)માં મળી ત્યારે અહિંસાને વરેલા ભારતના પ્રતિનિધિએ શું પ્રસ્તાવ મૂકયો હતો એ તમે કલ્પી શકો છો?

'ભારતની ૮૦ ટકા ગાયો બિલકુલ નકામી છે, પણ તેને કાપી નાંખવામાં અમારી પ્રજાની ધાર્મિક લાગણી આડી આવે છે, માટે અમારી પ્રજાની લાગણીને આઘાત પહોંચાડયા સિવાય તેમને કેમ ખતમ કરવી તેના ઉપાયો આપણે અહીં પરિષદમાં શોધી કાઢવા.'

ભારતની ગાય કયારેય નકામી કે નધણિયાતી નહોતી. 'એ તો દરેક હિંદુ કે મુસ્લિમ ઘરમાં તેના કુટુંબીનું સ્થાન પામીને રહી હતી. હિંદુ તો ઠીક મુસલમાન પણ પોતાની ગાયને કે બળદને કતલખાને વેચવા તૈયાર ન હતો....'

અને ગાંધીવાદી સરકાર આપણી ગાયો વેચવા અને કતલ કરવા કટિબદ્ધ થઈ ગઈ. આપણા પશુધનનો વિનાશ નોતરી તેમના લોહી, માંસ, હાડકાં, ચામડાંની નિકાસ દ્વારા હૂંડિયામણ મેળવવાનો આ પણ એક માર્ગ છે.

કોંગ્રેસ પછી જનતા સરકાર આવી અને ચુસ્ત ગાંધીવાદી મોરારજીભાઈ દિલ્લીના સિંહાસને બિરાજયા. ૩૧ ઓગસ્ટ ૧૯૭૭ના રોજ કૃષિ ગોસેવા સંમેલનનું ઉદ્‌ઘાટન કરતા તેમણે જાહેર કર્યું કે, 'લોકોએ ગાયનું જ દૂધ પીવું જોઈએ અને ગોસંવર્ધન કરવું જોઈએ.'

ભોળા પ્રજાજનોએ માની લીધુ, કમસેકમ હૂંડિયામણ માટે થતી ગાયોની કતલ માટે થતી જીવતી ગાયોની નિકાસ હવે બંધ થશે. થયું ઊલટું જ. 'આર્થિક ક્ષેત્રે માંસ નિકાસમાં ૧૯૦ ટકા વધારો થયો.'

એટલે કે ગાય તથા ભેંસ સાથે બીજા પશુધનનો પણ કચ્ચરઘાણ વળી ગયો.

અહીં વાંચકોએ એ પણ નોંધવું જરૂરી છે કે આજે હિંદુત્વનો પરચમ લહેરાવનારાઓ ત્યારે જનતા પક્ષમાં હતા અને કોઈનું રૂંવાડુંયે ફરકયું નહોતું.

ગાંધીજી કહેતા કે ગોવધ એ મનુષ્યવધ જેવો ગુનો છે અને ગાંધીજીના નામે ચરી ખાનારી સરકારે આપણા દેશમાં એક પછી એક કતુલખાનાઓ ખોલ્યા છે, અને વધુ ખોલતી જાય છે.

અબુલફઝલ આઈન-એ-અકબરીમાં લખે છે કે 'ગુજરાતની ગાયો રોજ ૬૪ શેર દૂધ આપે છે.' આજે એક ગાય પાંચ શેર આપે તો નવાઈ લાગે છે. પ્રખ્યાત ધારાશાસ્ત્રી ઠાકુરદાસ ભાર્ગવ તેના પુસ્તક 'કાવ ઈન એગો'ની માં લખે છે કે, 'ગઈ સદીમાં રોજ મણ દૂધ આપનારી ગાયો તથા ભેંસોનો વંશ કતલખાનાઓમાં નાશ પામી ચૂકયો છે.'

વાસુભાઈ જણાવે છે કે ભારતના ઈતિહાસમાં કોઈ સરકારે (મુસ્લિમ બાદશાહો સહિત) કતલનો ધંધો નથી કર્યો. આ અપયશ આપણી અહિંસાને વરેલી સરકારોના ફાળે જાય છે. (જનતા સરકારના નેતાઓએ સત્તાગ્રહણ કરતા પહેલા ગાંધીજીની સમાધી પર જઈ તેમનાં સ્વપ્નો સાકાર કરવાના સોગંદ લીધા હતા.)

'જેમને ધર્મની દ્રષ્ટિએ માંસાહારનો બધિ નથી એવા ૯ કરોડ માનવીઓ (આ આંકડો લગભગ ૧૫ વર્ષ પહેલાનો છે.) ભારતમાં છે. હિંદુ ધર્મ માંસાહારની છૂટ નથી આપતો છતાં આશરે ૨૦ કરોડ હિંદુઓ એવા હશે જેઓ માંસાહારના નિષેધને અવગણીને માંસાહાર કરવામાં વાંધો નથી ગણતા. આમ ૨૯ કરોડ માંસાહારતરફી પ્રજામાં રોજ કેટલા મનુષ્યો માંસ ખાય છે? માંસના ઉત્પાદન અને પશુહત્યાના આંકડા જોતા એમ લાગે છે કે ભાગ્યે જ ૮૭ લાખ માણસોને માંસ ઉપલબ્ધ છે?

અર્થાત ગોહત્યા પ્રતિબંધ/ ધારો (કલમ ૪૮) જે બંધારણ દ્વારા પાસ થયો છે અને નહેરુ સરકારની કુટનીતિના કારણે અભરાઈએ ચઢી ગયો છે, તેના પર અમલ કરવો મુશ્કેલ નથી. કમસેકમ હિંદુ ધર્મનો ઉદ્ધાર કરવા નીકળેલી ભાજપની સરકારો તો એમ કરી શકી હોત!

અફસોસ કે તેઓએ પણ એમ ન કર્યું. વિશેષમાં હિંદુઓ સહિત સમસ્ત દેશના લાભના આ મુદ્દા પરથી સફળતાપૂર્વક તેમણે પ્રજાનું સમગ્ર ધ્યાન રામજન્મભૂમિની સમસ્યા પર કેંદ્રિત કર્યું. આથી નુકસાન માત્ર હિંદુઓનું જ નથી થયું. સમસ્ત પ્રજાનું થયું છે અને જયાં સુધી પશુધનની બેફામ કતલ થતી રહેશે પ્રજા નુકસાન ભોગવતી રહેશે.

આપણુંણુ દરીક પશુએ સરેરાશ બે હજાર રૂપિયાની મૂડી છે. બે હજાર રૂપિયામાંથી જેટલું વ્યાજ આપણે મેળવી શકીએ તેના કરતા ઘણી વધારે આવક આપણે આ પશુઓ પાસેથી મેળવી શકીએ છીએ.

દા.ત. એક ગાય વર્ષે ૧૮૦૦ રૂપિયાનું દૂધ અને ૫૦૦ રૂપિયાનું બળતણ કે ખાતર છાણ દ્વારા આપે છે. બળદ ૧૮૦૦ રૂપિયાની મજૂરી અને ૫૦૦ રૂપિયાનું ખાતર આપે છે. આ પરથી વાચકોને એ પણ ખ્યાલ આવી ગયો હશે કે ગાય દૂધ આપવાનું બંધ કરે છતાં તે અનાર્થિક કયારેય નથી થતી અને આ જ ગેરસમજ દ્વારા આપણા પશુધનનું નિકંદન નીકળી રહ્યું છે.

'આપણે આપણાં ઘેટાંઓને પણ માંસ માટે કતલ કરવાને બદલે જો દૂધ અને ઊન માટે ઊછેરીએ તો ૪૫૦ કરોડ રૂપિયાનું ખાતર, આશરે ૪૦ કરોડ રૂપિયાનું ઊન અને ૫૦૦ કરોડ રૂપિયાનું દૂધ મેળવી શકીએ. તેને બદલે તેને માંસ માટે કતલ કરી ૨૭ કરોડ રૂપિયાનું ઊન આયાત કરીએ છીએ અને હજારો વણકર કુટુંબોને બેકાર રાખીએ છીએ.'

જયારે પણ નવું આધુનિકતમ કતલખાનું ખુલ્લું મુકાય છે, પ્રજાનો એક વર્ગ (ખાસ કરીને જૈન સંસ્થાનો) પોતાનો વિરોધ દર્શાવવાનો શકય તેટલો પ્રયાસ કરે છે અને સત્તાપક્ષ તેને એક જ ઉત્તર દે છે- આ તો ડેમોક્રેસી છે. કસાઈઓને રોજીરોટી મળે એનો પણ ખ્યાલ રાખવો પડે.

પ્રશ્ન આ છે કે આપણા દેશમાં કસાઈઓ કેટલા? આંગળાના વેઢે ગણી શકાય એટલા. ડેમોક્રેસીમાં ૯૯ ટકા લોકોની ઈચ્છા વિરુદ્ધ સુવર્ણ અંકુશ ધારો લાદી શકાય, ધંધો કરવાના લોકોના અધિકારન કચડી નાખીને ખાંડનાં કારખાનાંઓનાં પ્રદેશના ખેડૂતોને તેમની શેરડીમાંથી ગોળ બનાવતા અટકાવી શકાય, પવિત્રધામોમાં કરોડો રૂપિયાના ખરચે માછલી મારવાના ખૂની ઉદ્યોગો વિકસાવી શકાય પણ ગોવધ બંધ ન કરી શકાય.

'૧૯૫૧-૫૨થી ૧૯૫૫-૫૬નાં વરસોમાં નહેરુ સરકારે વરસે સરેરાશ ૨૩ લાખથી વધુ વાછડાં પાંચ જ વરસમાં મારી નાખ્યાી વરસે ૫૦ લાખની સરેરાશથી ગાયો કાપી નાખી અને ત્યાર બછી ગાયો તથા ઘેટાંલબકરાં કાપવાની પંચવર્ષીય યોજનાઓ તૈયાર કરી.'

ગાયોના નિકંદન દ્વારા દૂધનો દુકાળ પેદા થયો. એટલે પરદેશી ડેરીઓના દૂધના પાવડર માટે બજારના દ્વારા ખુલ્લા મૂકાયા. પછી ભેંસોની કતલ ચલાવીને શુદ્ધ ઘીના સ્થાને નુકસાન કારક વનસ્પતિ ઘી ઘુસાડી દેવામાં આવ્યુણુ. ત્યાર પછી આવ્યું ગંધાતું બટર ઓઈલ અને ઘીમાં ભેળસેળ કરવા માટે વેપારીઓને મોકળું મેદાન મળી ગયું.

ખાસ ગરીબોના લાભ માટે બજારમાં મૂકાયેલા વનસ્પતિ ઘીનો ઈતિહાસ આજની પ્રજા ભાગ્યે જ જાણતી હશે! સહુ પ્રથમ વનસ્પતિનું કારખાનું હોલેન્ડમાં નાખવામાં આવ્યું. તેના કારણે ગળાના રોગો વધતા ત્યાંના ડૉકટરોએ ઊંડી તપાસને અંતે તેને બંધ કરવાની સરકારને સલાહ આપી. તરત હોલેન્ડની સરકારે એ કારખાનું બંધ કરાવ્યું અને તે કારખાનું ભારતમાં લાવવામાં આવ્યું.

ઈ.સ. ૧૯૫૨માં મળેલી ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીની મીટીંગ (અમદાવાદ)માં બે વિરુદ્ધ તમામ મત વડે ઠરાવ પસાર થયો કે ભારતમાં વનસ્પતિનું ઉત્પાદન, વેચાણ, આયાત અને નિકાસ સંપૂર્ણપણે તાત્કાલિક બંધ કરવા આ ઠરાવને વિરોધ કરનારી બે વ્યકિતઓ હતી જવાહરલાલ નહેરુ તથા અબુલ કલામ આઝાદ.

ઠરાવ પસાર થયો પણ નહેરુએ તેનો અમલ કરવાની ના પાડી દીધી. આજે ૪૬ વરસ સુધી એ.આઈ.સી.સી.ના એ ઠરાવનો અમલ કરવાની તો શું તેની યાદ અપાવવાની પણ કોઈ બહાદુર કોંગ્રેસીએ હિંમત કરી નથી.

'જે દેશ દર વરસે વનસ્પતિ ઉદ્યોગ ચલાવવા ખાતર પ્રજાને ૩૧ અબજ રૂપિયાનું નુકસાન કરે (જુઓ આંકડા, ભાગ ત્રીજો, પાનું ૫૪) અને દર વરસે આઠ અબજ રૂપિયાની પશુઓ રૂપી મૂડીનું માત્ર વનસ્પતિ ઉદ્યોગ ચાલ રાખવા માટે જ નિકંદન કાઢે તે દેશમાંથી કદીયે ગરીબા હઠે ખરી?

મુસલમાનો હજીય એ ભ્રમમાં હોય કે ગોવધ પ્રતિબંધ નીતિ જોડે ફકત હિંદુઓને જ લાગે વળગે છે તો તેઓ જાણી લે કે ૧૯૬૮-૬૯માં ત્રણ કરોડ બાળકો આંધળાં હતાં. ગામડાંઓમાંથી ગાયો તેમજ દૂધ (પોષણ) દૂર થતા ફકત દસ વરષમાં બીજાં દોઢ કરોડ બાળકો આંધળા બન્યાં હતાં. આજે (સીત્તેરની દશકમાં) આંધળાં બાળકોની સંખ્યા સાડાચાર કરોડની થઈ છે. એટલે કે દર સો માણસોએ સાત બાળકો આંધળાં છે અને આ સાતમાંથી એક મુસલમાન છે.

'મુસ્લિમોને ગોવધની નીતિને કારણે હિંદુઓ જેટલું જ કદાચ હિંદુઓ કરતાં વધુ નુકસાન થયું છે અને હજી થાય છે, તે તેઓને સમજવામાં આવતું નથી. તેમને તો ધર્મના નામે અને ગોમાંસ ખાવાના અધિકારને નામે (જો કે આવો કોઈ અધિકાર કોઈ પણ ધર્મનો છે જ નહિ, કોઈ શકે પણ નહિ) ગોવધબંધીની હિંદુઓની માગણી સામે અગાઉ અંગ્રેજો [illegible]કેરતા હતાઅને હવે અંગ્રેજોકરતા પ[illegible] વધારે ઉગ્રતાથી સેકયુલર છાપના [illegible]હિંદુઓ ઉશ્કે[illegible] છે અને એ રીતે ચૂંટણીમાં તેમના મત મેળ[illegible] છે.

દિલ્લી એટલે એક જમાનામાં દૂધ ઉત્પાદનનું મોટું કેન્દ્ર, તે મુંબઈને ભેંસો પૂરી પાડે, હરિયાણા-કલકત્તાને ગાયો પૂરી પાડે, અને હવે દિલ્લી તથા કલકત્તાને ગુજરાતમાંથી પાઉડરનું દૂધ આયાત કરવું પડતું હોય તો એનો અર્થ એ થયો કે

(અનુસંધાન પાન ૨ પર)

VINIYOG

## ગાયનું નિકંદન (૪ થા પાનાનું ચાલુ)

હરિયાણાની ગાયો અને દિલ્લીની ભેંસોનું સંપૂર્ણ નિકંદન નીકળી ગયું છે.

ગાય-ભેંસોનું નિકંદન એટલે શુદ્ધ, સસ્તા, ઘી-દૂધ તથા છાણની અછત.

છાણની અછત થતા ગામડાંઓના ચૂલાઓ માટે બળતણ (છાણા)ની અછત..

બળતણની અછત ઊભી થતા વૃક્ષો કપાય અને જંગલોનું નિકંદન નીકળે.

જંગલો ન રહેતા નદીઓ સૂકાય અને પાણીની અછત. જેમ ડાકુઓ ટ્રેન લૂંટે તેમ દક્ષિણ ભારતમાં આજે પાણી માટે ટ્રેનો લૂંટાય છે. (ટાઈમ્સઃ એપ્રિલ-૯૬)

મહાત્મા ગાંધીએ આઝાદ ભારતનું જે સ્વપ્ન જોયું હતું તે શું આજ હતું? 'તા. ૨૯ જાન્યુઆરી ૧૯૪૮ની રાતે પ્રાર્થના સભામાં તેઓ બોલ્યા કે નહેરુ.... પરદેશી રાજકારણના નિષ્ણાત છે. પરંતુ આ દેશના વડાપ્રધાનપદ માટે અયોગ્ય છે. પણ આ ભૂત સમજાતાંની સાથે જ બીજે દિવસે તેમનું ખૂન થયું....'

'ગાંધીજી ઉપર સહુથી વધુ ઉપકાર કર્યો હોય તો પેલા ગોડસેએ, એમ નથી લાગતું?'

વાસુભાઈ જે ગાંધીવાદી હતા, સ્વાતંત્ર્ય સેનાની અને ગોરક્ષક હતા, વૈદિક સંસ્કૃતિના ઉપાસક હતા તે પણ આજે આપણી વચ્ચે નથી. ગાંધીજી ઉપર ગોડસેએ ઉપકાર કર્યો. તેમ વાસુભાઈ પર ઈશ્વરે કૃપા કરી હોય તો નવાઈ નહિ, નહિતર આજે ગ્લોબલાઈઝેશનના નાગે વેચાઈ રહેલા ભારતના આંસુ જોઈ તે તરફડી તરફડીને મૃત્યુ પામ્યા હોત.

સર ટોમસ રો ઈંગ્લેંડની સરકારના એલચી તરીકે શહેનશાહ જહાંગીરના દરબારમાં આવ્યો અને ભારતમાં વેપારી પેઢી ખોલવાના બહાને સૂરતમાં ગઢ બાંધવાની પરવાનગી મેળવી. આજે ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે.

કારગીલ નામની અમેરિકન કંપની ઈસ્ટ ઈન્ડિયા કંપની કરતાંય મોટી છે અને દુનિયાનાં બધાં બંદરોમાં અને બજારોમાં અબજો ડોલરનો વેપાર કરે છે. કેટલાય દેશોની ખનીજ સંપત્તિ તથા ખેતી આ કંપનીએ લખાવી લીધી છે. ૨ જુલાઈ ૧૯૯૨ના રોજ ભારતનો વારો આવ્યો. કચ્છમાં ખાડી પર આવેલા કંડલા બંદરના સામા કાંઠે એટલે પૂર્વ દિશાએ ૧૫૦૦૦ એકર જમીનની તેણે મીઠું પકાવવા માટે માગણી કરી અને વગર વિચાર્યે તે દરખાસ્ત ભારત સરકારે મંજૂર પણ કરી લીધી.

આ દેશ કોનો છે? આપણે સુજલામ, સુફલામ ગાઈએ છીએ તે જમીન અને પાણી કોનાં છે? આ જ મુદ્દાઓને લઈ જયોર્જ ફર્નાન્ડીઝે ગુજરાત હાઈકોર્ટને દરમ્યાન થવાની વિનંતી કરતી 'રીટ' કરી છે. (સંદેશ સાપ્તાહિક પૂર્તિ, ૧૬-૫-૯૩)

દેશ વેચવાની આ તો હજી શરૂઆત છે. આપણી જ ધરતી પર આપણા જ પશુધનની કતલ કરવાનો પરવાનો માંસાહારીઓની પ્રિય 'મેકડોનાલ્ડ' નામની જગપ્રસિદ્ધ અમેરિકન કંપનીને મળી ગયો છે. તેમની ખાસ વાનગીઓમાં હેમ બર્ગર (ડુક્કરના માંસમાંથી) બિફ સેનડવીચ (ગાયના માંસમાંથી) ચિકન રોલ્સ (મરઘાના માંસમાંથી) અને મટન બર્ગર જેવી આઈટમો (બકરાના માંસમાંથી) છે.

આ માંસ મેળવવા માટે તેઓ પશુઉછેર કેંન્દ્રો સ્થાપી, કાયદેસર પશુઓની કતલ કરી ફાસ્ટ-ફુડના રૂપાળા નામે ગામેગામ ઘૂસી જશે (જેમ કોકાકોલા ઘૂસી હતી) અને ત્યારે પણ આપણને આપણા કહેવાતા ગાંધીવાદીઓ તથા હિંદુત્વના ઉદ્ધારકોએ મસ્જિદ-મંદિરના કળાગમાં ખૂંતાડી રાખ્યા હશે, કારણ કે એ સર્વની ભલાઈ એમાં છે કે આપણું ધ્યાન બીજે ક્યાંય ન દોરાય બલ્કે એવી ક્ષુલ્લક સમસ્યાઓમાં ઘેરાયેલું રહે કે છતી આંખે આપણે આપણી જ ભલાઈ જોઈ ન શકયે. રાજનીશ ખરું જ કહેતા હતા- આપણે અદ્ભુત આંધળા છીએ.

૧૭/૧૧/૯૩ સંદેશ, બુધવાર

# સ્વાવલંબનની ભ્રાંત કલ્પનાને છોડ્યા વગર ભારત પગભર થવાનું નથી

## બુકશેલ્ફ

વીરેન્દ્ર પારેખ

ગૂંચવાડો ઊભો કરવામાં ડાબેરીઓને કોઇ ન પહોંચે. કાળાને ધોળું અને ધોળાને કાળું ચીતરવાનો કસબ એમને હાથવગો છે. તેઓ સમસ્યાને ઉકેલ તરીકે અને ઉકેલને સમસ્યા તરીકે બેધડક રજૂ કરી શકે છે.

નવી આર્થિક નીતિના વિરોધમાં કેટલાક જાણીતા સમાજવાદીઓએ લખેલું આ નાનું પુસ્તક વાંચીને ઉપરના વિચારો આવ્યા. આ પુસ્તકનો ઉદ્દેશ નવી આર્થિક નીતિનાં ભયસ્થાનો અંગે જનતાને જાગ્રત કરવાનો છે. વાસુદેવ મહેતાએ તેમની અનન્ય શૈલીમાં કહ્યું છે કે વનમાં આગ લાગી હોય ત્યારે એક ચકલી પણ ચાંચમાં પાણીનું ટીપું લઇ જઇને તે ઓલવવા મથે છે એ ભાવનાથી આ પુસ્તક પ્રગટ કર્યું છે. નવી આર્થિક નીતિ દેશને ઔદ્યોગિક પાયમાલી અને આર્થિક રાજકીય ગુલામી તરફ દોરી જશે. તેમાંથી ઊગરવું હોય તો વિદેશી માલ, વિદેશી મૂડી અને વિદેશી તંત્રવિદ્યાનો મોહ છોડી સ્વદેશીના ગાંધીચીંધ્યા માર્ગે વળવું જોઇએ એવું લેખકોનું મંતવ્ય છે. અર્થનીતિનું ફલક ઘણું વિશાળ છે. પરંતુ લેખકોએ ઉચિત રીતે જ મહત્ત્વના ત્રણ-ચાર મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરીને ભાવિનું બિહામણું ચિત્ર રજૂ કર્યું છે.

લેખકોના મતે ૧૯૯૧માં આઝાદીનું અવમૂલ્યન થઇ ગયું. એ વર્ષે વિદેશી લોન મેળવવા માટે પાશ્ચાત્ય દેશોના દબાણ નીચે ચાર દાયકા જૂની નીવડેલી અર્થનીતિને તિલાંજલિ અપાઇ. આયોજિત વિકાસનું સ્થાન હરીફાઇએ લીધું. સબસિડીઓ ઘટાડાઇ. જાહેર ક્ષેત્રની પાંખો કાપવાની શરૂઆત થઇ. વિદેશી માલ પરની જકાત ઓછી કરાઇ. વિદેશી મૂડી અને ટેક્નૉલૉજીને આકર્ષવા માટે સઘન પ્રયાસો હાથ ધરાયા. બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે લાલ જાજમ બિછાવાઇ. લેખકોના મતે આ તમામ પગલાં આપણી આર્થિક આઝાદીના ઇનકાર સમાં છે, કારણ કે તે પરદેશીઓના કહેવાથી લેવાયાં છે. આર્થિક નીતિમાં પરતંત્રતા આવ્યા પછી વિદેશનીતિની સ્વતંત્રતા ઝાઝું ટકી શકશે નહીં. ઇઝરાયલને અપાયેલી માન્યતા તેની નિશાની છે.

લેખકોના મતે નવી આર્થિક નીતિના પરિણામે ઉદ્યોગ, ધંધા, વેપાર અને સમગ્ર આર્થિક ગતિવિધિનો દોર વિદેશી મૂડીવાદીઓના હાથમાં જતો રહેશે. ભારતીય ઉદ્યોગપતિઓ ઔદ્યોગિક સાહસિકો મટીને બહુરાષ્ટ્રીય કંપનીઓના દલાલો બની જશે. બહુરાષ્ટ્રીય કંપનીઓની હરીફાઇમાં દેશી કંપનીઓ ટકી શકશે નહીં. ઔદ્યોગિક ઉત્પાદન ઘટશે, ભાવવધારાને રોકી નહીં શકાય અને તેને પરિણામે ખરીદશક્તિ ઘટતાં ઉત્પાદન ઘટાડવાની ફરજ પડશે. થોડા જ સમયમા વિદેશી કંપનીઓ સાથે જેમને ગઠબંધન નથી એવા ઉદ્યોગોને ફડચામાં લઇ જવા સિવાય કોઇ વિકલ્પ નહીં રહે. પરદેશથી યંત્રો અહીં આવ્યા જ કરે અથવા પેટન્ટથી બનાવ્યા કરે તો અહીં કશું નવું બની જ ન શકે. રિસર્ચ સંસ્થાઓને તાળાં મારવાનાં થાય: અંધજન આગળનાને ખભે હાથ મૂકીને ચાલે તેમ પરદેશી ઉદ્યોગોનો સહારો લઇને ચાલવું પડે. ઔદ્યોગિક દેશો માટે ભારત એક કોલોની બની જાય.

લેખકોની ધારણા છે કે નિકાસ ધાર્યા પ્રમાણે વધી શકશે નહીં. વિદેશી કરજનો ડુંગર વધતો જશે અને એક સમય એવો આવશે કે જૂનું કરજ ચૂકવવા માટે પણ આપણે નવું કરજ લેવું પડશે.

એક્ઝિટ પોલિસી સામે લેખકોનો ઉગ્ર વિરોધ છે. તેમના મતે એક્ઝિટ પોલિસી એટલે જાહેર તેમ જ ખાનગી ક્ષેત્રનાં કારખાનાંઓમાં કામ કરનારા કામદારોને બહાર નીકળવાનો રસ્તો બતાવવો. તેઓ માને છે કે ખોટ કરતા એકમો બંધ કરવાની છૂટ અપાશે તો લાખો મજૂરો બેકાર થશે, સામાજિક તંગદિલી વધશે. જમીનના વધેલા ભાવોનો લાભ લેવા માટે સાજા એકમોને પણ માંદા પાડવાની પેરવી થશે.

આપણા ઉદ્યોગોને પાયમાલીથી, મજૂરોને બેકારીથી, દેશને કરજના ડુંગરથી અને અર્થતંત્રને બેહાલીથી બચાવવાંહોય તો સ્વદેશી એ જ તરણોપાય છે એમ લેખકો માને છે. સ્વદેશી માલની વ્યાખ્યા આપતાં ગાંધીજીને ટાંકીને તેઓ કહે છે કે માત્ર ભારતમાં બને, ભારતની મૂડીથી બને, જેનાથી અભણ, ગ્રામીણ, ગરીબ સહિત સૌને રોજી મળે અને દેશની એંશી ટકા વસતિને લાયક ભાવતાલ, વપરાશ બાબતે હોય તે માલ સ્વદેશી ગણાય. કાચો માલ અહીંનો હોવો જોઇએ અને તેના ઉત્પાદનનાં સાધનો શક્ય હોય ત્યાં સુધી દેશમાં બનાવેલાં હોવાં જોઇએ.

એક રીતે જુઓ તો આ પુસ્તકમાં નવું કશું નથી. આત્મનિર્ભરતા યાને સ્વાવલંબન, આયોજિત વિકાસ, જાહેર ક્ષેત્રની મહત્તા, વિદેશી મૂડીની સૂગ અને ખાનગી ક્ષેત્રના અવિશ્વાસનું સમાજવાદી પારાયણ આપણે આ જ ભાષામાં દાયકાઓથી સાંભળતા આવ્યા છીએ. દારૂ તો ઠીક, બૉટલ પણ જૂની છે. લેખકોની દેશભક્તિ અને ગરીબો પ્રત્યેની દાઝ શંકાથી પર છે; પરંતુ અર્થશાસ્ત્રની તેમની સમજ ઉપરછલ્લી અને અધૂરી છે.

પુસ્તકમાં પ્રથમ બે પ્રકરણને વાસુદેવ મહેતાની રસાળ શૈલીનો લાભ મળ્યો છે. આ સમીક્ષા લખનાર તેમના વિચારો સાથે સહમત નથી, પરંતુ તેમની રજૂઆત અને શૈલી પર આફરીન છે. કમનસીબે, બીજાં બધાં પ્રકરણોની ભાષા શુષ્ક, નીરસ, બીબાઢાળ અને તરજુમિયા છે. આટલા નાના પુસ્તકમાં પણ પાર વગરનું પુનરાવર્તન છે. કેટલાક ગંભીર મુદ્રણદોષો છે. "રાહ જોવી નહીં પડે" ને બદલે "રાહ જોવી પડે"; "ધોરી માર્ગ છે" ને બદલે "ધોરી માર્ગ નથી" છપાયું છે.

પરંતુ પુસ્તકની સૌથી મોટી ખોડ એ છે કે તેનો વૈચારિક પાયો બોદો છે. લેખકો સમાજવાદના નશામાં ઘેઘૂર બનેલી લાલઘૂમ આંખે દુનિયા જુએ છે, ફટાફટ અભિપ્રાયો આપે છે અને બેધડક આગાહીઓ કરે છે. પરંતુ વાસ્તવિકતા સાથે તેનો મેળ બેસતો નથી.

લેખકો જે પ્રકારના સ્વાવલંબનની હિમાયત કરે છે તે નીતિને આપણે ચાર દાયકા સુધી અનુસર્યા છીએ. આપણી અવદશામાં તેનો મોટો ફાળો છે. સ્વાવલંબનને નામે આપણે વિદેશી આયાત અને તંત્રવિદ્યાની આયાત પર કડક અંકુશો મૂક્યા. વિદેશી મૂડીને તુચ્છકારી ભારે ઉદ્યોગોને અગ્રિમતા આપી. પાયાની સવલતોનો અભાવ, બિનઅનુભવ, અણઆવડત અને જૂની તંત્રવિદ્યાને કારણે આ ઉદ્યોગોનું ઉત્પાદન વિદેશી હરીફાઇ સામે ટકી શકે એમ હતું જ નહીં. જે દેશી ઉદ્યોગોને ઘરઆંગણાના ભારે ઉદ્યોગોનો માલ વાપરવાની ફરજ પડી તેમનો ઉત્પાદનખર્ચ ઊંચો ગયો અને ગુણવત્તા કથળી. દેશમાં બનતો માલ વિદેશી હરીફાઇ સામે ટકે એમ ન હોવાથી આયાતો પર અંકુશો મુકાયા. આમ પણ સ્વાવલંબન માટે આયાતબંધી જરૂરી હતી જ. હજી એક વસ્તુ બાકી હતી. ભારે ઉદ્યોગો ખીલવવા માટે સરકારને મોટા પ્રમાણમાં મૂડી જોઇતી હતી. જો આંતરિક મૂડીરોકાણ પર અંકુશ ન મુકાય તો વપરાશી માલના ઉદ્યોગો તરફ મૂડી ખેંચાઇ જાય અને સરકાર જેને મહત્ત્વના સમજતી હોય તેવા ઉદ્યોગો માટે નાણાં મળે નહીં. તેથી આયોજિત વિકાસને નામે ખાનગી ક્ષેત્રની પાંખો કાપી નાખવામાં આવી. ઉદ્યોગો માટે લાઇસન્સો લેવાં ફરજિયાત બન્યાં.

આ વિકાસનીતિને કારણે વિકાસ રૂંધાઇ ગયો. દેશમાં મોંઘો અને ઊતરતી કક્ષાનો માલ બનતો થયો. ઉદ્યોગપતિઓને તેની લેશમાત્ર ચિંતા ન હતી, કારણ કે દેશી કે વિદેશી હરીફાઇનો સવાલ જ ન હતો. સમગ્ર અર્થવ્યવસ્થા ગ્રાહકોને ખંખેરવાનું એક વિરાટ કાવતરું બની ગઇ કારણ કે સમાજવાદી આયોજિત અર્થતંત્રમાં ઉત્પાદક રાજા છે, ગ્રાહક તેનો ઓશિયાળો ગુલામ છે.

સ્વાવલંબનનો એક બીજો, વધુ સાચો અને ઉપકારક અર્થ છે જે લેખકોએ શીખવાની ખાસ જરૂર છે. સ્વાવલંબન એટલે આપણને જે તંત્રવિદ્યા, કાચો માલ કે વપરાશી માલ જોઇતો હોય તે દુનિયાની બજારમાંથી આપણે આપણી પોતાની કમાણીમાંથી ખરીદી શકીએ. ઉછીઉધારા કે ભીખની લાલચ કરીએ નહીં. રાહતો કે પ્રોત્સાહનો માટે કરગરીએ નહીં. આ વિકાસનીતિ આયાત અવેજીકરણ નહી પણ નિકાસપ્રોત્સાહન પર આધારિત છે. તેનો મુખ્ય ઉદ્દેશ ઘરઆંગણે બનતા માલનો ઉત્પાદનખર્ચ ઘટાડવાનો અને ગુણવત્તા સુધારવાનો હોય છે. આ વિકાસનીતિ વિકેન્દ્રિત અને બહિર્મુખી હોય છે. દુનિયાભરમાંથી શ્રેષ્ઠ તંત્રવિદ્યા લાવવી, આપણા સંજોગોને અનુકૂળ બનાવવી, સસ્તામાં સસ્તો કાચો માલ લાવીને શ્રેષ્ઠ માલ તૈયાર કરવો એ ઉદ્યોગનીતિનો ઉદ્દેશ હોય છે. કાતિલ વિદેશી અને દેશી હરીફાઇને લીધે ઉદ્યોગપતિઓએ અત્યંત સતર્ક રહેવું પડે

:ામી પાછી લાવતી નવી અર્થનીતિનો જ

# સ્વદેશી

વાસુદેવ મહેતા
પી. ચિદમ્બરમ્
બટુક દેસાઈ
વિનોદ પાવખીવાળા

છે. હલકો કે મોંઘો માલ બનાવનાર ફેંકાઇ જાય છે. આવા અર્થતંત્રમાં નેતાઓ કે બાબુઓની દખલગીરી ચાલતી નથી. જે જે દેશોએ આ અર્થવ્યવસ્થા સ્વીકારી છે તેમણે જબરજસ્ત પ્રગતિ કરી છે.

વિદેશી મૂડી પ્રત્યેનો ભયમિશ્રિત તિરસ્કાર પાને પાને છલકાય છે. તેઓ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનાં સિન્ડ્રોમમાંથી બહાર નીકળી શકતા નથી. વિદેશી લોન અને વિદેશી ઇક્વિટી મૂડી વચ્ચે તેમને કોઇ ફરક દેખાતો નથી. વિદેશી મૂડીને પગલે પાયમાલી અને ગુલામી જ આવતી હોત તો દુનિયાના તમામ દેશો પોતાના દરવાજા બંધ રાખતા હોત અને બહુરાષ્ટ્રીય કંપનીઓ જ્યાં તક મળે ત્યાં ઘૂસી જવા તલપાપડ હોત. પરંતુ વ્યવહારમાં આપણે જોઇએ છીએ કે ચીન અને વિયેટનામ જેવા દેશો પણ વિદેશી મૂડીને આકર્ષવા મથે છે, જ્યારે આપણે બારણાં ઉઘાડાંફટાક મૂકીને બેઠા છીએ પણ કોઇ આવતું નથી. વિદેશી મૂડીને પગલે નવા ઉદ્યોગો સ્થપાય છે, રોજગારી વધે છે અને આવકો વધે છે. વિદેશી કંપનીઓ પોતાના ટર્નઓવરનો નાનકડો હિસ્સો ડિવિડંડ તરીકે પરદેશ મોકલે છે, પણ બાકીનાં નાણાં જે તે દેશમાં જ રહે છે અને તેનો લાભ સ્થાનિક અર્થતંત્રને મળે છે.

લેખકોએ ધારી લીધું છે કે ભારતીય ઉદ્યોગો વિદેશી હરીફાઇનો સામનો કરી શકશે નહીં. શરૂઆતમાં એવા દાખલા બનશેય ખરા. પણ યાદ રાખીએ કે આપણા

અનુસંધાન ૧૧મે પાને

છઠ્ઠા પાનાથી ચાલુ

ઇજનેરો, મૅનેજરો, ટેક્નિશિયનો કે વેપારીઓ દુનિયામાં કોઇથી ઉતરતા નથી. અમેરિકા, અખાતી દેશો, યુરોપ કે હૉંગકૉંગમાં ભારતીય કાતિલ હરીફાઇ સામે ઝઝૂમીને સમૃધ્ધ બન્યા છે. ઘરઆંગણે નિરમાવાળા કરસનભાઇ પટેલે હિન્દુસ્તાન લીવરને શિકસ્ત આપી હતી.

એક્ઝિટ પોલિસીનો સૂચિતાર્થ તો લેખકો સમજ્યા જ નથી. તેઓ મજૂરોની ઉમરાવશાહી (લેબર એરિસ્ટોક્રસી)ના પ્રવક્તાઓ હોય એવી છાપ પડે છે. એક્ઝિટ પોલિસીનો પ્રશ્ન લેખકોને સમજાયો છે એના કરતાં વધુ સંકુલ અને ઘણો જુદો છે. તે કામદારો વિરુધ્ધ માલિકોનો નથી પણ સંગઠિત કામદારો વિરુધ્ધ અસંગઠિત પ્રજાજનો અને બેકારોનો છે. જાહેર તેમ જ ખાનગી ક્ષેત્રના અનેક એકમો મરવાને વાંકે જીવે છે. તેમાં બેન્કોના અને સપ્લાયરોના અબજો રૂપિયા સલવાઇ ગયા છે. ઘણા એકમો વિશાળ જમીનો અને અન્ય અસ્કયામતો ધરાવે છે. તેમને વિધિસર બંધ કરીને ફડચામાં લઇ જવાય તો બેન્કોના, કામદારોના અને સપ્લાયરોના અબજો રૂપિયા છૂટા થાય. તેમાંથી નવસક્ષમ ઉદ્યોગો સ્થાપી શકાય.

એક રીતે આ વિવાદ સહિતો અને રહિતો વચ્ચેનો, નોકરીવાળાઓ અને નોકરી વગરનાઓ વચ્ચેનો છે.

રેલવેમાં, સરકારી નોકરીઓમાં, જાહેર ક્ષેત્રની કંપનીઓમાં જોઇએ તેના કરતાં અનેકગણા માણસો હોય છે. મોટા ભાગના આળસુ, ભ્રષ્ટ, તોછડા અને ખટપટી હોય છે. તેઓ તોતિંગ પગારો ખાય છે અને ભાગ્યે જ કશું કામ કરે છે. મજૂર કાયદાઓ અને યુનિયનોની તાકાત તેમના રક્ષણ માટે છે. યુનિયનબાજી બહુ કસદાર ધંધો છે. દાડિયાઓ, હમાલો, છૂટક મજૂરો, કારીગરો- એક શબ્દમાં ખરા શ્રમજીવીઓને મોંઘવારી અને બેકારી સામે કોઇ રક્ષણ ન મળતું હોય ત્યારે ગરીબ પ્રજાને ભોગે આ કામચોર જમાતને ટકાવી રાખવામાં સામાજિક ન્યાય છે ખરો?

બીજો મુદ્દો ઔદ્યોગિક પ્રગતિનો છે. આર્થિક નીતિ જેમ ઉદાર થતી જશે તેમ હરીફાઇ વધશે. હરીફાઇમાં ટકી રહેવા માટે યોગ્ય ફેરફારો કરવાની અને ન ટકી શકાય ત્યારે ધંધો બંધ કરવાની છૂટ ન હોય તો કોઇ સાહસિક નવો ઉદ્યોગ નાખવા તૈયાર ન થાય. હાલના મજૂર કાયદાઓ રોજગારીની આડે આવનારા છે. લેખકો આ બધું સમજવા તૈયાર જ નથી. એમને તો યુનિયન લીડરોની તાકાત વધારવી છે. દેશનું ગમે તે થાય.

છેલ્લો મુદ્દો સ્વતંત્રતાનો છે. કોની સ્વતંત્રતા? નેતા-બાબુઓની કે પ્રજાજનોની? નેહરુના જમાનામાં સામાજિક ન્યાયને નામે, આયોજિત વિકાસને નામે

સરકાર લોકોની કાંધ પર ચડી બેઠી હતી. આર્થિક સત્તા સમાજમાંથી ખસીને સરકારના હાથમાં કેન્દ્રિત થઇ હતી. નવી આર્થિક નીતિએ પ્રજાજનોને તેમની આર્થિક આઝાદી પાછી આપવાની શરૂઆત કરી છે.

વાસુદેવભાઇએ આપણી "સ્વતંત્ર" વિદેશનીતિનો ખરખરો કર્યો છે. નેહરુએ ઘડેલી કહેવાતી સ્વતંત્ર વિદેશનીતિ વાસ્તવમાં રશિયા અને આરબ દેશોની મોહતાજી કરનારી હતી. આપણી નજરમાં આપણે તટસ્થ, સિધ્ધાંતનિષ્ઠ, શાંતિપ્રિય હતા, દુનિયા આપણને વેદિયા, ભિખારી, ઘમંડી અને બેવકૂફ સમજતી હતી. રશિયાને બદલે અમેરિકાની અને આરબોને બદલે ઇઝરાયલની દોસ્તી કરી હોત તો દુનિયાના દેશોમાં આપણું ઘણું વધારે વજન પડતું હોત. પાકિસ્તાન અને બંગલા દેશ આપણને ચોંટિયા ભરવાની ગુસ્તાખી ન કરી શકત. પણ એ વિશે ફરી કોઇ વાર.

આજના ભારતમાં પોતાને પ્રગતિશીલ ગણાવતા ડાબેરીઓ, સમાજવાદીઓ અને સામ્યવાદીઓ જૈસે થેવાદી બનીને પરિવર્તનનો વિરોધ કરી રહ્યા છે, જ્યારે પરિવર્તનની, સુધારાની, ક્રાંતિની આગેવાની જમણેરીઓ પાસે જતી રહી છે. માર્કસ અને એન્જલ્સે કદાચ આવા ડાયાલેક્ટિક્સની કલ્પના નહીં કરી હોય.

(સ્વદેશી : લેખકો- વાસુદેવ મહેતા, પી. ચિદમ્બરમ્, બટુક દેસાઇ, વિનોદ પાવખીવાળા. પ્રકાશક : લોહિયા વિચાર ટ્રસ્ટ, "ડૉ. લોહિયા સદન", ઓઢવ રોડ, અમદાવાદ-૩૮૨૪૧૫, કિંમત રૂ. ૨૦, પાનાં ૮૪.)